( 'જ્ઞાનસુધા'માં પ્રસિદ્ધ થએલો )

# વિકૃતબુદ્ધિનો વિવાહ.

( ત્રણ અંકી પ્રહસન. )

લખનાર

**જીવનલાલ અમરશી મહેતા,**

"મહારાજા અશોક", "જીવનચરિત્ર વિષે ઈનામી નિબંધ",
"ધર્માજીરાવનું કુટુંબ", "શ્રીકૃષ્ણ-જીવન", તથા
"ઘરસંસારનો અનુભવ", વગેરેનો લખનાર.



સંવત ૧૯૫૬. નકલ ૫૦૦

અમદાવાદ :
ખમાસાને ચકલે, ભોગીલાલ નારણદાસ બોડીવાળાએ પોતાના
ધિ "નટવર" પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યો.

કીમત સાત આના.

# પ્રસ્તાવના.

પ્રાથમિક નિશાળો, હાઈસ્કૂલો, કૉલેજો વગેરેમાં વખતોવખત સમ્મેલનો કરવાની પદ્ધતિ રૂઢ થતી જાય છે, અને તે પ્રસંગે કોઈ નાટક અથવા તેમાંનો અમુક ભાગ ભજવી બતાવવાનો પ્રચાર પણ વધતો જાય છે. રંગભૂમિ ઉપર ભજવાતાં આપણાં હાલનાં નાટકો વિશેષે કરીને સ્ત્રીપાત્રવાળાં તથા અતિ શૃંગાર અને હાવભાવથી ભરેલાં હોય છે તેથી તેનો પ્રયોગ કરવામાં વિદ્યાર્થીઓના અમૂલ્ય વખતનો દુરૂપયોગ થવાનો તેમજ વિદ્યાર્થી અવસ્થાને અનુરૂપ હાવભાવ વગેરેને લીધે તેમના કુમળા મન ઉપર અનિષ્ટ પરિણામ થવાનો સંભવ છે. આ અડચણ ઓછી કરવાના હેતુથી પૂનાના પ્રોફેસર વામન ગોવિંદ કાળે એમ. એ. એ મરાઠીમાં 'વિક્ષિપ્તરાવ' નામનું સ્ત્રીપાત્ર વગરનું એક ત્રણ અંકી નાટક–પ્રહસન–લખી તેનો પ્રયોગ ત્યાંની ન્યુ ઇંગ્લીશ સ્કૂલના સમ્મેલન વખતે વિદ્યાર્થીઓ પાસે કરાવ્યો હતો. તે અત્યંત મનોરંજક અને સ્નેહમંદ થવાથી તેમણે તે પુસ્તક રૂપે છપાવી સન ૧૯૦૮ માં પ્રસિદ્ધ કર્યું છે. એ પુસ્તક, ગુજરાતી સાહિત્યમાં હાસ્યરસાત્મક લેખના જન્મદાતા–ગુજરાતના હાલના માર્કટવેન–રા. રા. રમણભાઈ મહીપતરામ નીલકંઠ બી. એ., એલ એલ બી.એ "જ્ઞાનસુધા" માટે પસંદ કરવાથી આ હાસ્યરસાત્મક નાટક ગુર્જર વાચકોની સેવામાં રજુ કરવા હું શક્તિમાન થયો છું. "જ્ઞાનસુધા"માં દાખલ કરવાનું પ્રોત્સાહન મળ્યું નહોત તો હું આ પ્રયાસ કરવા પ્રવૃત્ત નજ થાત; અને તેથી આ પ્રસંગે સાક્ષરોત્તમ ર. મ. નીલકંઠનો અત્યંત આભાર માનું છું.

મૂળ પુસ્તકનું શબ્દશઃ ભાષાન્તર ન કરતાં અનુકરણ કરેલું હોવાથી કોઈ કોઈ જગાએ સહેજસાજ ફેરફાર પણ કરવામાં આવ્યો છે. તેમ કરતાં ઓછી સમજ કે વિચારોની અપૂર્ણતાને લીધે મૂળ રચનામાં કદાચ બગાડો થયો હોય તો તે માટે હું જવાબદાર છું. આ હાસ્યરસાત્મક નાના લેખદ્વારા શિખામણની વાતો ગોખવવાનો શિક્ષકી હેતુ રાખેલો ન હોવાથી ( અને આવા પુસ્તકમાં તે હોય પણ નહિ ) આમાં ઉપદેશક સૂત્રો પ્રત્યક્ષ દર્શન દેતાં નથી. તેમ છતાં આમાં કાંઈ પણ મનોરંજક લાગે, વાંચનારના મનને ઘડી બે ઘડી કરમણૂક થાય તો તેનો સર્વ યશ મૂળ લેખક વિદ્વાન્ પ્રો. વા. ગો. કાળેનેજ ઘટે છે.

આ આખું નાટક કલ્પિત છે; પરંતુ કાગતાડન્યાયે વિકૃતબુદ્ધિના વિવાહને ઘણે અંશે મળતો આવે એવો બનાવ અમદાવાદમાં ત્રણ ચારેક વર્ષ ઉપર બન્યાની વાત આ અઠવાડીઆમાંજ મારા સાંભળવામાં આવી છે. આ વાતમાં સત્ય કેટલું છે તે હાલ હું ચોકસ કહી શકું તેમ નથી; પણ વાત કરનાર ગૃહસ્થ આબરૂદાર ને શાહ વેપારી છે. તેના કહેવા પ્રમાણે પચાસ સાઠ વર્ષની ઉમરના એક પૈસાપાત્ર વણિક ગૃહસ્થને પરણી પનોતા થવાની ઇચ્છા થતાં, કેટલાક કન્યાદલાલોએ ગુપ્ત ગોઠવણ કરી ત્રાગાળાના છોકરાની સાથે કે ફાતડાની સાથે તેને ગુપચુપ પરણાવી ત્રણેક હજાર રૂપીઆનો હાથ મારી લીધો હતો. આથી તે ગૃહસ્થ—આપણા વિકૃતબુદ્ધિની પેઠે—દાદા હરીની વાવમાં પડવા પણ તૈયાર થયા હતા. નાત પરનાતની કન્યા સાથે કે વિધવા સ્ત્રી સાથે પરણવાના તો ઘણા બનાવો બનતા હમણાં હમણાં જોવામાં આવે છે; પરંતુ આવી રીતે પુરૂષ પુરૂષનાં લગ્ન થયાનો બનાવ મારા જોવામાં કે સાંભળવામાં નથી આવ્યો. આ બનાવ ખરેજ બન્યો હોય તો વિકૃતબુદ્ધિના આ કલ્પિત વિવાહને વ્યવહારૂ રૂપ આપનાર એ ગૃહસ્થને આ પુસ્તક અર્પણ કરી શકાશે; અને તે સ્વીકારવા સર્વાંશે યોગ્ય પણ ગણાશે !

માનસિક મન્થન કાળ :
તા. ૧૩–૭–૧૦.

જી. અ. મહેતા.

# વિકૃતબુદ્ધિનો વિવાહ.

## અંક ૧ લો.

### પ્રવેશ ૧ લો.

( સ્થળ-રસ્તો. સોમેશ્વર પ્રવેશ કરે છે. )

સોમેશ્વર—એક સંસ્કૃત નાટકમાં કહ્યું છે, તે અક્ષરશઃ ખરૂં છે. આ ભિક્ષાવૃત્તિના ધંધાથી તો છેકજ કંટાળ્યા. આપણે તો પરણેત કે મારેત એ બરાબરજ છે. પણ હમણાં હમણાં તો લોક પણ એવા મૂર્ખ થવા લાગ્યા છે કે વાતજ નહિ ! નથી પરણતા કે નથી મરતા ! મરકી પોતાનો ઝપાટો પાછો ચલાવે તોએ અમારા જેવાનો દહાડો ફરે. ગમેતેમ પણ પહેલાંનાંજ માણસો સારાં. છોકરો નવ દસ વર્ષનો થાય એટલામાં તો તેનું ઘર ભેગો ક્યારે કરીએ એમ તેના માબાપને થતું, છોકરી સાત આઠ વર્ષની થાય એટલામાં તો તેને ચાર ફેરા ફેરવી દીધા વગર રહેજ નહિ. પહેલાંના લોકની સત્તા પણ જબરી. પચાસ સાઠ વર્ષનો ડોસો હોય તોપણ તેનો પાંચમી કે છઠ્ઠીવારનો વિવાહ તડાકાબંધ થતો. હાલના લોકમાં તો પાણીજ ન મળે. ચાળીસ પીસતાળીસ વર્ષનો જુવાન વર હોય તોએ કહે કે મારે હવે નથી પરણવું ! ને પરણે છે તે પણ કેવી રીતે ? જાણે કે ઢીંગલા ઢીંગલીનુંજ પરણેત ! ના મળે દક્ષણા કે ના મળે બ્રહ્મભોજન ! “ બાઈનું જેવું મોસાળું તેવાં એનનાં ગીત ” એ કહેવત પ્રમાણે અમે પણ તેમનાં કામ તેવીજ રીતે પળવારમાં પતાવી દઈએ છીએ. કેટલાક તો કહે છે કે અમે બ્રહ્મચારી રહીશું; અમે આમ કરીશું ને અમે તેમ કરીશું ! જાણે કે તેમના બાપદાદા તો મૂર્ખશિરોમણિજ હતા. જજમાનો પણ તેવાજ મળ્યા છે. જાણે સાક્ષાત્ કર્ણનાજ અવતાર. બિચારાને ઘેર

૭ ૭ મહિને પણ હાથ એઠા થતા હોય તો આ મારી જનોઇનાજ સોગન! અમારા પેલા વિકૃતબુદ્ધિને ચાળીસ વર્ષ થવા આવ્યાં તોય હજી કુંવારાજ! શું ઘરમાં પૈસો કાંઈ કમી છે? ખરેખર નામ પ્રમાણેજ ગુણ છે લોક કહે છે કે તેની તો બુદ્ધિ ફરી ગઈ છે, તે જરાએ ખોટું નથી. હશે. આજ તો તેની પાસે જઇએ ને જોઇએ કાંઈ વળે તેમ છે! હમણાં વળી તેના મનમાં પરણવાનું આવ્યું છે. પણ શું કાંઈ તેને એક વાંધો છે! કહે છે કે મારા બેટાથી બીજાનું બોલવુંજ બીલકુલ સહન થતું નથી. આપણે તો આડુંઅવળું લાંબું લાંબું ભરડયા સિવાય ચાલે નહિ. અમારૂં ઉદરપોષણ બોલવા ઉપરજ રહેલું, તે ન બોલીએ તો નભે કેમ? અમે બોલ્યાચાલ્યા વિના થાંભલા જેવા ઉભા રહીએ તો અમારો ભાવે કોણ પૂછે? મને કોઈ કહે કે શાસ્ત્રી મહારાજ સો રૂપીઆ લ્યો ને એક ઘડી ચુપ બેસી રહો તો તે મારા બાપથી પણ ન બને. પેલા બુદ્ધિ ફરેલાએ બહુ ન બોલનારી કન્યા ખોળી કાઢવાનું મને કહ્યું છે. પણ તે વરવેવિશાળનું કામ બોલ્યાચાલ્યા વગર બને કેવી રીતે! હશે. પ્રયત્ન તો કરી જોઇએ. "यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः" (પડદા તરફ જોઇને) અરે, પેલું કોણ આવે છે? એ તો વિકૃતબુદ્ધિના ભત્રિજા જશવંતનો બાઈબંધ શંખેશ્વર. (શંખેશ્વર પ્રવેશ કરે છે.)

**શંખેશ્વર**—કેમ ચૂરમેશ્વર—અરે ભૂલ્યો સોમેશ્વર મહારાજ! આજ કયાં ઠર્યું છે?

**સોમેશ્વર**—કંઈ હરકત નહિ. મને ચૂરમેશ્વર કહેવાથી ખોટું નહિ લાગે: તે તો મને પસંદજ છે. આ આખું અઠવાડીઉં કોરૂંજ ગયું છે, ને એક પઈની પણ પ્રાપ્તિ થઈ નથી.

**શંખે૦**—પણ તમે કયાં પધારો છો?

**સોમે૦**—મારા એક જજમાન પાસે જરા જાઉં છું.

**શંખે૦**—પણ તેનું નામ?

**સોમે૦**—વિકૃતબુદ્ધિ.

**શંખે૦**—અહો, કાલ બપોરેજ મેં તેને રસ્તે જતા જોયા હતા. ખરાબપોરે ઝળા સુધી ટોપી પહેરી હતી, ને કાન ઉપર ગળપટો તાણી બાંધી તે ઉપર વળી ધોતીઉં વીંટાળી લીધું હતું. એમ કેમ?

સોમે૦—તે બહાર નીકળે છે ત્યારે એમજ કરે છે. તેના કાનથી અવાજ સહન થતો નથી.

શંખે૦—મેં પણ એવું સાંભળ્યું છે ભાઈ. પણ એ શી ઘેલછા ? કહે છે કે તેના ઘરની આસપાસ બૂમો ન પાડવા ફેરીઆઓ સાથે તેણે બંદોબસ્ત કર્યો છે. પણ પેલો ગરમાગરમ ચીવડાવાળો ભૈયો અને ‘જરા પુરાણા-કસબ’ ની ફેરીવાળા મિયાં ગણકારતા નથી.

સોમે૦—બોળની ફેરી કરનારા બે ત્રણ મોટા સાદવાળા મારવાડીઓને તો તે માટે વર્ષાસન પણ તેણે બાંધી આપ્યું છે.

શંખે૦—મને લાગે છે કે તેની શેરીમાં કંસારા તો પોસાયજ નહિ.

સોમે૦—કંસારા તો શું પણ સોનીને પણ તે પોતાની શેરીમાં રહેવા દેતો નથી. મોમાગ્યા રૂપીઆ આપી એક બે સોનીનાં ઘર તેણે તેટલા માટે તો લઈ લીધાં છે.

શંખે૦—ત્યારે તેના ઘર પાસે જઈને કોઈ શંખ ફુંકે તો તેના શા હાલ થાય ?

સોમે૦—અરે, તે હાથમાં આવે તો પુરોજ કરાવી નાખે. તેણે પોતાના ઘર આગળ વાજાં ન વગાડવા સારૂ વાજાંવાળાઓને પણ વર્ષાસન બાંધી આપેલ છે. વળી પોતાનું ઘર એવી ખુબીથી બંધાવ્યું છે કે તે રસ્તેથી ગાડી ઘોડા ન જાય કે કોઈ પ્રકારનો અવાજ ન થાય. પોતાને સુવા બેસવાના ઓરડાની ભીંતો દસદસ હાથ પહોળી ચણાવી છે. તેના ઓરડામાં દિવસે પણ દીવો કરવો પડે છે. થોડા દિવસ ઉપર કોઈ અજાણ્યો માણસ તેની પાસે ગયો હતો તેના નવા જોડા ચુરરચુરર બોલતા હતા, તેથી તેને સિપાઈ પાસે ધક્કા મરાવીને કઢાવી મુક્યો હતો. હવે એ ગૃહસ્થને તેને ઘેર જવું હોય છે ત્યારે અણવાણે પગેજ જાય છે. ઠીક. જવા દો એ વાત. ગમે તેમ પણ તે અમારા જજમાન છે. (જાય છે.) (જશવંતરાય પ્રવેશ કરે છે.)

જશવંતરાય—કેમ, પેલા સોમેશ્વરમહારાજ સાથે શી સંતલસ ચાલતી હતી ? કોઈ શિકાર સાધવાનું તો ધાર્યું નથીને ?

શંખે૦—અલબત્ત, કંઈક તેવુંજ. અમે તમારા કાકા સંબંધીજ વાત કરતા હતા. કેવો વિચિત્ર માણસ છે !

જશ૦—મહેરબાની કરીને મારી ખાતર પણ તેમની કાંઈ ચેષ્ટા કરશો નહિ. તમારી ચેષ્ટાને લીધે તો મને તેણે પેચમાં સપડાવ્યો છે.

શંખે૦—વાહ! બહુ સારૂં. અમે તને કેવી રીતે પેચમાં આણ્યો તે કહે તો ખરો બાઈ?

જશ૦—અરે, તે પોતાની મીલકતમાંથી મને એક પાઈ પણ આપવાનો નથી એમ કહે છે. તેને લાગે છે કે ગામમાં હું અને મારા મિત્રો તેની ફજેતી કરીએ છીએ.

શંખે૦—એમ કે? ઠીક છે. ત્યારે તો અમે હવે તેની ચેષ્ટા કરવા-માંજ. તેના વિક્ષિપ્તપણાને સારૂં પ્રાયશ્ચિત્ત મળવુંજ જોઇએ. હમણાંજ સોમેશ્વર તેની જે ગમત કહેતો હતો તે તો કંઈ ઓરજ. (હસે છે.) હું તો એવું કરીશ કે એક દિવસ તે બહાર નીકળ્યો હશે ત્યારે તેની પાછળ આપના તોફાની છોકરાઓ પાસે મોટેથી ફૂઓ પડાવીશ. પછી જોઇએ તેની મઝા. શું કહે છે કે તને એક પાઈ પણ નહિ આપે એમ! અરે તું તેનો ભત્રીજો ને? સંગાભાઇનો દીકરો. તેને આગળ પાછળ કોઈ છે નહિ.

જશ૦—પણ તે તો હવે પરણવાના છે, પછી મને કોણ પૂછે છે!

શંખે૦—ત્યારે તો ભારે મઝા પડશે યાર. કહે છે કે તેનાથી અવાજ સહન થતો નથી ને પરણવાનો છે. શું કરવા? ઝખ મારવા!

જશ૦—અરે તેની ખુબી-તું નથી સમજ્યો હજી. તે કન્યા શોધવાની તજવીજમાં છે. કન્યાનું રૂપ, રંગ, ઉમર વગેરે કાંઈ તેને જોવાનું નથી, પણ તે તો કહે છે કે કન્યા બોલકણી ન હોય એટલે બસ. કુળબૂળ પૈહણુંબેઠણુ બધું તેજ.

શંખે૦—એવી કન્યા ક્યાંથી મળવાની છે! એ ખવીસને કોઈ દીકરી આપવાની હાજ નહિ પાડે.

જશ૦—કન્યાની તેં શી ખોટ પડી છે! પેલા વેવિશાળીઆ મહારાજને કહ્યું એટલે એક કહેતાં એકવીસ તૈયાર. ઠીક, પણ મારે એક જરૂરનું કામ છે માટે હમણાં હું જાઉં છું. સાંજના ફરી મળીશું. સાહેબજી. (જાય છે.)

શંખે૦—(સ્વગત) બિચારો કેવો ભોળો માણસ! એ મારો નાનપણનો દોસ્ત. માટે તેને લાભ થાય એમ મારે કરવું જોઇએ. : ઠીક છે,

જોઇએ તો ખરા કે વિકૃતબુદ્ધિ કેમ પરણે છે! હરેક પ્રયત્ને તેનું ચોગઠું બેસવા નજ દેવું, અથવા તો તેને એક વખત ખૂબ બનાવવો તો ખરો. (વિચાર કરી) આવા કામમાં પેલા સોમેશ્વરભટ્ટને હાથમાં લેવો જોઇએ કેમ! હા, બરાબર છે. પહેલાં તો એક વખત વિકૃતબુદ્ધિને કમ બીડાવી જોવો. તેટલાથી પરણવાની વાતને પડતી મુકે તો તો ઠીકજ થાય. પણ તેમ ન થાય તો કન્યાને બદલે છોકરોજ તેને ગળે વળગાડી દેવો; અને આખા ગામમાં થૂ થૂ થાય એમ કરવું. (યાદ આવ્યા જેવું કરીને) અરે હં, ઠીક યાદ આવ્યું. પેલો નાટકીઓ ગંગલો બરાબર કામમાં આવશે. તેને હમણાંજ 'હેડંબાપાસાહિક લલિતકલોદ્ધારક નાટક મંડળી'એ કાઢી મુકયો છે. છોકરો ગોરટીઓ હોઈ હાવભાવ પણ બરાબર સ્ત્રીના જેવાજ કરે છે એટલે ઉપવર કન્યા તરીકે શોભી ઉઠશે. તે છોકરી છે, પણ કોઈ ખાસ કારણસર છોકરાનો પહેરવેશ રાખે છે એવું વિકૃતબુદ્ધિને સમજાવી દીધું એટલે બસ્યું. તેને છાની રીતે પરણવું છે એટલે હરકત નહિ આવે; ચોકઠું બરાબર બેસશે. આપણે હવે એ ડોસલા પાસે જઇએ ને એક વખત ખૂબ હાબ દઈ જોઇએ. તેટલાથી નહિ પતે તો આ બીજી યુક્તિ તૈયાર છેજ! (જાય છે. પડદો પડે છે.)

---

## પ્રવેશ ૨ જો.

(સ્થળ—દીવાનખાનું. વિકૃતબુદ્ધિ પ્રવેશ કરે છે.)

**વિકૃતબુદ્ધિ**—(હાથમાં એક નળી લઈ આવે છે, ને તેની પાછળ તેનો નોકર **બેચરજી** આવે છે.) ચાકરોને બોલવાની પંચાત અને મારે સાંભળવાનો ત્રાસ કમી કરવા આ નળી સિવાયની બીજી કાંઈક યુક્તિ ખોળી કાઢવી જોઈએ. મારા બોલવા સિવાય બીજાનો અવાજ સરખો મારાથી સહન થતો નથી. (બેચરજીને) અરે બેચર્યા, આજથી હું તને કંઈ પુછું તેનો જવાબ તારે નિશાનીવડેજ આપવો. સમજ્યો? મેં કહ્યા પ્રમાણે આપણા મોટા દરવાજાની બહારની સાંકળ કાઢી નાખી કે નહિ? હં, બોલીશ નહિ, જે તે જવાબ નિશાનીથીજ દે. (બેચરજી ડોકું હલાવે છે.) વારૂ. પણ દરવાજાની બહારની બાજુએ ગાદી બાંધવાનું મેં કહ્યું હતું તે યાદ છે કે! તે બાંધી? નિશાની કર, બોલીશ નહિ. (બેચરજી નિશાની

કરી હા કહે છે.) ઉત્તમ નોકરનામાં આવી નમ્રતા જોઇએ. આથી શેઠનો મોભો રહે છે, અને લાયકી જણાય છે. હવે સાળા ભલે બહાર ફેરા ખાધા કરે ને દરવાજાને ધક્કા માર્યા કરે. કાંઈ અવાજ થવાનો નથી. અરે બેચર્યા, પેલા સોમેશ્વર મહારાજને જે કહી આવવાનું તને મેં કહ્યું હતું તે તેમને કહી આવ્યો ? કહે, નિશાનીથી. (બેચરજી ડોકું હલાવી હા કહે છે.) ઠીક. તે હમણાંજ આવવાના છે કે ? હા કે ના નિશાનીથી કહે. (બેચરજી માથું હલાવે છે.) શાબાસ. શાસ્ત્રીમહારાજને આવતાં કેટલી વાર લાગશે ? જો, તેમને આવતાં એક કલાક લાગે એમ હોય તો આખો હાથ ઉંચો કર; અર્ધો કલાક લાગે એમ હોય તો બે આંગળી ઉંચી કર, ને પા કલાક લાગે એમ હોય તો એક આંગળી ઉંચી કર. સમજ્યો ? ( બેચરજી એક આંગળી અર્ધી વાંકી વાળે છે. ) ઠીક છે, સાડીસાત મિનિટે આવશે, એમ કે ? તેને પાછળના બારણાની ચાવી આપી છે ને ? (બેચરજી માથું હલાવે છે.) ઉત્તમ. બધાં બારણાંનાં મિજાગરાંમાં અને તાળાંઓમાં મેં કહ્યા પ્રમાણે તેલ નાખ્યું છે ને ? (બેચરજી માથું નમાવે છે) વારૂ. સાલું બારણાંની પણ કાંઈ ઓછી પંચાત છે ? તે ઉઘડતાં વાસતાં કરરર કરરર અવાજ કર્યા વગર રહેજ નહિ. બેચરજી, દાદરનાં પગથીઆં ઉપર પાથરેલી ગાદીઓ બરાબર છે ને ? (બેચરજી ડોકું નમાવે છે.) બસ. મેં એવું સાંભળ્યું છે કે તુર્કસ્તાનના બાદશાહના બધા નોકર મુંગાજ છે, અને તે નોકરી પણ કેવી સરસ બજાવે છે ! સ્વારીમાં અને લડાઇમાં બધા હુકમ નિશાનીવડેજ આપવામાં આવે છે. કેવી ઉત્તમ કળા ! આપણી આર્યભૂમિના રાજાઓએ આવી કળામાં એક મુસલમાન બાદશાહની પાછળ પડવું જોઇએ કે ? ધિક્કાર છે એ રાજાઓને ! મને તો તેમની બહુ શરમ આવે છે. જે થવું હોય તે થાય, પણ હું તો એ કળા ઉપાડી લેવાનોજ. ( બહાર પ્રચંડ શંખનાદ થાય છે. ) ઓ બાપરે ! આ શું ? આ બકાસુર તો નહોય ? બેચર્યા, જો જો કોણ છે તે ! ( બેચરજી જાય છે. ) એ ચંડાળ, પાજી, હરામખોર રાક્ષસને પકડીને હાજર કરવો જોઇએ. (કાન આડા હાથ દઇને) મારા તો કાન ફુટી ગયા.

બેચર૦—( આવી ) કાકા, સરકારમાંથી જરૂરના કામ સારૂ એક જણ આવ્યો સે. ઈ કાંક વગાડે સે.

વિકૃત૦—પાજી, હરામખોર, વળી તને તારા મોઢાનો શંખ વગાડવાનું કોણે કહ્યું ?

બેચર૦—કાકા, જરૂરના કામ સારૂ દરકારમાંથી માણસ આવ્યું સે ઈ ઈમ કસે જે તમને તરત મળવુંસે. કેસે જે નંઈ તો જીવ ઉપર વાલ આવસે.

વિકૃત૦—અરે, પણ તું પહેલાં તારી જીભડી બંધ કર એક વાર, નહિ તો પ્રથમ તારા જીવ ઉપરજ આવ્યું જાણજે પહેલાં તો. ( શંખેશ્વર હાથમાં મોટો શંખ લઈ એકદમ દમબેર આવે છે. )

શંખે૦—અહો વૃદ્ધ ગૃહસ્થ, તમે પોતેજ વિકૃતબુદ્ધિ ! તમારૂંજ નામ વિકૃતબુદ્ધિ ! કેમ જવાબ આપતા નથી ? શો ચમત્કાર છે ! મુંગાવ્રત લીધું છે કે શું ? તમે જવાબ નહિ આપો તો હું તમનેજ વિકૃતબુદ્ધિ સમજીશ. આ શહેરમાંના તમારા સર્વે મિત્રોએ તમને સલામ કહી છે.

વિકૃત૦—કેવો માણસ ! આવું ઉદ્ધતપણું તો મેં કદી નથી જોયું.

શંખે૦—અને તેમને તમારા માટે અતિશય ફીકર થાય છે.

વિકૃત૦—મારી ફીકર કરવાનું ગામના લોકને શું કારણ ? પણ તું કોનો નોકર છે તે તો પહેલાં કહે.

શંખે૦—મારો પોતાનો.

વિકૃત૦—બેચર્યા, ઓરડીમાંની મારી તરવાર લાવ જોઈએ.

શંખે૦—( બેચરજી તરફ નજર ફેરવી ) હં, ખબરદાર અહીંથી જરાએ હાલ્યો છે તો ( કટાર બતાવી ) આ કટારવડેજ તને અને તારા શેઠને સ્વર્ગનો માર્ગ બતાવી દઈશ, સમજ્યો કે ? ( વિકૃતબુદ્ધિને ) મારૂં કહેવું તમારે શાંતપણે સાંભળવુંજ પડશે. અહો વિકૃતબુદ્ધિશ્રી, આપ આટલી ઉમરે પરણવાના છો એવી ગામમાં વાત ઉડી છે. કહે છે કે આપ કન્યાની ખોળમાં છો, એ ખરૂં કે ?

વિકૃત૦—હું બહેરો નથી, જરા ધીમેથી બોલશો તો ચાલશે. વારૂ, પણ તમારૂં કહેવું શું છે ?

શંખે૦—મારૂં કાંઈ કહેવું નથી. ગામના લોકોનું તમને એ કહેવું છે કે, પરણવાને બદલે તમે નદીમાં પડી બુડી મરો. નારણઘાટ પાસેના પૂલ ઉપરથી શાન્ત જલસમાધી લઈ લો ! નદીમાં પાણી પણ ઓણ ઘણું આવ્યું છે. તેમ ઠીક ન પડે તો બદરના કીલ્લાના છેક ઉપલા ભાગ ઉપ-

રમી નીચે ટેકડો મારો, એટલે રામકૃષ્ણ હરે ગોવિંદ! આટલું દૂર જવું ન હોય તો આ તમારી હવેલીના ચોથા માળની અગાશીઆંથીજ ધીમે રહીને ભુસકો મારો તો ફળીઆમાંજ રામ રમી જાય. અથવા તમારા મિત્રોએ આ રેશમી દોરી મોકલી છે, તે લ્યો ને બેરીનો ગળાફાંસો ખાવા કરતાં, આ સુંવાળી દોરીનોજ ફાંસો ગળે ભરાવી દ્યો એટલે નિકાલ પતી જાય. આના કરતાં પણ એક સહેલી યુક્તિ તમને બતાવું છું. થોડોક સોમલ ખાઈ જાઓ એટલે ઉંદરડાની પેઠે એકદમ રામચરણ પહોંચી જશો. તમને શું કહેવું? હાલતા સુધારાના સમયમાં તમારે લાયક સ્ત્રી મળશે એમ તમને લાગે છે પણ શી રીતે? જુઓ, તમે કૃતયુગમાં, દ્વાપરયુગમાં કે ત્રેતાયુગમાં જન્મ્યા હોત તો કાણીકુબડી, શેડાળીબેડાળી, ગાંડીઘેલી પણ બાઈડી મળત કદાચ. પણ આ તો સુધારાનો સમય. આ વખતમાં તેવી છોકરી હોય ખરી કે? માટે તમને સ્પષ્ટ કહું છું કે જો પરણશો તો પુરા પસ્તાશો. હાથે કરીનેજ પગ ઉપર કુવાડી મારી લેશો માં. હું શું કહું છું તે ધ્યાનમાં આવે છે કે?

વિકૃત૦—અહો બૃહસ્પતિજી, તમે મારી ઉપર આ જાપાની તોપનો મારો ચલાવ્યો તે મેં તમારો શો ગુન્હો કર્યો છે? શું મેં તમારા એ પૈસા ખાધાપીધા છે? કે તમારૂં કાંઈ નુકસાન કર્યું છે કે કોઇને લુંટયાબુંટયા છે?

શંખે૦—તેમાંનું કાંઈ કર્યું નથી એ ખરૂં, પણ તમને પરણવાની ધૂન આવી છે ને?

વિકૃત૦—હા, પણ તેમાં કોઈની ચોરીબોરી કરી છે? કોઇનું કાંઈ બગાડયું છે કે ખૂનબૂન કર્યું છે?

શંખે૦—અરે રામ, એમ કર્યું હોત તો તો ક્યારનો તમારો નિકાલ થઈજ ગયો હોત!

વિકૃત૦—બાપુ, આટલીવાર મોટેથી બોલી બોલીને મારા કાનનો તો તમે કચરનો નિકાલ કરીજ નાખ્યો છે; વળી બાકી શું રહ્યું છે?

શંખે૦—જુઓ, હું તો માત્ર ચિઠ્ઠીનો ચાકર છું. પણ હું શું કહું છું તે તમારે મુંગે મોઢે સાંભળી લેવુંજ જોઇશે. આ ગામમાંના તમારા મિત્રોને તમારા માટે બહુ ચિંતા થાય છે. તેઓ કહે છે કે તમે પરણ્યા પછી તમારી સ્ત્રી નાશી જશે તો તેનો તમામ દોષ તમારી ઉપર આવશે.

વિકૃત૦—પણ હું તમને કયારે દોષ દેવા આવ્યો હતો? અને અમારી વાતની પંચાત કરવાનું તમને કહ્યું છે કોણે? આ શો જુલમ!

શંખે૦—પરણવાથી તમારી ઉપર શા શા સંકટ આવશે તે બધાં સહન કરવા તમારે તૈયાર થવું પડશે. તમારી સ્ત્રી કોઈ શ્રીમંતની છોકરી હશે તો તે તમને આંગળીના ટેરવા ઉપર નચાવશે. તેને છોકરાં થશે તો વેદ, દાયણ ને સુવાણીની ધાંધલ તમારા ઘરમાં ચાલુ રહેશે. તે ભણેલી હશે તો તેની ડાહી ડાહી વાતો તમારે સાંભળવી પડશે. તેની બહેનપણીઓ હમેશાં મળવા આવશે, તેમની સાથે ડાબાડમરા થઈ બેસવું પડશે ને તેમની વાતો સભ્યપણે સાંભળવી પડશે. તે ધર્મભોળી હશે તો બ્રહ્મભોજન, દાનદક્ષણા, પાઠપૂજા વગેરે ધર્મનાં બધાં લફરાં વળગશે. ઘરમાં કથાકીર્તન થશે, તે તમારા કાને સહન નહિ થાય તોપણ મુંગે મોઢે સહન કરવું પડશે. અહો. આ શું? તમારા આખા શરીરે પરસેવો વળવા લાગ્યો છે.! મારે કહેવાનું તો હજી અર્ધું પણ થયું નથી, એટલામાં આમ ગભરાઓ છો કેમ? જુઓ, આટલું છતાં તમારે પરણવું હોય તો સુખે પરણો. અમારે શા માટે વચ્ચે પડવું જોઇએ? (બેચરજી જવા લાગે છે.) હં, બેચરદાસ, જરા ઉપરથી હલ્યો છે તો હાડકાંજ નરમ કરી નાખીશ, સમજ્યો કે? ગુપચુપ ઉભો રહે.

વિકૃત૦—મેં એવું શું પાપ કર્યું છે કે આ લોઢાને પાયે પનોતી વળગી, કોણજાણે! અહો સદ્ગૃહસ્થ! તમારૂં વ્યાખ્યાન પુરૂં થયું કે નહિ?

શંખે૦—વીશતેરી લાવવાનો વિચાર કર્યો ત્યારથી લોઢાને પાયે સાડીસાતી બેઠી છે, એ નક્કી સમજજો. તમારી સ્ત્રી રૂપાળી હશે કે કદરૂપી હશે તોપણ તમારે તેના તંત્રમાં રહેવું પડશે. આજ બંગડીઓ કરાવો, કાલ કડાં કરાવો, ને પરમદહાડે સાડી ચોળી લાવો એમ રોજનું રોજ ચાલશે. ઘરમાં તે કહેશે તેટલા નોકરચાકર રાખવા પડશે. તેને રાજી રાખવા તમારી આ હવેલીના ખુરદા પણ કરવા પડશે. આ બધું સમજો છો ને?

વિકૃત૦—પણ તમારૂં આ પીંજણ ક્યારે પતશે?

શંખે૦—હું કહું છું તેમાંનો એક અક્ષર પણ ખોટો હોય તો પ્રતિજ્ઞા. તેને ભરત ભરવા માટે ઊન, મખમલ, હીર વગેરે રોજ નવું નવું લાવી આપવું પડશે; દેવદર્શને કે હરવાફરવા જવા માટે ઘોડાગાડી જોઇશે. છોકરાં ચેં ભેં કરી તમારૂં ઘર ગજાવી મુકશે, ને તેમને રોતાં રાખવા તમારા ઘરમાં નગારાં, વાજાં વગેરે વાગશે. આ બધું કલ્પનામાં છે ને?

વિકૃત૦—ઠીક છે મહેરબાન. હવે તમારૂં પીંજણ પત્યું કે નહિ?

હશે તો તમને શાન્તિ થઇને ? તમે કહેલું બધું અમારા ધ્યાનમાં છે, અને તેનો પુરો વિચાર અમે કરીશું. સમજ્યા હવે ?

શંખેશ૦—કન્યાનાં માબાપનું કુળ વગેરે બરાબર જોજો. નહિ તો વળી કોઈ હેડંબા ગળે વળગાડી દેશે, સમજ્યા ? લ્યો હવે હું જાઉં છું. મેં કહ્યું તેનો બહુ વિચાર કરજો. તમારા મિત્રોને તમારા માટે બહુ ફીકર થાય છે, માટે તેમની વતી મેં આટલી તસ્દી લીધી છે. નહિ તો તમે તમને ફાવે તેમ કરો તોય શું ? અમારે શી પંચાત હોય ? ઠીક છે, તમારા મિત્રોના આ ઉપદેશની યાદગીરી માટે આ દોરી રાખો. હું રજા લઉં છું. ભૂલશો તો પસ્તાશો એટલું યાદ રાખજો. સાહેબજી. ( જાય છે. )

વિકૃત૦—અરે બેચર્યા, ચાલ, મને મારા ઓરડામાં લઈ જા જલદી. પણ પહેલાં બારણું બંધ કરી આવ. ( શંખનો અવાજ થાય છે. ) અરે, જા જલદી, દરવાજો બંધ કર. એ ચાંડાળ ફરી મરશે તો મારૂં મોત આવશે. મહા, શું જુએ છે ? દોડ, તે પાછો આવ્યો લાગે છે.

બેચર૦—( જઈ આવી ) નોય કાકાશાબ નોય. ઈતો પેલા શાસતરીમારાજ આવ્યાસે. ( સોમેશ્વર આવે છે. )

સોમે૦—રાવસાહેબ, એ તો હું સોમેશ્વર શુભંભવતુ. આશી-

વિકૃત૦—( નાક ઉપર આંગળી ધરી ) બસ, બહુ ના બોલો મારા કાન પાકી ગયા છે. તમે બરાબર વખતસરજ આવ્યા. હમણાંજ એક ધાડપાડુ આવ્યો હતો. મને જરા પથારી ઉપર પડવા ઘો ને ઓસડ આપો.

સોમે૦—હેં, એવું આપને શું થયું છે ? સાળા લુચ્ચાએ આપને માર્યોબાર્યો તો નથીને ?

વિકૃત૦—માર્યો તો નથી, પણ ન પરણવાની સખત ધમકી આપી ગયો. મારૂં મન અતિશય અસ્વસ્થ થયું છે ને મને કંપારી છુટી છે. પણ પરણવું એ તો ચોક્કસ છે. શાસ્ત્રીજી, કોઈ ઠેકાણું ખોળી કાઢયું ? જુઓ, તમારે જે કહેવું હોય તે ધીમેથી ને ટુંકામાં કહો. આજ મારી પ્રકૃતિ બહુજ બગડી છે તેથી મને કાંઈ ચેન નથી.

સોમે૦—( સ્વગત ) બાઈ સાહેબનું આ ટુંકામાં અને ધીમેથી ! ( પ્રકાશ ) તમને ટુંકામાં અને ધીમેથી કહેવું એ તો ઠીક, પણ અમારા જેવા બ્રાહ્મણભાઈને તો લાંબી લાંબી વાતો કર્યા વગર ચાલેજ શી રીતે બાઈસાહેબ ? અને તેમાં વળી આ વાત તો રહી વરવેવિશાળની હશે.

બહુજ ટુંકામાં અને ધીમેથી કહુ છું. ઇશ્વરે મનુષ્યને જે વાણી આપી છે તેનો તેણે અવશ્ય ઉપયોગ કરવો જોઇએ. ભર્તૃહરીએ કહ્યું છે કે, **वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते। क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम्।** વળી અમારૂં બ્રાહ્મણભાઇનું તો સર્વસ્વ રહ્યું બોલવામાંજ. ભવભૂતિ કહે છે, **"वाचिवीर्यं द्विजानाम्।"** પ્રેમાનંદનો અને દલપતરામનો અભિપ્રાય પણ એવોજ છે. ટુંકામાં જણાવવાનું છે માટે કહેવું જોઇએ કે માણસને લાંબું પહોળું બોલતાં આવડવું એ એક પ્રકારની વિદ્યા છે. અકબર ને બીરબલનો સુપ્રસિદ્ધ વાણીવિલાસ કયાં અજાણ્યુ છે?

વિકૃત૦—મહારાજ, તમારી એ વાણીવિદ્યાની વ્યાખ્યા હમણાં રહેવા દો, ને જરા ધીમેથી બોલો.

સોમે૦—ઠીક છે. અમારે શું? ટુંકામાંજ કહેવાનું કે તમારા કહ્યા પ્રમાણેની કન્યા શોધવાની તજવીજમાંજ હું છું. આપના જેવા શ્રીમંતને માટે કન્યા ખોળવી તે કાંઇ જેવીતેવી નભે? તે તો શકુંતલા, ઉર્વશી, મેનકા કે દ્રૌપદીના જેવી ઉત્તમ જોઇએ. કારણ કહ્યું છે કે, **अहल्या द्रौपदी सीता तारा मंदोदरी तथा। प्रातःकाले स्मरेन्नित्यं आयुःकामार्थसिद्धिदम्॥ प्रथमं वक्रतुंडं च—**

વિકૃત૦—અહો વક્રતુંડ મહારાજ, તમે તો ખૂબ વાયરે ચઢ્યા! પણ મુખ્ય વાત સંબંધી કાંઈ કહેશો કે નહિજ?

સોમે૦—ઠીક છે. ટુંકામાં કહેવાનું કે આપના જેવાને માટે જે કન્યા જોઇએ તે આપને શોભે એવીજ જોઇએ. એક કવિએ કહ્યું છે કે સુઘડ પુરૂષને સુઘડ સ્ત્રી જોઇએ. **आर्या आर्या—**

વિકૃત૦—હવે કરવું શું? તમને તો બડબડીઓ વા થયો લાગે છે. મેં કહ્યું છે કે મારે કાળી, કાણી, કુબડી, કદરૂપી જેવી કન્યા હશે તેવી ચાલશે, પણ મુગ્ધ એટલે બહુ બોલનારી માત્ર ન જોઇએ.

સોમે૦—બરાબર, બરાબર. જયદેવ કવિ પણ કહિ ગયો છે કે, **मुग्ध वधू निकरे, हरिरिह मुग्ध वधू निकरे।** એ તો ખરૂં, પણ તમારી પાસે એક સાક્ષાત્ શૂર્પણખાને લાવી ઉભી કરૂં તો ચાલશે? જુઓ, આવી હોય તો?

વિકૃત—ટુંકામાં કહો. કેવી ?

સોમે૦—બહુ ટુંકામાંજ કહું છું. જેના અધરોષ્ટ જાડા હોય ને દાંતની હાર તે ઉપર દેખાતી હોય, નાક ચપટું હોય, એક આંખ એક હોય, ને બીજીના ડોળામાં શોભીતું ફુલ રનમાણુ કરી રહ્યું હોય, નવટાંક કંકુ સમાય એવું બેઠેલું કપાળ હોય, માથે વાળનું નામ ન હોય, ને વર્ણે શ્રીકૃષ્ણ—

વિકૃત૦—( એકદમ બેઠો થઈ ) બસ, બસ, મહારાજ બસ કરો. તમારૂં તે મ્હોં છે કે ઇંજીનની સીસોટી છે, કોણ જાણે ! જુઓ શાસ્ત્રી મહારાજ, મારે પરણવું એ નથી ને તમારી આ ઈંજીનની સીસોટી સાંભળવીએ નથી । તમારા બડબડાટથી મારૂં માથું પાકી ગયું.

સોમે૦—તમારૂં માથું પાકયું છે માટેજ હું તમારી પછળ પડયો છું કે જલદી ઉકલી લ્યો તો સારૂં. काकः काकः पिकः पिकः । માણસ કાકો થાય એટલે તેનું માથું પાકેજ.

વિકૃત૦—તમે પધારશો હવે મહેરબાની કરીને ?

સોમે૦—ઠીક છે, જાઉં છું ત્યારે. કવિ કાળીદાસે કહ્યુંજ છે કે साश्रयामो वयम् । હવે ફરી કન્યા બતાવવાજ આવીશ, તે વગર ખાલી હાથે નહિ આવું. કારણ કહ્યું છે કે, रिक्त हस्ते न गन्तव्यं यजमानं देवतां गुरुम् । હું કહું છું તે ખરૂં છે કે ખોટું ?

વિકૃત૦—હવે આપ કૃપા કરશો ? હેઠ ખભાથી હાથ જોડાતા નથી માટે કોણીથી હાથ જોડીને કહું છું કે હવે નકામી લવરી બંધ કરી આપ ઘેર સીધાવો. આપણું કામ માત્ર જલદી થાય એ ધ્યાનમાં રાખશો.

સોમે૦—તમારૂં કામ તે કાંઈ ભુલાય ? કારણ કહ્યું છે કે कामः पंच शरः स्मरः । ઠીક છે, જાઉં છું. જય જય.

વિકૃત૦—જય જય. ( સોમેશ્વર જાય છે. પડદો પડે છે. )

## પ્રવેશ ૩ જો.

( સ્થળ રસ્તો—જશવંતરાય અને બેચરજી પ્રવેશ કરે છે. )

જશ૦—બેચરજી, મારે તારૂં એક કામ પડ્યું છે. કરવાની હા કહે તો કહું. તું મારી ઉપર છેક નાનપણથી માયા રાખે છે તેથીજ તારી પાસે આવ્યો છું. તું ધારે તો તારાથી થઈ શકે એવું સાધારણ કામ છે.

બેચ૦—પણ તમે ગળું હું કરવા તાણોસો ? હું કાંઈ બેરો સુ ?

જશ૦—(સ્વગત) આને પણ કાકાની અસર થઈ લાગે છે. (પ્રકાશ) ઠીક ભાઈ, હળવે કહું છું. હમણાં કાકા પાસે કોણ કોણ આવે છે અને શી શી વાટાઘાટ ચાલે છે ?

બેચ૦—વાત શું ને ઘાટ શું ? વિકરતબુધી કાકાના ઘરમાં ઘાટ પડવાની વાત હોય ? ઘાટ તો હોનીને હાટે ઘડાય.

જશ૦—(સ્વગત) કેવો લુચ્ચો ! જાણીજોઇને આડી વાત કરે છે. (પ્રકાશ) એમ નહિ, હું તો એમ પુછું છું કે હમણાં કાકા કોની કોની સાથે વાત કરે છે ?

બેચ૦—વાત કરવા ઘરમાં કુણસે ? હું ને શેઠ અને શેઠ ને હું. તરીજો આંખો કાગડોય નથી. હું ઘણુંય બોલવાનું કરૂંસું, પણ કાકાશાબ બોલવાજ આં દેસે મુઢું તો શીવીજ રાખ્યુંસે. મુઢામાંથી એક અખ્ખરો કાઢું કે તરત 'બેચર્યા ચુપ, છીધાણી કર, બોલ માં' ઈ હાંભળ્યુંજ. સેખુ કેદખાનું સે ભાઈ. બીજે ક્યાંઈ સાકરી પણ જડતી નથી.

જશ૦—(સ્વગત) રૂપેરી માત્રાનો એક ઘસરકો ઉતારી પાઈ જોઇએ કે તેથી કાંઈ કામ થાય છે. ( બેચરજીના હાથમાં એક રૂપીઓ મુકે છે. )

બેચ૦—( રૂપીઓ ગજવામાં મુકતાં ) જશાભાઈ, આ હું ? ઈની મુનની કેવી પીડા ? મુઢામાંથી એક અખ્ખરો કાઢયો તો બોગજ મળે આપલીઆ !

જશ૦—વિકૃતબુદ્ધિ કાકા પાસે બહારથી હમણાં કોઈ આવે જાય છે કે ?

બેચ૦—હાઃ હાઃ હાઃ, આવેસે. મોંય આવીને પાસા પણ જાયસે.

જશ૦—કોણ કોણ આવે છે ? તું જાણતો હોય તે બધું મને ખુલ્લા પેટથી કહીશ તો તારો મારી ઉપર ઉપકાર થશે.

બેચ૦—(સ્વગત) આ ભાઈશાબ પાંહેથી બીજું કાંઇક પટકાવીસે. (પ્રકાશ) પેલો—સુરમો—હું ઈનું નામ—ના ના એના જેવુંજ—હા હા સોમેશ્વર.

જશ૦—સોમેશ્વર મહારાજ ?

બેચ૦—હા હા, ઈજ, ઈજ. મારા દીચરાનું નામ ચેવું અતડું સે.

જશ૦—તે અને કાકા શું વાતો કરે છે ?

બેચ૦—ઈ હું બોલે સે તે આ બેગ્રાને ખબર ? મીં ઈની સોકસી હું કરવા કરવા બેહું ? અમે તો બાપુ તમારા સાકર માણહ; ઈમની વાતચીતની પંસાત અમારે હું કરવા કરવી પડે ?

જશ૦—(સ્વગત) માત્રાનો બીજો એક ધસરકો આપવો પડશે એમ લાગે છે. ( બેચરજીના હાથમાં બીજો રૂપીઓ મુકે છે. ) સોમેશ્વર શાસ્ત્રી તો મોટેથી ને લાંબી લાંબી વાતો કરનારો છે એટલે તેની વાત તારા સાંભળવામાં આવ્યા વગર નજ હોય.

બેચ૦—હાંભળીસે થોડીક.

જશ૦—(સ્વગત) માત્રા લાગુ પડી જણાય છે. (પ્રકાશ) શું શું સાંભળ્યું છે કહે જોઇએ.

બેચ૦—ઈ કાકાને પયણવાનું કેસે ને કાકા ઈને વઉ હોધી લાવવાનું કેસે. હમણાં તો આખો દી આનીઆજ વાતુ સાલે સે, બાઈશાબ.

જશ૦—હા હા. તેજ બરાબર કહે. મારે તેની જરૂર છે. ( બીજા બે રૂપીઆ તેને આપે છે. )

બેચ૦—(રૂપીઆ લઈ ઘરમાંથી કોઇનો બોલાવવાનો સાદ સાંભળ્યા જેવું કરીને) જી, જી, આ આવ્યો. ઈની બુનનો આ ડોહલાનો એટલો તરાસ સે કે કેવાની વાતજ નંઈ! વિહામો તો જરા મળેજ નંઈ. આખો દી બેસર્યા, બેસર્યા કરીને જીવ ખાય જાયસે ! (દોડી જાય છે.)

જશ૦—સાળો કેવો લુચ્ચો છે ? રૂપીઆ લઇને ઘરમાં નાસી ગયો. ઠીક છે. એના કહેવાથી એટલું તો નકી જણાયું કે સોમેશ્વરને કન્યા શોધવાનું કાકાએ કહ્યું છે. અને પૈસાની આશાથી તે તેની ખટપટમાં પડયો પણ હશે. ( જરા વિચાર કરીને ) આપણી પેલી યુક્તિ સિદ્ધ થાય તો કેવી મઝા આવે ! હવે તો એ નાટકી ગંગારામને મળી, તેને આ બધી મસલત જણાવી પ્રથમ તેનું ચોકસ કરવું જોઇએ. તેને સાધ્યા પછી સોમેશ્વરને સાધવાનો પ્રયત્ન. કદાચ ગંગારામ કબૂલ નહિ કરે તો માત્ર બધી યોજના ભાંગી પડશે. ગમે તેમ થાય પણ છેવટ સુધી પ્રયત્ન તો કરી જોવો. (પડદા તરફ જોઇને) ઠીક, પણ પેલું કોણ આવે છે ? અરે એજ ગંગારામ. એક કામ તો એની એમેજ પત્યું. ભાળાનેસ શો શોધ છે ?

ઝીણી મલમલનું ઇસ્ત્રીબંધ પહેરણ પહેર્યું છે અને ઉપર ફુલસાટીનનું જાકીટ ચઢાવી દીધું છે, માથે સોનેરી ભરેલી ટોપી વાંકી મુકી છે, હાથમાં નેતરની નાજુક સોટી રાખી છે, ને પગમાં વિલાયતી ચેકના બૂટ પહેર્યા છે. માથાના વાળનો સેંથો જોતાં તો જાણે નવવધૂ કન્યાજ ! જાકીટના ખીસામાં અર્ધો બહાર ઝૂલતો હાયરૂમાલ અને ઘડીઆળનો એછોડો રોફબંધ રાખી દીધો છે. પાન ખાઇને મોં પણ કેવું લાલ કર્યું છે ! જાણે કે નવલશા હીરજીનોજ દીકરો ! તેને તો લાગતું હશે કે હું એક નાટકમાંનો રાજપુત્ર જ છું. ( ગંગારામ પ્રવેશ કરે છે. )

જશ૦—કેમ મિ. ગંગારામ, સ્વારી ક્યાં ચાલી ? હાલ શું ચાલે છે ?

ગંગા૦—કંપનીમાંથી નીકળ્યા પછી મારી શી દશા છે તે તો હુંજ જાણું; તેની કલ્પના પણ તમને નહિ આવે. તમે જાણોજ છો કે મારો કંઠ બેસી જવાથી કંપનીમાંથી મને રજા મળી છે. હું વધારે ભણેલો ન હોવાથી તેમજ અભિનય પણ જોઇએ તેવા આવડતા ન હોવાથી મારો બધો આધાર રાગ અને સુંદર સ્વરૂપ ઉપર હતો. એ બે ગુણમાંનો એક રાગ ગયો એટલે પછી નાટકમાં સ્વરૂપનો ભાવ કોણ પુછે છે ? હવે તો ‘ કરમ કઠણ ને કાયા સુંવાળી ’ એના જેવી દશા થઈ પડી છે. નાનપણમાં માબાપનું કહ્યું ન માન્યું ને કેટલાક ભાઇબંધોની સોબતથી અભ્યાસ છોડી તે વખત નાટકો જોવામાં કાઢયો. નાટક જોવાં, ગંજીફો કૂટવો ને બીડીઓ ફુંકવી એ તે વખતનો અમારો નિત્યક્રમ થઈ પડયો હતો. એક બે વખત વડીલ ખીજ્યા એટલે ઘરમાંથી નાશી જઈ નાટકમાં દાખલ થયો. થોડીજ મુદતમાં નાટકમાં મારી વાહ વાહ થવા લાગી, ને હું રાણીપાઠનો એકટર થયો. મારો પાઠ જોવા લોકો તુટી પડતા. પણ થોડાંજ વર્ષમાં તે સ્થિતિ બદલાઈ ગઈ. સાદ ફાટી ગયો એટલે કંપનીવાળાએ મને પાણીચું પકડાવ્યું. પણ હવે પશ્ચાત્તાપ કરવાથી શો લાભ ? હવે તો કાંઇક ધંધો ખોળવાની પંચાતમાં છું. માબાપ પણ મરી ગયાં છે એટલે તદ્દન નિરાધાર થઈ પડયો છું.

જશ૦—તારે પરણવું હોય તો એક ઉત્તમ સંધી છે. તું હા કહે તો ચોગઠું બેસાડી દઉં.

ગંગા૦—વાહ, તમે પણ ઠીક છો. મને મારા પેટની પંચાત પડી છે, ને વળી બીજી લપ વળગાડો,

જશ૦—અરે, તેમાં તને એક બદામનું પણ ખર્ચ નહિ થાય, એટલુંજ નહિ, પણ ઉલટી તારી પંચાત પણ પતી જશે ને પાંચ પૈસા મળશે.

ગંગા૦—એવો કોણ હરીનો લાલ મારી ઉપર રીઝ્યા થવાનો છે? તે શું જોઇને પોતાની છોકરી મને આપશે? મારા આ બહારના રોફથી કોઈ ભુલ્યો હશે બિચારો!

જશા૦—તારે તેનું શું કામ? તને પરણાવી દે એટલે થયું કે નહિ?

ગંગા૦—મને લાગે છે કે છોકરી આંધળી કે લુલી લંગડી હશે, અને તે તમે મારે ગળે વળગાડવા ધારતા હશો. માફ કરો યાર!

જશા૦—એમ નથી. પણ હું તને પુછું તેનો જવાબ દે.

ગંગા૦—શું કહો છો, બોલો?

જશા૦—તારે પરણવું છે ને?

ગંગા૦—ઠીક, પછી શું?

જશા૦—પછી શું એટલે તને બૈરી કરી દઉં.

ગંગા૦—તમારૂં કહેવું મારાથી કાંઈ સમજાતું નથી.

જશા૦—અરે, મારા કાકા વિકૃતબુદ્ધિને તું જાણે છે ને?

ગંગા૦—હા, પણ તેનું શું?

જશા૦—તેમને પરણવું છે, ને તે કન્યાની શોધમાં છે; અમે તેમને ભારી તેમની ફજેતી કરાવવા ધાર્યું છે. તને તેની સ્ત્રી બનાવવી છે. હવે સમજ્યો?

ગંગા૦—હા, સમજ્યો. તમે મને ફરી સ્ત્રીવેષ ધારણ કરાવવા માગો છો એજને! પણ મેં સોગન ખાધા છે કે ગમે તેમ થાય પણ સ્ત્રીવેષ લેવો નહિ, ને નાટકશાળાનું મોં પણ જોવું નહિ; માટે એ સિવાય બીજું કાંઈ કામ હોય તો સુખેથી કહો.

જશા૦—(સ્વગત) સાળું આ તો બધું ધૂળ મળવા જેવું થાય છે. (પ્રકાશ) તેમાં તારૂં શું બગડી જાય છે? રંગભૂમે ઉપર હજારો માણસોની સમક્ષ સ્ત્રીવેષ લઈ સેંકડો વખત ફરતાં શરમ ન આવી ને આજ શરમ શી આવે છે? વળી આમાં તને નાટકમાં જવાનું કે સ્ટેજ ઉપર ઉતરવાનું કાંઈ કહેતું નથી. આ બધું છાનામાનુંજ થવાનું છે. ત્રીજા કોઇને જણાવાનું છેજ નહિ.

ગંગા૦—શરમનું કે બીજાને જણાવાનું હું કહેતો નથી; પણ એક વખત પ્રતિજ્ઞા કરી છે તે હવે તોડવાની હું ના કહું છું. મારો આ નિશ્ચય ત્રણે કાળમાં પણ નહિ ફરે.

જશ૦—ઠીક ભાઈ. સ્ત્રીવેષ લેવાનું રહ્યું. બાકીનું તો કબૂલ છે ને ?

ગંગા૦—સ્ત્રીવેષ લેવાનો ન હોય તો પછી કબૂલ કરવાનું રહે જ શું ! વળી મને કહો તો ખરા કે સ્ત્રીવેષ વગર તમારા કાકા કેવી રીતે છેતરાશે ? તે વગર જો બનતું હોય તો તમે કહો તેમ કરવા મારી ના નથી. પણ મને નથી લાગતું કે તે એમ છેતરાય.

જશ૦—તે માટે મેં એક સરસ યુક્તિ શોધી કાઢી છે. મારા કાકાના કાને અવાજ સહન થતો નથી, એ તો તું જાણેજ છે. તેમાં વળી હમણાં તેને પરણવાની ધૂન આવી છે. તેને બીલકુલ ન બોલનારી એવી બઈરી જોઇએ છે, ને જો તેવી મળે તો બીજી ગમે તે બાબત તે કબૂલ કરશે. હું તેને કહી મુકીશ કે તું છોકરી છે; પણ કોઇક ખાસ કારણસર નાનપણથી છોકરાના વેષમાં ઉછરી છે, ને જીવતાં સુધી પુરૂષવેષજ કાયમ રાખવાની તારા બાપે તેમજ તેં બાધા રાખી છે. તને બતાવવા તેની પાસે લઈ જઇએ ત્યારે તારે સુશીલપણું, શરમાળપણું અને બોલવાનો કંટાળો એવો બતાવવો કે બસ. આટલું થશે એટલે તે તેજ ઘડીએ તારી ઉપર પ્રીત થઈ જશે, ને કાલનુંજ મુહૂર્ત જોવરાવશે. જો આપણું આટલું કામ પાર પડયું તો તારા જન્મારાનો બેડો પાર !

ગંગા૦—હું તમને એમ પુછું છું કે, ધારો કે તમારા કાકા આ યુક્તિજાળમાં ફસાય તો તેથી તમને શો લાભ થાય ? મને લાગે છે કે એથી તો ઉલટું તમારી ઉપરના રોષમાં વધારો થશે.

જશ૦—આગળની મારી શી યોજના છે તે તને પછી આપોઆપજ સમજાશે. આજ તારે તેનો વિચાર કરવાની જરૂર નથી.

ગંગા૦—પણ આ તોફાનનું પરિણામ શરીર ઉપર તો નહિ આવે ને ! ભાઈ, પ્રથમજ બધો વિચાર કર્યો સારો.

જશ૦—અરે, તે માટે હું જવાબદાર છું ને ! તેની બધી તજવીજ મેં કરી રાખી છે. તું બીલકુલ ચિંતા કરીશ નહિ. (પડદા તરફ જોઇને) વાહ, શંખેશ્વર પણ અહીંજ આવે છે ! તેને આ ગોઠવણ જણાવી, કાકાના વિશ્વાસુ સોમેશ્વરશાસ્ત્રીને આ કારસ્થાનમાં સામેલ કરી લેવાની તજવીજ પહેલાં કરવી જોઇએ. શંખેશ્વર ભારે પહોંચેલો છે ને મારો જીવજાન દોસ્ત છે. તે એ કામ બરાબર અને જલદી કરશે. (શંખેશ્વર હાથમાં શંખ લઈ પ્રવેશ કરે છે.)

જશા૦—ભાઈ, તું ઠીક વખતસરજ મળી ગયો. અરે, પણ તું આ શંખ લઇને ક્યાં ગયો હતો ?

શંખે૦—હું એવા ઠેકાણે ગયો હતો કે ત્યાં આ શંખનો અવાજ સાંભળવા અને તેણે બજાવેલી કામગિરી જોવા તું હાજર હોત તો ખચીત તને હર્ષવાયુજ થઈ આવત. મેં તારૂં કામ એવી ફતેહમંદ રીતે બજાવ્યું છે કે બેડો પાર. તારા કાકાશ્રી પાસે ગયો હતો. હું ત્યાંથીજ ચાલ્યો આવું છું. તેના પરણવાના બધા વિચાર મેં પાર ઉડાવી દીધા છે !

જશા૦—અરે, એ શું કર્યું ગાંડાની પેઠે ?

શંખે૦—કેમ ? શું થઈ ગયું વળી ?

ગંગા૦—તમે આ કામ અત્યંત ઉતાવળમાં ને અવિચારથી કર્યું.

જશા૦—મારા દુશ્મને પણ મને આટલું નુકસાન કર્યું ન હોત.

શંખે૦—એટલે મેં એવું કર્યું પણ શું ? જરા શુદ્ધિમાં આવીને વાત કરશો કે એમને એમ ?

જશા૦—મને લાગતુંજ હતું કે તું એવી કાંઈક ગરબડ કરીશજ.

ગંગા૦—મને પૂછવાનો અધિકાર નથી તોપણ પુછું છું કે, પણ આવું વગરવિચાર્યું કામ કરવાનું તમને કહ્યું હતું કોણે ?

શંખે૦—ભાઈ, જે હોય તે સ્પષ્ટ વાત કરો. આમ કોથળામાં પાનશેરી વડે કુટશો નહિ.

જશા૦—આપજ પ્રથમ કહો કે ત્યાં જઇને શું ધાડ મારી આવ્યા ! પછી હું આપનું ડોહડાહાપણું સમજાવું છું.

શંખે૦—જુઓ આપણે તો આમ કર્યું. આ શંખનો ઘરમાં પેસવામાં ઉપયોગ કર્યો. સરકારમાંથી કાંઈક મહત્ત્વના કામ માટે આવ્યો છું એમ કહી એકદમ અંદર દાખલ થઈ ગયો. પછી શું ? આપણી જીભતોપનો મારો ચલાવ્યો તમારા કાકાશ્રી ઉપર સપાટાબંધ ! પછી શું પુછવું ! એ તો સારી પેઠે ગભરાયો. તેને કહી દીધું કે પરણવાની વાત કરીશ તો ફસાઈ પડીશ. કોઈ હેડંબા કે શૂર્પણખા ગળે વળગાડી દેશે. ઘણું ખરૂં અર્ધું કામ તો પાર પડ્યા જેવું જણાય છે. બિચારો પરસેવે ઝેબઝેબ થઈ ગયો ને થરથર ધ્રુજવા લાગ્યો. હં ! હવે ચલાવો તમારી તોપ અમારી ઉપર ! શું જોઈ રહ્યા છો !

જશ૦—તેં માગે બધો ખેલ બગાડી દીધો.

ગંગા૦—પોતાને કાંઈ ખબર ન હોય ને વચ્ચે અમસ્તુંજ ડહાપણ કરનારથી એમજ થાય !

શંખે૦—સ્પષ્ટ અને બીજાને કાંઈક સમજાય એવું બોલવુંજ નહિ, એવો આજ તમે નિશ્ચય કર્યો છે કે શું ?

જશ૦—અમે એક ઉત્તમ વ્યૂહરચના કરી હતી, તે તારા આ કૃત્યથી છેકજ ભાગી પડી. આ મારો મિત્ર ગંગારામ 'હેડંબા પ્રાસાદિક લલિત કલોદ્ધારક નાટક મંડળી' માં રાણીપાઠ કરતો હતો. તે હાલમાં ત્યાંથી નાકળ્યો છે. તેણે મારી ખાતર મારા કાકાની વેષધારી સ્ત્રી થવાનું કબૂલ કર્યું છે. આ બૃહન્નડા તેને ગળે વળગાડી તેની બરાબર ફજેતી કરાવવાની યુક્તિ કરવા ધારી હતી. પણ હવે શું ?

ગંગા૦—પણ હું તમને પુછું છું કે, તમારા મિત્રનું હિત કરવાની હમણાંને હમણાં આટલી બધી ઉતાવળ તમને શું હતી ?

જશ૦—હશે, થયું તે થયું. હવે આપણે આપણા આગળના કામે લાગીએ. શંખેશ્વર, તું પહેલાં એટલું કર કે પેલા સોમેશ્વર પાસે જા ને તેને આપણો કરી લે. એ આપણી તરફ વળ્યો એટલે આપણું કામ પાર પડ્યુંજ જાણવું !

શંખે૦—અહોહો ! એટલુંજને ? તમે તો નાહક મારી ઉપર ગજબ કરી મુકયો હતો યાર ! મને લાગ્યું કે થયું શું ? અરે પ્રથમથીજ મારો આ વિચાર તો હતોજ. આ તો મેં માત્ર અમસ્તી ગમ્મત કરી. પરણવા માટે એ શો અધીરો થઈ ગયો છે ! મેં તો તેને ખૂબ દમ બીડાવ્યો. હવે અહીંથી બારોબારજ જાઉં છું સોમેશ્વર પાસે ને તેને કહું છું કે વિકૃતબુદ્ધિને જોઇએ તેવુંજ એક ઉત્તમ ઠેકાણું છે ! એ બ્રાહ્મણીઆને શું ? રૂપેરી માત્રા મળે એટલે ગમે તે કરવા તૈયારજ !

જશ૦—ગંગારામ, તારે બરાબર તૈયાર થઈ રહેવું. વિકૃતબુદ્ધિને બતાવવા તને સોમેશ્વર લઈ જશે. ત્યાં તારે રતીએ નભે તો વાલ ન બોલવું. સ્ત્રીના હાવભાવ તો તને શીખવવાની જરૂર નથીજ; તેમાં તો તું પ્રવીણજ છે. તેના ઉપર એવી અસર કરી દેવી કે કાલનાજ લગ્ને "શુભલગ્ન સાવધાન" થઈ જાય. સમજ્યો ? (શંખેશ્વરને) ગંગારામના પુરુષવેષ માટે એ બટાને સારી રીતે સમજાવ દેજે હો કે.

શંખે૦—તેની તારે ફીકર ન કરવી. તેને હું એવી રીતે પાઠ ભણાવી દઉં છું કે તે વિકૃતબુદ્ધિને આડાઅવળા ગપાટાસપાટા મારીને ગળે ઉતરાવી દે. હું જાઉં છું ત્યારે.

જયશ૦—જાઓ, ફત્તે કરો. અમે પણ જઇએ છીએ.

(જાય છે. પડદો પડે છે.)

## પ્રવેશ ૪ થો.

(સ્થળ-સોમેશ્વરનું ઘર. સોમેશ્વર સંધ્યા કરતા બેઠા છે.)

સોમે૦—ऊशतीरिव मातरः तस्मा अरंगमामवो यस्यक्षयाय जिन्वथा -કેશવા, અરે કેશવા! આખો દિવસ કોણ જાણે ક્યાં ભટક્યા કરે છે રાંડનો! —आपो जनयथाः च नः सूर्यश्चेति मंत्रस्य—હેં સાંભળે છે કે? ત્યાં કેશવો હોય તો મોકલજે.—सूर्यश्च मामन्युश्च मन्यूपतयश्च—(કેશવલાલ આવે છે.) કેશવા, આજ છોટયા વાંસફોડયાને ત્યાં શ્રાદ્ધ છે માટે તારે જમવા જવાનું છે. થોડીવાર પહેલાં તેનો છોકરો કહેવા આવ્યો હતો. પહેલું શ્રાદ્ધ છે એટલે દક્ષણામાં ચકરડું મળવાનું છે. બીજું એક નોત્રું છે એટલે મારે બીજે જવાનું છે.

કેશવ૦—આપણાથી આજ જમવા નહિ જવાય બાપા.

સોમે૦—ગધેડો ફાટયો લાગે છે. ત્યાં કાંઈ લુખા લાડવા નથી, શિખંડ પુરી છે, સમજ્યો? મેં વાતમાં ને વાતમાં પુછી લીધું છે. —पृथ्वि त्वया धृता लोका देवि त्वं....

કેશવ૦—જમણ ગમે તે હોય પણ આજ તો મારાથી નહિ જવાય.

સોમે૦—એટલે? त्वं च धारय मां देवि पवित्रं कुरु चासनम्— બિચારા લોકોને ખાવા સુકો રોટલો મળતો નથી ને આ રાંડનાને મિષ્ટાન્ન ને વળી ઉપર દક્ષણાનો પોળીઓ એક મળે છે તોય કહે છે કે મારે નથી

જાવું.—अपसर्पंतु ते भूता ये भूता भूमि....કેમરે, શું થયું છે કે નથી જવું? મદ ચઢયો જણાય છે!

**કેશવ૦**—કાલ સાંજે જમવા ગયો હતો ત્યાં પરાણે પરાણે પાંચ છ લાડુ પત્રાળીમાં પીરસી દીધા. ઘણુએ ના ના કહી પણ સાંભળ્યુંજ નહિ. પત્રાળીમાં આવેલું અન્ન પડતું મુકાય નહિ એમ તમે વખતો વખત કહો છો એટલે શું કરૂં? પરાણે તે ખાઈ જવા પડયા. પેટ ચઢયું છે ને ઉપરા-ઉપરી ઓડકાર આવે છે. (ઓડકાર ખાય છે) ઓડકાની સાથે જાણે લાડુ બહાર આવતો હોય એમ થાય છે, ને વળી આજ જમવા જાઉં તો તો વખતે મોતજ આવે.

**સોમે૦**—મરીશ તો શું ઉજડ થઈ જવાનું હતું? સુવાસ અન્ન જમવાથી મરણ આવે એ તો અહોભાગ્ય! તું સુવાસ અન્નને નકારે છે પણ તે શ્રાપ દેશે શ્રાપ! કહ્યું છે કે,

**भोजनं प्राप्य दुर्बुद्धे दयां प्राणेषु मा कुरु ।**
**भोजनं दुर्लभं लोके प्राणा जन्मनि जन्मनि ॥**

મરી જઈશ તો ફુકી દઈશું; પણ અમૃત જેવું જમવાનું છોડાય કે? અને વળી દક્ષણાનો પોળીઓ રૂપીઓ એક!

**કેશવ૦**—એક નો શું પણ દસ રૂપીઆ હોય તોય શું થયું? કાંઈ જીવ કરતાં રૂપીઓ વધારે છે?

**સોમે૦**—હમણાનાં છોકરાંજ આવાં નમાલાં! અમે નાના હતા ત્યારે એક દિવસમાં બબે ઠેકણે જમવા જતા ને દક્ષણા લાવતા. અમે તો કાંઈ મરી ન ગયા?—ये भूता विघ्नकर्तारस्ते नश्यन्तु शिवाज्ञया—(પડદામાંથી સોમેશ્વરનું નામ લઈ કોઈ બોલાવે છે.) કોણ છે? મુખી, આવો, બેસો આ ચટાઈ ઉપર. કેમ આજ કયાંથી પગલાં કર્યાં?

**મુખી૦**—જરા પુછવા માટે આવ્યો છું. અમારા વચેટ છોકરા ગોવિંદાને આજકાલ કરતાં છ મહિનાથી ઠીક રેતું નથી. તાવ, ઉધરસ વગેરે મટતુંજ નથી. બાધા આખડી રાખી, કળદેવીનાં નિવેદ્ય કર્યાં; પણ હજી કાંઈજં ફેર પડતો નથી.

**સોમે૦**—કોઈ વૈદનું કાંઈ ઓસડઓસડ કર્યું કે નહિ?

સુખી૦—અમારા પાડોશમાં એક વાણંદ વૈદું જાણે છે, એને નાડ દેખાડીતી, ને વળી એક ડોહો વૈદ છે એને પણ છોકરાને દેખાડયોતો. એ ડોહાએ ચૂરણની ગોળીઓ ને કે ધ્રિાનનાં પડીકાં દીધાંતાં. પણ તે તો અમારી ઘરવાળીએ ખવરાવ્યાંજ નંઈ ને હડકી દીધાં. ગ્રહબ્રહ નડતા હોય તો જોવરાવાનું કેવા લાગી, એટલા માટે હું તમારી પાસે આવ્યો છું. બાપજી, જરા ધ્યાનથી જોઈ આપો તો ઠીક.

સોમે૦—વૈદનાં પડીકાંબડીકાં ન આપ્યાં એ સારૂંજ કર્યું. અમારાં કડવી ભાભી બહુ સમજુ છે. હાલના વૈદ્દોને નાડીજ્ઞાન બીલકુલ ન મળે ને કહે કે અમે નાડીવૈદ્ય. વૈદું તો ગમે તેનાં પડીકાં કે ગોળીઓ આપી પૈસા પડાવી લેવાનો એક સહેલો ધંધો થઈ પડયો છે. અંગ્રેજી ડાકટરો તો રતીભાર સમજતા નથી. કાનમાં નળીઓ ઘાલે છે, ને છાતી ઉપર ટકોરા મારે છે ! શું બાપનું કપાળ ? દરદીને શું દરદ થયું છે તે તેના કાનમાં કોણ એનો બાપ કહેવા આવતો હશે ? વળી દરદીને પુછે છે કે તમને શું થાય છે ? દરદી વગર સમજ્યે જે કહે એના ઉપર જ આધાર રાખી કાગળીયાં ઉપર બે બીલાડાં તાણી દે એટલે થયું ! જ્યાં ત્યાંથી પૈસા પડાવવા સિવાય બીજું કાંઈ નથી. હશે તમારા છોકરાનું નામ શું કહ્યું ?

સુખી૦—ગોવિંદો.

સોમે૦—ગોવિંદ, ઠીક. ( આંગળીના વેઢા ગણે છે ) ગોવિંદ ગો, ગા, ગે, ગી, લગન મકર રાશીનું આવે છે. મકરના લગન પ્રમાણે જોઇએ તો જ્યોતિષસારમાં કહ્યું છે કે,

**चापे च यक्षिणीपीडा मकरे ग्रामदेवतात् ।**
**अपुत्रा दृष्टिजः कुंभे मीने आकाशगामिनः ।**

આ પ્રમાણે મકરના લગનવાળાને ગામદેવતાનો રોષ આવે છે. મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તૂળા–છોકરાને આઠમો ગુરૂ અને અગિયારમો ચંદ્ર છે. ચંદ્ર સારો છે પણ ગુરૂની જરા નડતર છે.

સુખી૦—તેનો ઉપાય ?

સોમે૦—ઉપાય અનેક છે. તેમાંથી તમે જે કરો તે. શાસ્ત્રોએ ઘણી છૂટ રાખેલી છે. દાન, જપ, બ્રહ્મભોજન વગેરે ઘણા પ્રકાર છે. (સ્વગત) સાળું બ્રહ્મભોજનથી આપણું શું વળે ? માટે આને બીજુંજ બતાવવું. (પ્રકાશ) ગામદેવતાનો રોષ હોવાથી અનુષ્ઠાન કે જપ કરાવવો એજ ઉત્તમ છે. જપ લાખ, પચાસ હજાર ગણવા કરાવશો એટલા થશે.

સુખી૦—તેમાં ખરચ કેટલું થશે ?

સોમે૦—ખર્ચનું જોઈ લેવાશે ! તમારા દીકરાને સારૂં થાય એટલુંજ અમારે જોઇએ છે. ખર્ચ તો જે થશે તે તમે આપશો, તે વિષે ફીકર થોડીજ છે ? તમે જાઓ, હું બધી ગોઠવણ કરૂં છું. રોજ ચરણામૃત તમારે ઘેર મોકલાવીશ. પંદર દિવસમાં આરામ થયોજ સમજી લેવો તમારે ! અને તેટલી મુદતમાં ગુણ ન થાય તો પછી આપણે જોઈશું આગળ શું કરવું તે.

સુખી૦—પણ ખરચ—

સોમે૦—તેની ફીકર તમે હમણાં શું કામ કરો છો ? તે બધું હું કરાવું છું. પણ જુઓ, વૈદ અને ડાકટરને પડછાયે પણ ન જશો હો ! અનુષ્ઠાનમાં કે જપમાં પાંચ રૂપીઆ ખર્ચાશે તે દેવનિમિત્તે જશે, પણ એ ચોરોને નકામા પૈસા શા માટે આપવા જવું ? હમણાં તો પંદરેક રૂપીઆ મોકલી આપો. પછી વધારેની જરૂર પડશે તો જોઈશું આગળ. જાઓ તમે હવે નિશ્ચિંતે.

સુખી૦—એમાં કાંઈ કમી—

સોમે૦—તેની તમે જરાએ કાળજી કરશો નહીં: મારૂં શું જાય છે ? હું તો દસમા શું પણ પાંચમાએ પતાવી દઉં; પણ તમારા દીકરાને આરામ થવો જોઇએને ? બીજાના જેવો અમારો લુચ્ચાઇનો ધંધો નથી, સમજ્યા ? જાઓ તમે હવે. રૂપીઆ જલદી મોકલો એટલે આજથીજ શરૂ કરાવી દઉં ! ધર્મના કામમાં ઢીલ ન કરીએ.

સુખી૦—પણ...

સોમે૦—કાંઈ ફીકર નહિ; તમે જાઓ નિરાંતે. ( સુખી જાય છે ) આજનો દિવસ તો સારો ઊગ્યો. દાતણની ચીરો છતી પડી ત્યારથીજ મને લાગ્યું હતું કે આજ કાંઈક લાભ થશે ખરો. એ સાંભળ્યું, તારે આજ ગોયણીમાં જમવા જવાનું છે તે યાદ છેને ? ગોદીને સાથે તેડતી જજે. ત્યાં કુંવારકા પણ જોઈતી હશેજ. વખતે ધરધણીના ધ્યાનમાં ન હોય તો યાદ કરાવવું એ આપણું કામ છે. જજમાનનું ખોટું દેખાય એ ઠીક નહિ. સંધ્યા ક્યાં સુધી આવી તે સાવ ભૂલી ગયો. સાળું ધર્મના કામમાં હમેશાં વ્યત્યય. સ્નાનસંધ્યા કોઈ દહાડો નિર્વિઘ્ને પતતાંજ નથી — **अंगुष्टाग्रे तु गोविंदं तर्जन्यां तु महीधरं**—આપણા ગ્રહ હમણાં જરા

સારા લાગે છે. વિકૃતબુદ્ધિને મનપસંદ કન્યા મળી જાય તો તેની પાસેથી સારો તડાકો પડે. પણ તેને જોઇએ તેવી કન્યા મળવાનીજ સાળી મુસ્કેલી છે તો ! જે મળે તેને પુછતાં રહેવું જોઇએ. કેશવા, અરે કેશવા ! જો બહાર કોણ બોલાવે છે. અવાજ તો શંખેશ્વરના જેવો લાગે છે. એ મહા ખટપટી છે, માટે કન્યાની વાત તેને કરૂં તો તે ગમે ત્યાંથી ખોળી લાવશે. (શંખેશ્વર પ્રવેશ કરે છે.) નમસ્કાર, શંખેશ્વર આવો, બેસો.

**શંખે૦**—નમસ્કાર. તમારા નિત્યકર્મમાં અડચણ તો નહિ આવેને શાસ્ત્રીજી ?

**સોમે૦**— ના ના, બેસો.—**कनिष्ठिकयां वसेद्विष्णुः करमध्ये तु माधवम्....**

**શંખે૦**—(સ્વગત) આ ભટ્ટાને આપણા કામની વાત ન જણાવતાં તેનીજ આગળથી વાત કઢાવવી. (પ્રકાશ) શાસ્ત્રીજી, ગરબડ કરશો નહિ, સંધ્યા શાન્તિથી કરી લ્યો. હું બેઠો છું; મારે ઉતાવળ નથી.

**સોમે૦**—એ તો રોજનું રહ્યું. આમતેમ બે છાંટા નખી દઇએ તોય પતે. રોજને રોજ શાન્તિથી સ્નાન સંધ્યા કરવા બેસીએ તો તો છોકરાં ધાન ભેગાંય ન થાય. તમે ક્યાં નથી જાણતા ?

**શંખે૦**—બરાબર છે. આપણે તો એવું કંઈ કરતાજ નથી.

**સોમે૦**—તમે ન કરો તો ચાલે પણ અમે તો શાસ્ત્રી ઠર્યા એટલે બતાવવા જેટલુંએ સવારના પહોરમાં ન કરીએ તો અમારૂં ટકુ ન નભે.

**શંખે૦**—એ પણ ખરૂં છે. ઠીક, પણ શાસ્ત્રીજી તમે વિકૃતબુદ્ધિની પાસે ગયા હતા ત્યાં શું કરી આવ્યા ? તેનાથી બીજાનું બોલવું જરાએ સહન થતું નથી, પણ તમને તો ગમે તેટલું બોલવાની છૂટ હશેજ ! તેની તમારી ઉપર બહુ શ્રદ્ધા જણાય છે હો.

**સોમે૦**—નારે ના, મારે પણ ઘણી વખત થાંભલાની પેઠે સ્તબ્ધ બેસવું પડે છે. શ્રદ્ધા વિષે કહેશો તો કહેવું જોઇએ કે તેની શ્રદ્ધા મારી ઉપર કંઇક છે ખરી; કેમ કે શ્રુતિમાં કહ્યુંજ છે કે **यजमानः श्रद्धा पत्नी,**

**શંખે૦**—પણ તેમને પત્ની ક્યાં છે ?

સોમ૦—એ શ્રુતિવાક્યનો અર્થ તમે સમજ્યા નહિ. **यजमानः श्रद्धा पत्नी**નો અર્થ એવો છે કે જજમાનની અમારી ઉપર શ્રદ્ધા છે તેથી તેમણે એક પત્ની ખોળવાનું અમને કહ્યું છે. શ્રુતિનો અર્થ બહુ ગહન હોય છે. તે તમારા જેવાથી એકદમ સમજાય નહિ. તે સમજવા સારૂ તો બાર બાર વર્ષ સુધી અધ્યયન કરવું પડે છે; અમસ્તાજ કાંઈ સમજાતા નથી.

શંખે૦—એમાં પુછવું શું? ઠીક, પણ તમે તેને માટે કન્યા ખોળી કાઢી?

સોમ૦—હા હા, ઠીક યાદ આપ્યું. કિૃતબુદ્ધિ કહેતા હતા કે તેની પાસે કોઈ હરામખોર લુચ્ચો માણસ ગયો હતો ને તેણે તેને અતિશય હેરાન કર્યા. એવો કોણ ગધેડો ગયો હશે કોણ જાણે! કહે છે કે તેણે દમ દઈ પરણવાની બાબતમાં તેના વિચાર બદલાવવાના ખૂબ પ્રયત્ન કર્યો. જગતમાં માણસો પણ કેવા મૂર્ખ હોય છે!

શંખે—પણ તેનો પરણવાનો વિચાર તો હજી કાયમ છેને! બાકી પેલો માણસ મૂર્ખશિરોમણી ને ગધેડો તો ખરો!

સોમ૦—હું વખતસરજ ત્યાં જઈ ચડયો એટલું ઠીક થયું; નહિ તો બધુંજ બદલાઈ જાત. હશે. પણ તારા ધ્યાનમાં કોઈ ઉમર લાયક કન્યા છે કે? કાળી કુબડી હશે ત્યાય ચાલશે; પરંતુ હમણાની છોકરીઓ જેવી ઉત્તરનો પ્રતિઉત્તર વાળે એવી વટવટ કરનારી જીભાળ ન જોઇએ. તે છેકજ અભણ જોઇએ; કારણ છોકરીઓના ભણતરની સાથે જીભ પણ વધી પડે છે. કહ્યું છે કે **विभूषणं मौनंपंडितानाम्** । ગામડાની ગમાર હોય તો વળી વધારે સારૂં.

શંખે૦—(વિચાર કર્યા જેવું કરી) તમે કહો છો તેવો એક છોકરો—અરે ભૂલ્યો છોકરી મારા ધ્યાનમાં છે ખરી. પણ—

સોમ૦—કહો જે હોય તે. ગોત્રબોત્ર તો આપણે બેસારી દઈશું ગમે તેમ. પણ એ જીભાળ નથીને? અમારે એ બાબતની પ્રથમ ખાત્રી કરવી જોઇએ.

શંખે૦—એ છોકરીના બાપની બે ત્રણ શરતો કબૂલ કરવી પડે એમ છે. એની શરતો કોઇએ કબૂલ ન કરવાથીજ છોડી પંદર સોળ વર્ષની

કુંવારી રહી છે. હા, પહેલાંથીજ ચોખ્ખી વાત કરવી સારી, પાછળથી પંચાત કામની નહિ.

**સોમે૦**—શું શું શરતો છે તે કહો તો ખરા. મશ્કરી તો કરતા કરતા નથીને ?

**શંખે૦**—હું મશ્કરી નથી કરતો; ખરૂંજ કહું છું. તમે આ ઘાટ બેસાડી આપશો તો તમને પાઘડી પણ સારી મળશે. છોકરી વિષે તો કાંઈ પૂછવા જેવું છેજ નહિ. રૂપાળી, સુશીલ, શરમાળ, તમારે જોઇએ તેવીજ ! જાણે મોઢામાં જીભજ ન મળે ! ગરીબ ગાય જેવી !

**સોમે૦**—(સ્વગત) આપણું નશીબ તેજ જણાય છે ખરૂં. (પ્રકાશ) પણ મારે એને નજરે જોવી પડશે એક વખત.

**શંખે૦**—એક વખત નહિ પણ દસ વખત જુઓ. તેમાં શું વાંધો છે ? પણ હમણાં મેં કહ્યું તે ધ્યાનમાં છેને ? કન્યાના બાપની શરતો કબૂલ કરવી પડશે.

**શંખે૦**—ચાલો ત્યારે આપણે એ ગૃહસ્થને ઘેરજ જઇએ. **શુભસ્ય શીઘ્રં.** ત્યાં કન્યાને જોઇશું ને તેની જે શરતો હશે તે પણ તેનાજ મોઢે સાંભળીશું. બેસતું આવે તો કરી દઇએ ચાંદલા ! સાળું આજ કાંઈ સંધ્યા પુરી થાય એમ લાગતું નથી. હશે. ચાલો ઊઠો. હું તો આ તૈયાર થયો અંગરખું પાઘડી પહેરી. હેં સાંભળે છે કે, કેશવાને કહેજે કે જરા સંધ્યા કરી લે, ને તું પંચભાગ લઈ આવજે. અમે જરા બહારજઇએ છીએ. ( જાય છે. )

( પડદો પડે છે. )

---

## પહેલો અંક સમાપ્ત.

# અંક ૨ જો.

## પ્રવેશ ૧ લો.

( સ્થળ-રસ્તો. વિકૃતબુદ્ધિ પ્રવેશ કરે છે. )

**વિકૃત૦**—કાલ પેલો ડોઢડાહ્યાનો સરદાર પરણવાની ના કહેવા આવ્યો હતો, તે ઘણું કરીને પાજી જસુડાના કહેવાથ જ ઠીક છે, બચ્ચાજી! આજ સુધી તેં મને જે હેરાન કર્યો છે તેનો બદલો હું તને સારી રીતેજ આપું છું હવે. મારા મનમાં એમ હતું કે આવડી ઉમરે પરણીને શું કરવું છે. આપણો ભત્રીજો છે તેનાજ નામ ઉપર બધું કરી આપીને આપણે શાંત સ્થળમા બેસી ભગવાનના નામની માળા ફેરવવી, એટલે થયું. પણ ના, હવે તો એ હરામખોર જસુડયાને હાથમાં શકોરૂં લઈ ભીખ મગાવીશ ત્યારેજ મારા જીવને નિરાંત વળશે. એટલા માટે તાબડતોબ પરણવું તો ખરૂંજ. સોમેશ્વરને કન્યાની ખોળ કરવાનું કહ્યુંજ છે. પાંચ પૈસાની લાલચ આપી છે એટલે તે આપણું કામ તડાકાબંધ કરી આપશે. બહુ ન બોલે એવી કોઈ કન્યા મળી જાય તો પછી તે કદરૂપી હોય કે ભીખારી હોય તની મને બીલકુલ પર્વા નથી. તેના બાપની જે કાંઈ શરતો હશે તે કબૂલ કરીશ, તેને મોંમાગ્યા પૈસા આપીશ, તેની સાથે પાંચ દશ માણસ આવશે તો તેને ઘરમાં રાખીશ, ગમે તે અડચણ ભલે આવે, પણ પરણવું એ તો નક્કી. ( જાય છે. )

( સોમેશ્વર પ્રવેશ કરે છે. )

**સોમેશ્વર**—( હસે છે ) મારા દીકરા શંખેશ્વરે બિચારા વિકૃતબુદ્ધિને છેતરવાની કેવી યુક્તિ ખોળી કાઢી છે! જો આ ચોગઠું બેસી જાય તો આપણું પણ કામ થઈ જાય! બેય તરફથી છકંછકા! વિકૃતબુદ્ધિને જોઈએ તેવી કન્યા મેળવી આપી એમ કહી તેની પાસેથી સારી પાઘડી પડાવીશું. દક્ષણા વગેરે તો જુદું છે જ. આ તરફ શંખેશ્વર ને જશવંતની યુક્તિ પાર પડવાથી તેમની પાસેથી પણ ઈનામ લેવાનું! પણ શંખેશ્વરના પ્રપં-ચમાં સામેલ થઈ જજમાનને છેતરવાનો દોષ આપણી ઉપર આવશે; અને તેથી વિકૃતબુદ્ધિની સાથે કાયમનો વાંધો પડવાનો, એનું શું કરવું? અરે, એ તો એમજ. વાંધો પડશે તો વળી જોઈ લઈશું આગળ ઉપર. 'તરત દાન

ને મહા પુણ્ય.' કાંઈ પણ સાહસ કર્યા વગર દ્રવ્યપ્રાપ્તિ થતી નથી. કારણ કહ્યુંજ છે કે **यत्नं विना नैव मिळन्ति द्रव्यं.** અને શંખેશ્વરના કહેવાથી હું છેતરાયો એમ કહી દઇશું વિકૃતબુદ્ધિને એટલે પત્યું. આ યુક્તિ જો ફતેહમંદ નીવડી તો તેની બધી મીલકત તેના ભત્રીજાને મળે એમ કહે છે, તે શી રીતે એ તો ઇશ્વર જાણે! આપણને તેનું શું કામ છે? વર મરો કે કન્યા મરો પણ ગોરનું ગજવું ભરાય એટલે બસ આ કામમાં મદદ કરવા બદલ શંખેશ્વરે આપણને સારૂં ઇનામ આપવાનું કબૂલ કર્યું છે. એક વાર વિકૃતબુદ્ધિ તેના ભત્રીજાના પંઝામાં સપડાયો એટલે પછી તેને કોણ પૂછે છે? માટે તેમ થતા પહેલાં વિકૃતબુદ્ધિ તરફની પાઘડીનું પાકું કરી લેવું જોઇએ એ તો ઠીક, પણ હમણા તો પહેલું કામ ગંગારામને વિકૃતબુદ્ધિ પાસે લઈ જવાનુ છે શંખેશ્વરની સાથે ગોઠવણ કર્યા પ્રમાણે ગંગારામ સંબંધી ઇદિરતીવર ગપાટા મારીને વિકૃતબુદ્ધિને સમજાવી દઈ, તરતજ મુહૂર્ત નક્કી કરી નાખવું ને લગન લેવરાવવું પણ ગંગારામના પુરૂષવેષ માટે વિકૃતબુદ્ધિ શું કહેશે માને ખબર? તે પરણવા બહુ અધીરો થઈ ગયો છે એમાં તો જરાએ શક નથી. તેને સાફ કહી દઈશું કે તારે હાલ ધુડીએ છાનુંમાનું પરણવું હોય તો આવી સોના જેવી સંધિ ફરી મળશે નહિ. ઘેર બેઠાં લક્ષ્મી ચાંદલો કરવા આવી છે ત્યારે મે ધોવા જશો તો હું ફરી આ ફંદમાં પડીશ પણ નહિ. એમ જરા પેચ દઈશું એટલે એના શા બાર છે કે ના કહે! થયું. વિકૃતબુદ્ધિ પાસે કેમ અને કેટલું બોલવું એ ગંગારામને બરાબર શીખવી રાખવું જોઇએ. આ મહાદેવનું દેવાલય આવ્યું. તેને અહીં આવવાનું કહ્યું છે. (દેવાલયનો પડદો ઉઘડે છે.) ગંગારામ તો આવેલો જણાય છે.

**ગંગા૦**—વાહ, શાસ્ત્રીજી! કેટલું બધું મોડું?

**સોમે૦**—આપણે જે કામ માટે જવાનું છે તેને જરા અંધારૂં થાય એ વધારે અનુકૂળ છે. તોપણ મને થોડું મોડું થયું છે એ ખરૂં. હું ઘેરથી તો વખતસરજ નીકળ્યો હતો. પણ રસ્તામાં પંદર વીસ માણસો મળ્યા તેમણે મોડું કરાવ્યું. એક શુકન પૂછે તો બીજો મુહૂર્ત પૂછે, ને ત્રીજો વ્યતીપાતનું પૂછે! આપણું શુ? પઈ પૈસો મળે એટલે ના કહેવાય નહિ વળી **परोपकारः पुण्याय.** લોકોના ઉપયોગમાં આવવું એ સારૂં છે. ઠીક છે; હવે આપણે જઇએ આપણા કામ માટે.

**ગંગા૦**—શાસ્ત્રીજી, તમારી ઉપર લોકોની આટલી બધી પડાપડી થાય છે ત્યારે તમારૂં જ્યોતિષ ને ધર્મશાસ્ત્ર વગેરેનું જ્ઞાન તથા અધ્યયન

ઘણું ઉત્તમ હશે. (સ્વગત) આને જરા ચડાવીએ. ( પ્રકાશ ) આ ગામમાં આપની બરાબરી કરી શકે એવો કોઇજ શાસ્ત્રી નહિ હોય કેમ ?

સોમ૦—એ શું પુછે છે ગાંડાની પેઠે ? આ ગામમા મહા વિદ્વાન્ હું એકલોજ છું. બીજા શાસ્ત્રીઓ તો ટકાના ત્રણ શેર ખપે છે. મારા જેવો તો માત્ર હુંજ ! થોડાંઘણાં નહિ પણ બાર વર્ષ કહાડયાં છે ગુરૂને ઘેર ! તારી પેઠે નાટકચેટકમાં પડયો હોત તો આજ 'આવો શાસ્ત્રીમહારાજ,' 'આવો શાસ્ત્રીજી' એમ કોઈ કહેત કે ? સંસ્કૃત તો જાણે મારી હથેળીનો મેલ !

ગંગા૦—(સ્વગત) મહારાજ બરાબર ચડયા વાયરે ! મરજીમાં આવે તેમ ગપાટા મારવા મંડયા છે. પુરેપુરા ગપ્પીદાસ જણાય છે. જોઇએ તો ખરા કે વળી કેવાક ગપાષ્ટક હાંકે છે ! (પ્રકાશ) શાસ્ત્રીજી ! આપને એવું સરસ સંસ્કૃત આવડે છે ત્યારે કયારે સંસ્કૃત બોલતા કેમ નથી ?

સોમ૦—અરે મૂર્ખા ! હું સંસ્કૃત બોલતો નથી તે એટલા માટે કે એ ભાષા બીજા કોઇને આવડતી નથી. સંસ્કૃત ન બોલવાનો હું ઘણી વખત નિશ્ચય કરૂં છું તોપણ શાસ્ત્રી રહ્યા એટલે મારી સાળી સંસ્કૃતભાષા જીભ ઉપર આવીને ઉભીજ રહે છે. જાણે કે તેનોજ હક હોય ! કાલનોજ એક દાખલો તને કહું છું. પ્રયાગ તરફનો એક ગવળી જાત્રા નિમિત્તે અહીં આવ્યો છે તેણે મને સહજ પૂછયું કે, "किदर जाते ?" મારાથી એકદમ બોલી જવાયું કે, "उत्तमे शिखरे जाते." પછી મારા લક્ષમાં આવ્યું કે આ અણઘણુ ગવળીને હું સંસ્કૃતમાં શો જવાબ દઉં છું ? તેજ પ્રમાણે તેણે એક વખત પુછયું કે "किदरसे आया ?" મેં કહ્યું કે, "आयातु वरदा देवी." સાળું આમ જ્યાં ત્યાં સંસ્કૃત આવી જાય છે. હું શું કરૂં તેને ? આટલું છે તેમ છતાં ઘડપણને લીધે હમણાં હમણાં મને જરા ઓછું દેખાવા લાગ્યું છે તેથી ઘણી વખત મારી ફજેતી થાય છે. એક વખત હું કથા વાંચતો હતો. અમારી જુની પોથીઓ કેવી હોય છે તે તો તને ખબર હશેજ. તેમાં લહીઆઓ જે અક્ષર કાઢે છે તે તો તોબા. य ના જેવો प ને प ના જેવો य. व ને ब બન્ને સરખાજ. તેમાં એક ઠેકાણે पांडवानां युधिष्ठिरः એમ લખ્યું હતું, તેને બદલે અમે यांडवानां पुधिष्ठिरः વાંચ્યું એટલે બધા ખડખડ હસવા લાગ્યા. મારી ભૂલ મારા લક્ષમાં આવી, પણ મેં અડાવી દીધું કે ગમે તેમ તોપણ શ્રુતિ. તે ગમે તેમ વાંચીએ

તોપણ કાંઈ શ્રુતિના અર્થ બદલાય છે? પણ હમણાંના ભણેલા છોકરાને આ તત્વ કાંઈ ગળે ઊતરે? તેમને તો કાનો, માત્રા, હ્રસ્વ, દીર્ઘ બધું બરાબર વાંચવું જોઇએ ને બોલવું જોઇએ. ખરા આસ્તિક તો જુના જમાનાનાં માણસો! અમારા મોઢામાંથી બોલ નીકળે તેજ વેદપ્રમાણ. અમારા વચન ઉપર શંકા કે સવાલ કોઈ કરેજ નહિ. આટલા માટે તો આજ કાલના આસ્થા વગરના માણસોનો આપણે બહુ સંબંધ જ રાખતા નથી. હશે. હવે આપણે જઈશું ને વિકૃતબુદ્ધિ પાસે? જો, તે તને તારૂં નામ પૂછે તો શું કહીશ? નાનામાં નાનું નામ ખોળી કાઢજે. નહિ તો વળી કહેજે શકુંતલા, અતિયુકતલતા, કિશોરસુંદરી, કે અંદનચંદન ધનવિદ્યાગૌરી, એવું લાંબુંલચક નામ. તે કાંઈ પુછે તો હા કે ના સિવાય બીજો એક અક્ષર પણ તારે બોલવો નહિ. સમજ્યો? બીજું તો તને કાંઈ કહેવાની જરૂર નથીજ.

ગંગા૦—પણ મારા આ પુરુષવેપ વિષે તમે તેને શું કહેશો?

સોમે૦—તેની તારે ચિંતા ન કરવી. તેને એવી થાપ મારી દઉં છું કે હું!

ગંગા૦—(સ્વગત) શાસ્ત્રીમહારાજનું જ્ઞાન અને અધ્યયન તો આકાશથી પાતાળ જેટલું ભારે જણાય છે! વળી જરા તેમની મજાક તો કરીએ. (પ્રકાશ) શાસ્ત્રીજી! મને બહુ દિવસ થયાં એક શંકા છે. ફલાણીની ચોળી, ફલાણીનું ઘર એમ કહેવાય છે. તેમાંનો 'ફલાણી' શબ્દ કયાંથી આવ્યો છે? તેને સંસ્કૃત બંસ્કૃતનો આધાર હશે કાંઈ?

સોમે૦—એમાં તે શું છે? આ સવાલ તો છેકજ સાધારણ છે. તું નાનપણમાં રૂપાવળી, સમાસચક્ર, વગેરે કાંઈ શીખ્યો લાગતો નથી! **फलं, फले, फलानि:** 'ફલાણી' એ **फलम्** શબ્દનું પ્રથમાનું અનેક વચન.

ગંગા૦—એમજ?

સોમે૦—ઠીક. હવે મોડું શું કરવા કરવું? તારા જેવા છોકરાને મારા જેવો મહા વિદ્વાન્ પોતાના અમર્યાદિત જ્ઞાનભંડારમાંથી એકજ ચીજ કાઢીને બતાવે તોય તારા પાંચ જન્મ પણ પુરા ન પડે, માટે અત્યારે એમાં વખત કાઢવામાં કાંઈ અર્થ નથી. ચાલ, હવે વિકૃતબુદ્ધિ પાસે જઇએ.

ગંગા૦—(સ્વગત) શો મિથ્યા દંભી ? પોતાની મેળે મહા વિદ્વાન કહેવરાવતાં મારા બેટાને લાજ પણ આવતી નથી ! પણ શું કરવું ? આજ મારે પણ તેની સાથે પ્રસંગ પડયો છે, એટલે જે કહે તે હાએ હા. (પ્રકાશ) હા, ચાલો શાસ્ત્રીજી જઇએ. (બન્ને જાય છે.)

## પ્રવેશ ૨ જો.

(સ્થળ—શંખેશ્વરનું ઘર.)

શંખે૦—(નોકરને) તને કહેલું ગાયન મોઢે કર્યું છે કે ?

નોકર—હાજી.

શંખે૦—બોલ જોઇએ. આજ સાદ બાદ તો સારો છે ને ?

નોકર—સાદ ઠીક છે ને બોલીશ પણ ખરો. પરંતુ એ ગાયન બીજું કોઈ સાંભળે તો ઠીક નહિ.

શંખે૦—કેમ ?

નોકર—લોકો સાંભળશે તો સૌ તમને કવિ કહીને બોલાવશે. વળી તેમાંનો વિષય એવો છે કે ઘણા લાલાજી અને સહેલાણી લોકો તમારો ને સાથે મારો દ્વેષ કરશે, ને પછી તેવાને ઘેર પણ આપણાથી નહિ જવાય.

શંખે૦—વારૂ બોલતો ખરો. (નોકર ગાવાની શરૂઆત કરે છે એટલામાં જશવંતરાય પ્રવેશ કરે છે.)

જશ૦—(સ્વગત) શી ગમ્મત ચાલી રહી છે ! ચિંતા એટલે શું એની આને ખબર પણ છે ? લુગડાંલત્તાંની ટાપટીપ, હાર્મોનિયમ, ગાનતાન, ગાડીઘોડા એમાંજ આખો દિવસ મસ્ત. (પ્રકાશ) અહો રંગીલદાસજી, આ ક્ષણે તમને કોઈ ભયંકર રોગનો ઝટકો લાગે કે ફાંશીની શિક્ષા થાય તોજ વખતની કીમત અને મહત્વ સમજાય.

શંખે૦—ત્યારે માણસે શું કરવું એવો તમારો મત છે ?

જશ૦—કાંઇજ ન કરવું. ઊંઘવું, નાટક તમાસા જોવા, ગાનતાનમાં ગુલતાન રહેવું, મીજબાનીઓ ઉડાવવી, ગાડીઘોડા દોડાવવા ને સહેલાણી લાલા થઇને ફરવું !

શંખે૦—આ ઉમરમાં તો તેજ કરવું જોઇએ. વાળ ધોળા થાય, ગાત્ર શિથિળ થાય, આંખે દેખાતું ને કાને સંભળાતું બંધ થાય તે વખતે બીજી બાબતોનો વિચાર કરવા માટે ઘણો વખત છે.

જશ૦—એ પણ ઠીક. સર્વ શક્તિઓ નરમ પડવાથી કાંઈ કરી ન શકાય તે અવસ્થા સારાં કામો કરવા માટે યોગ્ય. કેમ ?

શંખે૦—આજ તું નરસિંહમહેતાનાં કે મીરાંબાઈનાં પદ વાંચીને આવ્યો લાગે છે.

જશ૦—હા, અને દયારામની પ્રેમપંચોતરી તારા માટે રહેવા દીધી છે!

શંખે૦—ઓહો! પાંડિત્ય તો ખૂબ ચલાવ્યું ને શું? હું તને સાફ કહું છું કે તારે મારી સાથે વેદાન્તની સુકી વાતો કદી કરવી નહીં. વાત કરવી હોય તો પહેરવાઓઢવાની, ખાવાપીવાની કે ગાનતાનની કરવી.

જશ૦—બહુ સારૂં સાહેબ!

શંખે૦—જવા દે એ વાત. પણ તું સમાજમાં કેમ દેખાતો નથી?

જશ૦—કઈ સમાજ ?

શંખે૦—વાહ! જાણે જાણતોજ નહિ હોય.

જશ૦—ખરેખર, મને ખબર નથી.

શંખે૦—વાહરે વાહ! અહીંની સહેલાણી મંડળીએ એક નવીન સમાજ સ્થાપન કરી છે. તેનું નામ સહેલાણી સમાજ રાખ્યું છે. એમાં કોઈ નવીન ગવૈયો આવે તો તેના ગાયનનો જલસો થવાનોજ. હાર્મોનિયમ અને તબલાની મઝા તો રોજ સાંજના ચાલવાનીજ. તેમજ ચોપાટ ને ગંજીફાની ગમ્મત પણ કાયમની. કોઈ નાટક કંપની હોય તો તેમાંના સારા સારા ગાનારા છોકરાઓના ગાયનની પાર્ટી પણ થવાની ખરી. તું નથી જાણતો એ નવાઈજ યાર!

જશ૦—હું તો શું પણ ઘણા જાણતા નથી. પણ એ સમાજના પ્રમુખ કોને બનાવ્યા છે?

શંખે૦—છે એવાજ એક લાયક ગૃહસ્થ. તેનું નામ લહેરચંદ પથ્થરલાલજી. તેના દિવસના ચોવીસ કલાકમાંના ત્રણ ચાર કલાક તો કપડાં પહેરવામાંજ જાય છે.

જશ૦—મને તો એમ લાગે છે કે, કોઈ માણસમાં કાંઇક વ્યંગ હોય એટલે તે ઢાંકવા સારૂ તેણે ખોટા દાંત બંધાવવા, માથે વાળની ટોપી

નાખવી, દાઢી મુછે કળપ કરવો, એવું એવું કંઈ કંઈ કરવું. ચોટલી લાંબી હોય તો તેની આસપાસ બેચાર તસુ પહોળી ધારી રખાવીને કે બોડે માથે બાબરી રખાવીને, માથાની શોભા વધારવી; શરીર ભભકદાર હોય તો લોકોને તેવું દેખાય તેવી રીતે લુગડાં પહેરી છાતી કહાડીને કબૂતરની પેઠે ડોલતાં ડોલતાં ચાલવું. 'એક નૂર અદમી સો દસ નૂર કપડા' અથવા 'વીસ વસા લુગડાં' એવી કહેવતોજ છે.

શંખે૦—આ બધું તેમણે ઉઘાડી રીતે કરવું જોઇએ એજ તારૂં કહેવું છે ને?

જશ૦—ના, પણ તેમને તેમ કરવામાં હરકત બીલકુલ નથી. વાળની ટોપી પહેરતી વખતે અથવા ખોટા દાંત બેસારતી વખતે ખરાબ લાગે, પણ એ બેસાર્યા પછી સારૂં દેખાવુંજ જોઇએ. નાટકશાળામાંની 'ડ્રેસરૂમ'-માં સર્વ પ્રેક્ષકોને જવાની છૂટ હોય તો ત્યાંનો દેખાવ કેવો મનોહર લાગે વારૂ! ને એનાં એજ પાત્રો શણગાર સજીને રંગભૂમિ ઉપર આવે છે ત્યારે કેવાં સરસ દેખાય છે? પોતાના મિત્રને કે ચાકરને પણ પોશાક પહેરવાની ઓરડીમાં આવવા દેવા ન જોઇએ.

શંખે૦—તારૂં આ કહેવું સાવ સાચું છે.

જશ૦—હું થોડા દિવસ ઉપર મારા એક સ્નેહી સાથે એક વૃદ્ધ ગૃહસ્થને ઘેર ગયો હતો. અમે તેને ખબર આપ્યા વગર એકદમ ઉપર ગયા એટલે તેણે પાસે પડેલી એક વાળની ટોપી પોતાના ટાલ પડેલા માથા ઉપર મુકી તે ગરબડમાં ને ગરબડમાં અવળી જ મુકાઈ ગઈ!

શંખે૦—વાહ વાહ! પછી શું થયું?

જશ૦—થવાનું શું હતું? મારો મિત્ર ઘણો વિચિક્ષણ હતો. તે પેલા વૃદ્ધ ગૃહસ્થના કાળાભોર વાળનાં માર્મિક વખાણ કરવા લાગ્યો. પણ તેની કૃત્રિમ ચોટલીની ગાંઠ કપાળ ઉપર આવેલી જોતાં મારાથી હસવું દબાવાતું નહોતું. હું મનમાં ને મનમાં હસતો હતો. હશે. જવા દે એ વાત. પણ હમણાં તું કહેતો હતો એ લહેરચંદ કોણ છે?

શંખે૦—લહેરચંદ ને? તેને માણસ શા માટે કહેવો એનીજ મને સમજણ પડતી નથી.

જશ૦—તારે તેની સાથે ક્યાંથી ઓળખાણ થયું?

શંખે૦—ઓળખાણ ક્યાંથી થયું શું? રસ્તાના જનાર સાથે પણ

ઓળખાણ કરે એવો એ માણસ છે. તે બીજા કહેવાતા મોટા માણસ જેવો દંભી કે અભિમાની નથી, સમજ્યો? તેનો ભભકો માત્ર ઓર તરેહનો છે. અકલના નામે તો મોટું કુંડાળું! તે સમજે છે કે પોતે કોઈ મોટો સરદાર છે. તે કોર્ટમાં જાય છે ત્યારે કામ ચાલતું હોય તોપણ ન્યાયાધીશને કે તેમની સામે ભાષણ કરતા વકીલને બબ્બે સલામો સાથે ભરે છે. આજ ગાયનપાર્ટી તો કાલ ચાહપાર્ટી ને પરમ દિવસ આઇસક્રિમપાર્ટી, એમ હમેશાં તેને ત્યાં કાંઇને કાંઈ ચાલતુંજ હોય. પાસે પૈસા સારા છે એટલે કાંઈ વાંધો નથી. તે હમેશાં છજામાં ઉભો રહી રસ્તે જતા આવતા સહેલાણીઓને બોલાવી તેમનો આદર સત્કાર કરે છે. એટલા માટે તો તેણે રાજરસ્તા ઉપર એક મકાન ભાડે રાખ્યું છે. લગભગ વનમાં પડયો હશે પણ તેનો ભભકો જોયો હોય તો જાણે અઢાર વીસ વર્ષનો જુવાનજ!

**જશ૦**—ત્યારે તમારી સહેલાણી સમાજનો પ્રમુખ તો સર્વાંશે એ પદને લાયકજ જણાય છે. તે પરણ્યો તો હશેજ.

**શંખે૦**—પરણે તો ઘણોય, પણ એવા લાલાજીને પોતાની દીકરી આપે કોણ?

**નોકર**—( પ્રવેશ કરી ) લહેરચંદ શેઠજી આવ્યા છે.

**શંખે૦**—( જશવંતરાયને ) તે ઘણું કરીને ગાયન કે મીજબાનીનું નોત્રું દેવા આવ્યો હશે, એ સિવાય બીજું કામ હોયજ નહિ. 'સહેલાણી સમાજ' ના સેક્રેટરી તો નામનાજ. સીપાઇનું, સેક્રેટરીનું ને પ્રમુખનું બધું કામ એ પોતેજ કરે છે. પાર્ટીની યોજના કરવી, આમંત્રણ આપવાં, વ્યવસ્થા કરવી, એ બધું જાતેજ કરે. આવી રીતે તનમનથી કામ કરનારા પ્રમુખ કોઈ સમાજને ભાગ્યેજ મળે છે! ( નોકરને ) તેમને ઉપર બોલાવ. ( નોકર જાય છે. ) તેનાજ શ્રીમુખે તેનો ઇતિહાસ તને કહેવરાવું છું. આલારામને ચાવી આપીએ એટલે જેમ વાગવા માંડે તેમ જોઈ લેવું તારે.

( લહેરચંદ પ્રવેશ કરે છે. )

**શંખે૦**—અહો! પધારો પધારો.

**લહેર૦**—સાહેબજી મિ. શંખેશ્વર. ( જશવંતરાય તરફ જોઈ ) સાહેબજી.

**શંખે૦**—સાહેબજી, બિરાજીયે. આજ આપના પગની રજવડે મારૂં ઘર આપે પાવન કર્યું, તેથી હું ઘણો આભારી થયો છું.

**લહેર૦**—વાહ, એ શું બોલો છો? આપની હવેલી ઘણીજ સરસ છે; બરાબર મારી હવેલી જેવીજ.

**શંખે૦**—એવું તે હોય? આપની સુસજ્જિત ભવ્ય હવેલી ક્યાં ને આ ઝુંપડું ક્યાં?

**લહેર૦**—મારી હવેલી રાજમાર્ગ ઉપર હોઈ, જરા વિસ્તૃત, ઊંચી અને નવી છે, અને આપની જરા ગલીમાં, નીચી ને જુની છે, એટલુંજ કે બીજું કાંઈ? ઠીક, પણ મિ. શંખેશ્વર, પરમ દિવસે મેં એક ગાયક મંડળીને બોલાવી છે, ને સાથે આપણી સહેલાણી સમાજના સભાસદો અને સ્નેહીઓને મીજબાની આપવાનો વિચાર રાખ્યો છે. તે પ્રસંગે આપની અને આપના મિત્રોની ખાસ જરૂર પડશે.

**શંખે૦**—અમારી જરૂર પડશે? બધા રસોયા ને પીરસણીયા મરી ગયા છે કે શું?

**લહેર૦**—એમ નહિ. મંડળી સાથે જમવા બેસવા આપના જેવા ગૃહસ્થોથી આવશ્યકતા છે.

**શંખે૦**—એમ કે? ત્યારે તો ઠીક છે. પણ આ મીજબાની માટે કયું સ્થળ ભાગ્યશાળી થવાનું છે?

**લહેર૦**—રાજા બહાદુરની હવેલી.

**શંખે૦**—રાજા બહાદુર આપના કાંઈ સંબંધમાં હશે.

**લહેર૦**—તે અમારા નજીકના સંબંધી થાય છે. તેની સ્ત્રી મારા કાકાના ઓરમાન ભત્રીજાના ભાણેજની માશીની ફૂઈની દીકરી.

**શંખે૦**—બહુજ નજીકનો સંબંધ તો ખરો! પણ એ રાજા બહાદુર મૂળ ક્યાંના વતની? વડોદરાના કે બાગલકોટના?

**લહેર૦**—કૈલાસપુરના.

**શંખે૦**—(બીજી તરફ જોઈ) હં, ચાવી લાગુ થઈ જણાય છે ખરી.

**લહેર૦**—ચંપાવતીના રાજા બહાદુર, રાજનગરના રાજા બહાદુર, કૈલાસપુરના રાજા બહાદુર અને અમે એ બધા મૂળના એકજ. અમારૂં કુટુંબ બહુ પ્રાચીન છે. અમારા દાદાના દાદાના બાપ રાજનગરની દીવાનગીરી ઉપર હતા. અમારી હજી પણ ત્યાં મોટી જાગીર છે. હિંદુનો રાજઅમલ નાશ થઈ મુસલમાનોનો અમલ થયો તે વખતે અમારા પૂર્વજોએ પરાક્રમ કરવાથી દિલ્લીપતિ તરફથી અમને વંશપરંપરાનો 'તખ્ત-ઈ-મુ.

લાજત 'નો માનવંત ખીતાબ મળ્યો હતો. પછી મુસલમાની અમલ ઉતરી મરાઠી સત્તાનો ભગવો ઝંડો આખા હિંદુસ્તાનમાં ઉડવા લાગ્યો ત્યારે પેશવા સરકારે અમારા પરાક્રમ ઉપર ખુશી થઇને અમને 'રાજા બહાદુર 'નો ખીતાબ આપ્યો. આ બેઉ ખીતાબ આજ સુધી અમારા વંશમાં ચાલુ છે. પણ એ બધાનો હવે શો ઉપયોગ ? અત્યારે એ ખીતાબ ને માનનો ભાવ કોણ પૂછે છે ? હશે. ગ્વાલેરથી એક પ્રસિદ્ધ ગવૈયો પરમ દિવસની પાર્ટીમાં આવવાનો છે.

**શંખે૦**—તેનું નામ શું છે ?

**લહેર૦**—નામ તો ગર્ધભસુર છે, પણ તેનો કંઠ એવો છે કે બસ. ગાતી વખતે જયારે તે બરાબર તાનમાં આવે છે ત્યારે તો જાણે ગંધર્વ-નોજ અવતાર. તે વખતે મૌલાબાદના મોલવી સાહેબ, શ્રીનગરના સેના-ધુરંધર સાહેબ, મર્કટપુરના હનુમંતસિંહજી વગેરે મોટા મોટા માણસો આવનાર છે. હું નાનપણમાં જરા ઉલ્લુજ હતો. મેં નાચ તમાસામાં બહુ પૈસા ઉડાવ્યા છે. પછી મને મર્કટપુરની સુબેદારી મળી, અને થોડાજ વખતમાં મારા વડીલ બન્ધુને મરવાની લહેર આવવાથી હું તેમની જગાએ એકદમ સરસુબા થયો. તે વખતે મારો એવો ભભકો હતો કે બસ. માથે સોનેરી ફટકો, સરબતી મલમલનું ઢીંચણ સુધીનું અંગરખું, ઉપર શેલુ ને કેડે તલવાર લટકી રહે. આંગળીઓમાં વેઢની તો પલટણની પલટણજ. આવા પોશાખમાં હું હમેશાં ફરતો ને ચેનબાજી ઉડાવતો. પણ તેનું હવે શું ?

**જશ૦**—હાલ આપ શું ઉદ્યોગ કરો છો ?

**શંખે૦**—( જશવંતરાયને ) બિચારાને બોલી બોલીને શ્વાસ ચડયો છે, જરા થાક તો ખાવા દેશે કે નહિ ?

**લહેર૦**—મારે હજી બીજા ઘણાઓને ત્યાં આમંત્રણ આપવા જવાનું છે. ત્યાં પણ ખોટી થવું પડશે, માટે હું રજા લઉં છું.

**શંખે૦**—અમે અવશ્ય આવીશું. અમારા માટે આપ જરા પણ ચિંતા કરશો નહિ. ( લહેરચંદ જાય છે. ) ( જશવંતરાયને. ) બિચારો ચોખ્ખો બેલ જેવો છે. હશે તું પેલા સોમેશ્વર પાસે જા ને તેણે આપણા કામનું શું કર્યું તેની તપાસ કરી મને જણાવ, એટલે આપણે આગળની તજવીજમાં રહીએ. મને લાગે છે કે એ લાલચુ ભટ્ટાએ આપણું કામ સરેડે ચડાવી દીધું તો હશેજ.

( બન્ને જાય છે. )

## પ્રવેશ ૩ જો.

(સ્થળ—વિકૃતબુદ્ધિનું ઘર. વિકૃતબુદ્ધિ અને સોમેશ્વર બેઠા છે.)

વિકૃત૦—શાસ્ત્રીજી, બરાબર જોઇએ તેવીજ કન્યા ખોળી કાઢી. તમે હોંશિયાર તો ખરા હો.

સોમે૦—શું કહું? જાતની પ્રશંસા કરવી યોગ્ય નથી, નહિ તો આવા કામમાં મારી હોંશિયારી તો મારી પાસેજ છે. બીજા કોઇને આ કામ સોપી જોયું હોત તો ખબર પડત કે કેમ થાય છે.

વિકૃત૦—પણ આવી મિતભાષિણી કન્યા તમે એકદમ શી રીતે ખોળી કાઢી?

સોમે૦—શી રીતે એટલે? કાંઈ રસ્તામાંથી મળી જાય છે! તેની પાછળ કેટલી મહેનત ને ખટપટ કરવી પડી છે તે તો મારૂં મનજ જાણે છે. ઘેરઘેર ભટકવામાં ને લોકોની પળશી કરવામાં ચાર જોડ તો જોડા ફાટી ગયા ને જીભના કુકડા વળી ગયા ત્યારે આવી તમને મનપસંદ કન્યા મળી છે. (સ્વગત) મારા બેટાને પરણવાના ઘેનમાં મારા બોલવા ઉપર જરાએ કંટાળો આવે છે કે? નહિ તો 'ટુંકામાં કહો,' 'ધીમે બોલો,' 'નિશાની કરો,' એમ ધુરકીયાં કર્યા વગર રહેજ નહિ. (પ્રકાશ) મારી આ મહેનત બદલ તમે સારૂં પારિતોષિક આપશો, હું તે લઈશ, એ બધુંએ ઠીક. મારે કહેવાની કશી જરૂર નથી, પણ જરા સૂચવ્યું હોય તો સારૂં. કેમ, ખરૂં ને? બહુ નહિ, એક કોથળી બસ છે. પછી તમે રાજી થઇને પાઘડી તરીકે તે ઉપર જે આપો તે. બાકી પાંચ હજાર રૂપીઆ ખર્ચતાં પણ આવી કન્યા આ જન્મારામાં તો નજ મળે.

વિકૃત૦—(સ્વગત) ઠીક છે, હમણાં તો હા એ હાં ભણવી. (પ્રકાશ) શાસ્ત્રી, આ કામ પુરૂં પાધરૂં ઉકેલી દો એટલે કોથળી તો ઘરમાં પડીજ સમજી લેવી તમારે. તે વિષે બીલકલ ચિંતા કરવી નહિ. રહેવા બંગલો, પહેરવા ડગલો, અને ચોપડીઓનો ઢગલો, એમાં તમને કમીના નહિ પડે. પણ વચ્ચે પેલા જસુડયાની પીડા છે ને? તે કાંઇક અડચણ નાખ્યા વગર નહિ રહે. માટે તમે કાલનુંજ મુહૂર્ત જોઇ કાઢો. કાઢો પંચાંગ.

સોમે૦—( ગજવું દબાવી તથા પાઘડી ઉપર હાથ ફેરવી સ્વગત ) સાળું પંચાંગ તો ઘેર રહ્યું. હશે, કાંઈ ફીકર નહિ. ( પ્રકાશ ) અંહં, પંચાંગની કાંઈ જરૂર નથી. આખી 'મુહૂર્તચિંતામણિ' મારા જીવ્હાગ્રે છે. તેમાં વરના ગુણ અને શરીર પ્રમાણે જુદાં જુદાં મુહૂર્ત લગન માટે આપેલાં છે, માટે તેજ ગ્રન્થના આધારે સારૂં મુહૂર્ત જોઇ કાઢીશું. ( સાંભર્યા જેવું કરી ) કયો એ શ્લોક ? પાંચમા સર્ગનો છઠ્ઠો. હા, બરાબર સાંભર્યો હવે. "**प्रथमं वक्रतुंडं च**"—એટલે વરરાજાનું મોઢું જરા વાંકું-ચુંકું હોય તો તેને માટે પ્રથમા એટલે પ્રતિપદાનું મુહૂર્ત સારૂં. '**एक दंष्ट्रं द्वितीयकम्**'—એટલે વૃદ્ધાવસ્થાને લીધે વરરાજાની બધી દાઢો પડી જઇ માત્ર એકજ રહી હોય તો તેને માટે બીજનું મુહૂર્ત સારૂં. અર્થાત્ પરણનાર છોકરો—અરે ભૂલ્યો, પરણનાર છોકરો કેવો ? પરણનાર ગૃહસ્થ ડોસો હોય તો તેણે બીજને દિવસે પરણવું. '**तृतीयं कृष्णपिंगाक्षं गजवक्त्रं चतुर्थकम् । लंबोदरं वा लंबकर्णं पंचमं च**'—વરરાજાની આંખો માંજરી હોય તો ત્રીજનું, મોઢું હાથીની શુંઢના જેવું હોય તો ચોથનું ને પેટ મોટું હોય અથવા કાન લાંબા હોય તો તેને માટે પાંચમનું મુહૂર્ત મંગળકારક છે. કાલે પાંચમજ છે. આપને માટે આ મુહૂર્ત સર્વોત્તમ લાગે છે. બીજાં ઘણાં મુહૂર્ત કહેલાં છે; પરંતુ તે વરરાજાના અમુકજ નામ માટે છે. '**एकादशं गणपतिम्**'—એટલે વરરાજાનું નામ ગણપતરામ હોય તો તેને માટે અગીઆરશનું મુહૂર્ત સારૂં આપનું મૂળ નામ તો એજ હતું ખરૂં ને ?

વિકૃત૦—પણ તેનો શો સંબંધ છે અહીં ?

સોમે૦—એ નામરાશીને માટે બારશનું મુહૂર્ત નિષિદ્ધ કહેલું છે.

વિકૃત૦—કેવી રીતે ?

સોમે૦—'**द्वादशंतु गजा ननः**'—આ પ્રમાણે એ નના મુકી શાસ્ત્રકારોએ બારશને સખત નિષિદ્ધ ગણી છે. આપણા જ્યોતિષશાસ્ત્રમાં સર્વ પ્રકારના ને સર્વ નામના વરની તુલના કરીને મુહૂર્ત વિષે કેવો ઊંડો વિચાર કર્યો છે, એ આપના ધ્યાનમાં આવ્યું હશે. અમારા પૂર્વજો કેવા દીર્ઘ વિચારી હતા એ આટલા ઉપરથીજ સિદ્ધ થાય છે. આજકાલના ગોટપીટ કરવા શીખેલા કહે છે કે હિંદુઓનું જ્યોતિષ તુત છે. પણ તેમણે બાપજન્મારે જ્યોતિષના ગ્રન્થો જોયા હોય તો ને ? મુહૂર્તમાર્તંડ, વિવાહચિંતામણિ, કૌસ્તુભ, ત્રિભુવનચિંતામણિ—

વિકૃત૦—બસ, બસ. હવે રહેવા દો તમારાં એ ચિંતામણિ તમારી પાસેજ. એ ભારે ભારે નામ સાંભળીનેજ હું તો ગભરાઈ ગયો છું, અને મારે ત્રૈલોક્યચિંતામણિની માત્રા લેવાનો પ્રસંગ આવ્યો છે. એ બધું રહેવા દઈને કાલનુંજ મુહૂર્ત નકી કરો. લગ્ન વખતે બોલવાના મંત્ર જંત્ર વગેરે બધું પાંચ મિનિટમાંજ પતાવી દેવું. કોઈ ચાલાક ગોરને મદદમાં રાખજો, ને પહેલેથીજ તેને સમજાવી દેજો કે તે વખતે બોલ્યા-ચાલ્યા વગરજ બધો નીકાલ કરી દે. મંગળાષ્ટક વગેરે કાંઈ બોલવાનું નથી એ ખાસ ધ્યાનમાં રાખજો ! પરણુતી વખતે મારા કાન ઠેકાણે રહેવા જોઈએ એ લક્ષમાં રાખી બધી તૈયારી કરવા માંડો જાઓ. નમસ્કાર.

સોમે૦—(સ્વગત) કાન ક્યાં જવાના છે? મહેતાએ તાણી તાણીને લાંબા કર્યા છે તે કાંઈ હવે નાના થવાના છે? (પ્રકાશ) એ તો ઠીક, પણ સરસામાન અને દક્ષણાનું—

વિકૃત૦—તે બધું હમણાં તમે કરી લેજો. જે ખર્ચ થશે તે હું પાછીથી તમને આપીશ. હં, ઊઠો. જાવ જલદી કરો. (સોમેશ્વર જાય છે.)

વિકૃત૦—(સ્વગત) ચોગઠું બેઠું તો ખરૂં. જસુડયા, હવે જોઉં છું તારી મઝા ! ગામમાં મારી હાંસી કરાવી મને ડરાવવા પોતાના સોબતીઓને મોકલે છે કેમ ? ઠીક છે, બચ્ચાજી ! (હસે છે.) છોકરી પણ કેવી લાયક મળી છે ! આપણે તો માત્ર તેના ટુંકા નામ ઉપરથીજ ખુશ ખુશ થઈ ગયા. અવાજ પણ કેવો તીણો ને મંજુળ ! વળી બોલવામાં પણ તેવીજ. જાણે મોઢામાં જીભજ ન મળે ! તે જીભાળ છે કે કેમ એ જાણવા માટે મેં તેને ઘણાએ સવાલ પુછયા, પણ એકેનો જવાબ સરખો આપ્યો છે? શરમથી કે શિખવવાથી કદાચ બોલતી નહિ હોય એમ ધારી તેને બોલાવવા મેં અનેક કલ્પના અને યુક્તિઓ લડાવી, પણ ઉચ્ચાર સરખો ન કર્યો. 'હા' કે 'ના' સિવાય એક અક્ષર પણ ન નીકળ્યો. એજ લાયક સ્ત્રી કહેવાય ! વળી લાજ મર્યાદા પણ કેવી ! આજકાલની અલડ છોકરીઓનો અંશ પણ ન મળે. આજની છોકરીઓ તો જાણે મહાદેવના દેવળમાંનો ઘંટ ! તે પુરૂષવેષમાં હતી પણ કાંઈ સ્ત્રીપણું ઢાંકયું રહે છે? છો રહેતો તેનો પુરૂષવેષ; આપણને શી અડચણ છે ? પેલો લુચ્ચો શાહાણાનો સરદાર થઈ મને બીવડાવવા આવેલો તે કહેતો હતો કે, તમારી સ્ત્રી દરદાગીના માગશે, લુગડાં માગશે, ફૂલાણું માગશે ને ઢીંકણું માગશે. તેને કહીશું કે લે તારી આંખોમાં થોડું મીઠું ને મરચાં નાખ બચ્ચાજી ! ઠીક. આટલે

સુધી તો સીધેસીધું થતું આવ્યું છે. હવે કાલની તૈયારી કરવી જોઇએ. બેચરજી; અરે બેચરજી! (બેચરજી આવે છે.) હમણાં શાસ્ત્રી મહારાજ સાથે લગનનું નક્કી કર્યું તે તેં સાંભળ્યું ને? શાસ્ત્રી મહારાજ કહે તે બધી તૈયારી તેમને કરી આપજે. વખતો વખત શંખ ફુંકતો મને કહેવા આવતો નહિ. સમજ્યો? હાથ ઊંચો કર; બોલીશ નહીં. (બેચરજી હાથ ઊંચો કરે છે. વિકૃતબુદ્ધિ જાય છે.)

બેચર૦—(સ્વગત) ઈનીબુનનું સામતરીએ એક પોર વાર વટવટ કર્યા કર્યું તે બધું હંભળાણું, ને હું માતર એક સબદ બોલું તોય કાન પાકી આવે. કેવો તરાસ! કાલ બૈરૂં આવશે તે મુગુંજ થઇને આવશે કે હું? બધાં બૈરાં બડબડયા સભાવનાંજ હમજી લેવાં. બડબડાટ કરીને ધણીને અધીં કરી નાખ્યા વના રેજ નઈ, તો વળી આ આવનારૂં મુંગું ક્યાંથી આવશે? ઈ આવશે એમાં આપણુને તો હારૂંજ સે. ઈ બોલશે એટલે આપણા મુઢાનાં તાળાં પણ ઉઘડશે. ઈ બૈરૂં માણુહ બોલ બોલ કરે તો પસી હું મરદ થઇને હું કામ મુંગો રઉં? મારી હાહુની જીભ પણ બઉ દીથી કટાઈ ગઇસે, ઇને જરા ઘશી કારવીને ત્યાર કરી રાખું!

(જાય છે.)

---

## પ્રવેશ ૪ થો.

---

(સ્થળ—રસ્તો. શંખેશ્વર અને ગંગારામ વાતો કરે છે.)

ગંગા૦—હું જાઉં છું હવે. તમે પણ સોમેશ્વરની વાટ ક્યાં સુધી જોશો?

શંખે૦—જરા ઉભો તો રહે, હમણાંજ આવશે. એ આવે એટલે તું જા. ત્યાં સુધીમાં બિકૃતબુદ્ધિને ત્યાંની મજાની વાત તો કર. કહે છે કે એ ડોસલો તારી ઉપર ફીદા ફીદા થઈ ગયો? તું ત્યાં કેટલીકવાર રહ્યો હતો?

ગંગા૦—હું અર્ધોક કલાક તેની પાસે રહ્યો હઇશ. તેટલામાં તો તેણે મને આડાઅવળા પચીસ પચાસ સવાલ પૂછ્યા હશે! પણ બંદા તો દેવના પુતળાની પેઠે નીચું જોઈ ભોંય ખોતરતા બેસીજ રહ્યા! તેથીજ એ

મારી ઉપર ખુશ થયો દેખાયો. પછી મને મુકવા તેના નોકરને મારા ઘર સુધી મારી સાથે મોકલ્યો. કહે છે કે ત્યાર પછી મુહૂર્ત સંબંધી સોમેશ્વર સાથે ઘણી ભાંજગડ ચાલીને છેવટે કાલનુંજ મુહૂર્ત નક્કી થયું છે. થયો તમારો બેડો પાર. જુઓ પેલા શાસ્ત્રી મહારાજ આવ્યા. હવે મને જવા દો.

શંખે૦—સારૂ, જા. (ગંગારામ જાય છે ને સોમેશ્વર આવે છે.)

સોમે૦—તમારા ગંગારામે તો બરાબર બજાવી હો. એ ડોસાને તો એમજ લાગ્યું કે એ ખરેખર છોકરીજ છે. તે એટલો તો અધીરો થઈ ગયો છે કે કાલનાજ મુહૂર્તે પરણાવી દેવાનું મને કહે છે. મને બીક લાગતી હતી કે મારો બેટો કાંઇને કાંઈ શંકા કાઢ્યા વગર નહિ રહે. પણ ગંગારામને જોઇને તે તો થંડોગારજ થઈ ગયો. જો કે પ્રથમથી મેં બધી રસોઈ તૈયાર કરી મુકી હતી, ગંગારામને તો માત્ર પીરસવાનુંજ હતું, તે તો જુદી વાત છે.

શંખે૦—શાબાસ શાસ્ત્રીજી! તમારી આ ઉત્કૃષ્ટ કામગિરી બદલ તમને શું આપવું ને શું ન આપવું એમ મને થઈ જાય છે!

સોમે૦—'શું આપવું' એ તો ઠીક પણ 'શું ન આપવું' એટલે શું? અર્થાત્ આટલી બધી મહેનતના બદલામાં મને માત્ર સુકી શાબાસીજ આપવાના છો કે શું તમે?

શંખે૦—હદ થઈ ભાઈ હવે તો. તમે પણ વિકૃતબુદ્ધિની પેઠે છેકજ અધીરા કેમ થાઓ છો? "ભેંશ ભાગોળે ને ઘેર ઝરડકા"ના જેવું ન કરશો. કામ તો ઉકેલો. તમારી પાઘડી તો છેજ, એ ક્યાં જવાની છે?

સોમે૦—અધીરાઈ તો કાંઈ નહિ; પણ આજકાલ લુખા ઉપકાર માની પતાવી દેવાનું બહુ વધી પડયું છે, એટલે મને સ્હેજ લાગ્યું કે તમે પણ એવી રીતે પતાવી દેવા માગતા હો તો જરા સૂચવેલું સારૂં. મનમાં તો કાંઈ ન હોય પણ ડગલે ને પગલે હાલના ભણેલા કહે છે કે 'ઉપકાર થયો, આભાર થયો.' એનો એક અંગ્રેજી શબ્દ છે—શું સાળો?

શંખે૦—થેંક્યુ?

સોમે૦—હા–હા એજ. એક નાનકડી વાતમાં પણ પાંચ દસ વખત 'થુંકું' આવ્યા વગર ન રહે. એનો અર્થ શું? વિવેકનો ખોટો ડોળ! અમારામાંના કોઈક 'જે છે તે' કહે છે તેના જેવુંજ મને તો લાગે છે. હજારો વખત "થુંકું, થુંકું," કહેવાથી આખાએ ઘરમાં કાંઇ કારેલાં

વધારાયાં? થુંક ઊડવાથી ઉલટું અભડાય! કેમ ખરૂં કે ખોટું? તમેજ કહો. માણસનો સ્વભાવજ એવો છે કે પોતાનું કામ પતી જાય એટલે તે બદલ કોઈ ઈનામ માગવા આવે ત્યારે ઉલટી તેના ઉપર રીસ ચઢે. કહેવત છે કે 'ગરજ સરી ને વૈદ્ય વેરી.' આમાં કોઇનો દોષ નથી. શ્રી ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે, "कामात्क्रोधोऽभि जायते"–પોતાનું કામ થઈ રહે એટલે માણસને ક્રોધ આવેજ. તમે તો તેવા નથી, અને તે માટે મને શંકા પણ નથી.

શંખે૦—પણ મુહૂર્તનું નક્કી કર્યું પહેલાં?

સોમે૦—હા હા, કાલના ગોરજ મુહૂર્તે 'શુભલગ્ને સાવધાન' થઈ રહેવું તમારે. હું તેનીજ તૈયારીમાં છું. એક બ્રાહ્મણ જોઇએ તે જોઉં છું. બ્રાહ્મણ તો એક કહેતાં એકવીશ મળે પણ આપણને ફાવતો આવે એવો જોઇએ ને?

શંખે૦—તમારો કેશવો છે ને?

સોમે૦—કેશવો તો છેજ, પણ બીજો એક જોઇએ. (સંભારવા જેવું કરી) ઠીક યાદ આવ્યું. અમારો પેલો તાપીશંકર કામમાં આવે એવો છે. તેને એકવાર કાનમાં મંત્ર મારી દીધો એટલે બસ. પા કલાકમાં બધું સાંગોપાંગ પતાવી દે એવો છે.

શંખે૦—પણ એ તો ક્યાંક નોકરીમાં રહ્યો હતો ને?

સોમે૦—એ તો બધું કરે એવો છે. અષ્ટાવધાની જેવો છે! નોકરી, કથા, અનુષ્ટાન, ભાષણ, બધું સાથે નભાવે એજ હોશિયારી છે તો! ગયા શ્રાવણ મહિનામાં તેણે ત્રણ જણના અનુષ્ટાન સાથેજ કર્યા હતા, તે વળી નોકરી સાચવીને. એના જેવા સર્વ કળાકુશળ તો કોઈકજ હોય. હમણાં સરદીથી તેનો અવાજ બેસી ગયો છે એટલે તે શું બોલે છે તે હોઠ બહાર નીકળશેજ નહિ, એટલે વિકૃતબુદ્ધિના કાનની પંચાત પણ પતશે. તેને બે રૂપીઆ આપવાનું ઠરાવીશું ને કહીશું કે તે ઉપરાંત એક પાઈ પણ નહિ મળે.

શંખે૦—બેજ રૂપીઆ?

સોમે૦—બે રૂપીઆ ઓછા છે? બે રૂપીઆના આના બત્રીસ થાય! બે ઘડી ત્યાં આવવું એટલુંજ કે બીજું કાંઈ? (જોઇને) જુઓ તમારા મિત્ર જશવંતરાય અહીંજ આવે છે. તેની સાથે વાત કરવામાં વળી વખત

જાય માટે જાઉં છું; કાલ મળીશું. ( સોમેશ્વર જાય છે ને જશવંતરાય આવે છે. )

શંખે૦—તાળી ! યાર દે તાળી ! તારા કાકા સાહેબના લગ્નનું થયું નક્કી. કાલ ભડાકો ઉડવાનો ને ઈડરિયો ગઢ જીતવાનો !

જશ૦—ખરૂં ?

શંખે૦—ખરૂં એટલે ? અબઘડી સોમેશ્વર પોતે મને કહી ગયો. કાલનું ગોરજ મુહૂર્ત !

જશ૦—વારૂ; આટલે સુધી તો બરાબર પાંશર્યું પડયું, હવે આગળ શું થાય છે તેજ જોવાનું.

શંખે૦—આગળનું આગળ જોઈ લઈશું ! હમણાં તો આપણું કામ એટલુંજ કે તારા કાકાને પજવી ત્રાહી ત્રાહી પોકરાવવો. તારી ખાતર તેણે પરણવાનો આ ઘાટ ઘડયો છે તો તેનો એ બેત તદ્દન ઉલટાવી નાખવો, ને તેને નરમ કરવો. તે એક વખત શરણે આવ્યો એટલે તારૂં કામ ફતે થયું સમજીજ લેવું તારે. હમણાં એ વરરાજાને ત્રાસ આપવાની એક સરસ યુક્તિ મને સુઝી આવી છે. જો તે સાધે તો એવી બહાર આવે કે બસ !

જશ૦—શી યુક્તિ ?

શંખે૦—લહેરચંદે જે ગૃહસ્થોને રાજા બહાદુરની હવેલીએ બોલાવ્યા છે તે બધાને મોકલી દેવા વિકૃતબુદ્ધિની હવેલીએ ! જાણે મીજબાની ને ગાયનપાર્ટી ત્યાંજ થવાની છે ! એ બધાઓને ઘેર જઇને હું કહી આવીશ કે વિકૃતબુદ્ધિએ પોતાના લગ્નનિમિત્તે તમને પોતાને ત્યાં બોલાવ્યા છે. સહેલાણીસમાજની એ મંડળી એટલે વધારે કહેવાનું કે પૂછવાનું શું હોય ? ગાવા વગાડવાની બધી તૈયારી કરૂં છું, એટલે વરરાજાની હવેલી ગાજી ઊઠશે, ને તે એવો તોબાહ તોબાહ પોકારશે કે બસ !

જશ૦—યુક્તિ તો છે ઉત્તમ; પણ લહેરચંદ કબૂલ કરશે ત્યારે ને !

શંખે૦—ઓહો ! એ તો મારા હાથમાં. ( પડદા તરફ જોઇને ) આપણે વાત કરતા કરતા તેના ઘર આગળજ આવી પહોંચ્યા. લાલાજી છજામાં આરામ ખુરશી ઉપર પડયાજ છે. ચાલ ઉપર, જુએ છે શું ?

( લહેરચંદના ઘરનો પડદો ઊઘડે છે. )

શંખે૦—( લહેરચંદ સામા આવે છે તેને ) સાહેબજી.

લહેર૦—સાહેબજી, સાહેબજી. સ્વારી ક્યાંથી ?

શંખે૦—આપની પાસેજ આવ્યો હતો. આપની પાસે મારે જરા કામ છે, ને તે આપે કરવુંજ પડશે.

લહેર૦—મારી પાસે ને તમારૂં કામ? શું છે એવું ?

શંખે૦—આપે જે મીજબાની કાલે રાખી છે તે રાજા બહાદુરની હવેલીમાં ન રાખતાં બીજી કોઈ જગાએ રાખી હોય તો ? આપને કાંઈ હરકત હોવાનું ખાસ કારણ જણાતું નથી.

લહેર૦—પણ તેમ કરવાનું કારણ ? મેં ત્યાં બધી તૈયારી કરાવી છે ને બધાને આમંત્રણ પણ ત્યાંનાંજ દીધાં છે.

શંખે૦—પ્રયોજન આપને પછીથી જણાવીશ, અને મીજબાનીનું સ્થળ બદલ્યા વિષેની ખબર બધાઓને આપવાનું હું માથે લઉં છું. તૈયારી કરવા સંબંધી પણ બધી જવાબદારી હું મારે માથે લઉં છું. આપે તે વિષે યત્કિંચિત પણ કાળજી ન કરવી.

લહેર૦—બીજું કયું સ્થળ તમે પસંદ કરો છો ?

શંખે૦—વિકૃતબુદ્ધિની હવેલી.

લહેર૦—એમ હોય તો મને બીલકુલ અડચણ નથી; પણ વિકૃતબુદ્ધિ તે માટે કબૂલ છે પહેલાં ? આપણી મંડળીનું ગાવું, બજાવવું વગેરે તેમને ગમશે વારૂ ?

શંખે૦—એમ છે કે તેનાં લગ્ન કાલનાં છે એટલે જશવંતરાયને અને મારે તે પ્રસંગે ખાસ ત્યાં રહેવુંજ જોઇએ. આપે જે જે ગૃહસ્થોને બોલાવ્યા છે તેમાંના પણ ઘણાઓને ત્યાં ગયા વગર નહિ ચાલે એમ ચોક્કસપણે મને ખબર પડી છે. એટલે પછી રાજા બહાદુરની હવેલીમાં આપની મીજબાની માટે કોણ આવશે ? આપની ગોઠવણ ભાગી ન પડે માટે મેં આ રસ્તો ખોળી કાઢયો છે. આપણે આપની મીજબાનીની બધી તૈયારી ત્યાંજ કરાવીશું. આપ માત્ર પરોણાની સાથે આવીને બેસજો; બીજી બધી ગોઠવણ મારે માથે.

લહેર૦—એ ખરૂં; પણ—

શંખે૦—વળી પણ શું લઇને બેઠા છો ? હા કહો, બીજું શું ? આપને તેમાં જરા પણ ત્રાસ નહિ પડે. આપે મીજબાની સારૂ જે સરસામાન મગાવ્યો હોય તે મને આપો ને બાકીનું હું મારે કરાવી

લઇશ. આપ તો વહેવાઈની પેઠે વખત થાય ત્યારે આવી સાજનમાં બિરાજો એટલે થયું. આ વ્યવસ્થાથી બે કામ સધાય છે. એક તો આપની મીજબાની અને ગાયનપાર્ટી થાય છે, ને બીજું વિકૃતબુદ્ધિને પરણાવવા ગયા જેવું પણ થાય છે. 'એક પંથ દો કાજ.'

લહેર૦—એ બધું કબૂલ, પણ—

શંખે૦—ફરી આવ્યું એનું એ પણ? (સ્વગત) આને જરા રેચ દેવો જોઇએ. (પ્રકાશ) લહેરચંદ શેઠ, મારે આપને સ્પષ્ટ કહી દેવું જોઇએ કે તમે આમ 'પણ' લઈ બેસશો તો અમારામાંના કોઈથી મીજબાનીમાં નહિ અવાય. સમજ્યા? આ મારો મિત્ર જશવંતરાય વિકૃતબુદ્ધિનો સગો ભત્રીજો. તેના કાકાના લગ્નમાં તેને મદદ કરવી એ મારી ખાસ ફરજ છે. મીજબાની ને પાર્ટી તો રોજનાં છે, પણ કાંઈ વિકૃતબુદ્ધિનાં લગ્ન ફરી ફરીને આવવાનાં છે? આપજ વિચાર કરો. માટે અમારાથી આપની મીજબાનીમાં ન અવાય તો માફ કરશો. આપની મેળે જેમ ઠીક લાગે તેમ કરો. અમારે માથે પછી દોષારોપ આવે તે કામનું નહિ. માણસને સરળપણે કહીએ તો માન્યામાંજ ન આવે. ખરૂં કે નહિ જશવંતરાય?

જશ૦—એમાં ખોટું શું છે?

શંખે૦—(સ્વગત) આપણી માત્રા કંઈક લાગુ થઈ જણાય છે ખરી. (પ્રકાશ) કેમ, શો વિચાર કરો છો? હા કે ના જે ઠીક લાગે તે કહો.

લહેર૦—જુઓ, એમ ન કરો. હું-હું-

શંખે૦—એમ હું-હું નહિ, હા કે ના સ્પષ્ટ કહો.

લહેર૦—ઠીક ભાઈ, પણ ખરૂં કહું કે? મને-

શંખે૦—એમ દોઢજું ન બોલો, અન્તઃકરણથી હા કહો. હું તો તમે કબૂલ છો એમજ સમજું છું. ચાલો, હવે આ મીજબાનીના સંબંધમાં એક અક્ષર પણ બોલશો નહિ, ને જરાએ ચિંતા પણ કરશો નહિ. તમે સવામણની તળાઈમાં નિરાંતે સૂઈ રહો. વિકૃતબુદ્ધિને ત્યાં આપની બધી સ્નેહીમંડળીને લઇને બરાબર વખતસર પધારવા માત્ર ચૂકશો નહિ. આપે જેમને આમંત્રણ આપ્યાં હોય તેની યાદી મને આપો, એટલે તે બધાને હું ત્યાં આવવાની ખબર પહોંચાડું. (યાદી આપે છે.) ઠીક, અમે રજા લઇએ છીએ ત્યારે. તસ્દી માફ કરજો. સાહેબજી.

લહેર૦—વાહ! એ શું બોલો છો? સાહેબજી. (શંખેશ્વર ને જશવંતરાય જાય છે.)

શંખે૦—(રસ્તામાં) જશવંતરાય! કેમ કહ્યા પ્રાણે કબૂલ કરાવ્યું ને? તું હવે તારે કામે જા ને હું મારે કામે જાઉં. (જશવંતરાય જાય છે.) (હસીને) હા! હા! હા! બરાબર ભોળા શંભુનો પોઠીઓજ છે બિચારો. ખામી ફક્ત પૂંછડા શીંગડાંનીજ છે. જરા આંખ દેખાડી કે નરમ ઘેંશ જેવો. જગતમાં આવા માણસોનોજ વધારો હોય છે. ગમે તેમ થાય તોપણ પોતાનો મત ન બદલવો એવું જોર તેમનામાં હોયજ ક્યાંથી? જગતમાં આવા માણસ વધારે હોવાથીજ અમે બીજા ઉપર અમારી છાપ જલદી બેસાડી શકીએ છીએ. હશે. મારે પહેલાં તો રાજા બહાદુરની હવેલીને બદલે વિકૃતબુદ્ધિની હવેલીમાં મીજબાની અને ગાયનપાર્ટી રાખ્યાની ખબર બધાને પહોંચાડવી જોઇએ. બીજું, લહેરચંદે આણેલો સરસામાન પણ કબજે લઈ ત્યાં પહોંચાડવો. સોમેશ્વર પાસે વિકૃતબુદ્ધિની હવેલીના પાછલા બારણાની કુંચીઓ છેજ. બધી મંડળીને તેજ રસ્તેથી અંદર લેવાની ગોઠવણ કરવી. મારે હવે એજ કામમાં લાગવું જોઇએ. (જાય છે.)

——:o:——

## પ્રવેશ ૫ મો.

(સ્થળ—વિકૃતબુદ્ધિનું દીવાનખાનું. વિકૃતબુદ્ધિ આવે છે.)

વિકૃત૦—થયો! ઘાત થયો! કરવા જઇએ એક ને થાય બીજુંજ એમ કહેવાય છે તે અક્ષરશઃ ખરૂં. પહેલ વહેલી સોમેશ્વર બતાવવા તેને લઈ આવ્યો ત્યારે કેવી ગરીબ, શરમાળ અને નમ્ર દેખાતી હતી, અને એજ હવે-પરણ્યાને પુરા બે કલાક પણ થયા નથી એટલામાં તો ત્રાટિકાની પેઠે મોઢામાં જીભ ઝાલતી નથી! મને આ પરણવાનું ભૂત ક્યાંથી વળગ્યું કોણ જાણે! હું પેલા જસુડાના મમતે માર્યો કરવા ગયો પણ અન્તે ફજેતી તો મારીજ થવાનો વખત આવ્યો. 'ઘાનત એવી બરકત' ના જેવુંજ થયું કહેવાય. એ મને શું કહે છે? મારી સાથે પરણવાને બદલે મહારીની પુતળી સાથે પરણ્યા હત તો એ પુતળી કાંઈજ ન બોલત. કેવી ઉદ્ધતાઈ!

શી તોછડાઈ! બૈરીને આવું બોલવું ઘટે ? અને વળી હજી તો એક દિવસ પણ નથી થયો તેટલામાં ? લુચ્ચા સોમેશ્વરે મને ફસાવ્યો. એ હરામખોર મારી પાસે ઈનામ માગવા આવે તો તો હું તેને પુરેપુરૂં ઈનામ આપું ! લુચ્ચો ! નિમકહરામ ! ( શંખેશ્વર આવે છે. )

શંખે૦—( મોહેથી ધાંટા કાઢી ) વિકૃતબુદ્ધિ ક્યાં છે વિકૃતબુદ્ધિ ?

વિકૃત૦—( સ્વગત ) અરે પ્રભુ ! પેલો ચંડાળ આવ્યો જણાય છે ફરી. શું કરે છે કોને ખબર !

શંખે૦—( તેની તરફ જોઈ ) નમસ્કાર. બહુજ ઉત્તમ થયું. નામી જોડું મળ્યું. મને કેટલો આનંદ થયો છે, શું કહું ? હું તમારા સસરાનો મિત્ર છું.

વિકૃત૦—( સ્વગત ) હં, થયાં એનાં સગાં સંબંધીઓનાં ટોળાં આવતાં ! આજ લગ્ન હતું માટે દરવાજો જરા ઉઘાડો રાખ્યો કે આવી ભરાણા આ કાગડા. હવે એ મને અહીંથી ચસકવા પણ શેનો દે ? ભોગ મળ્યા !

શંખે૦—મારા મિત્રની દીકરી બહુજ રૂપાળી અને સદ્‌ગુણી છે. વાતચીત કરવામાં તો એકલી પાંચ દસની ગરજ સારે એવી છે ! આવું સ્ત્રીરત્ન તમને પ્રાપ્ત થયું તે માટે હું અન્તઃકરણ પૂર્વક અભિનંદન આપું છું. પહેલાં એક વખત ન પરણવાનો ઉપદેશ કરવા હું આવ્યો હતો, તે તમને યાદ હશેજ; તેજ હું તમારા પ્રશંસનીય કૃત્ય માટે આનંદ પ્રદર્શિત કરવા આવ્યો છું.

વિકૃત૦—ક્યા કૃત્ય માટે ?

શંખે૦—તમારૂં લગ્ન ! મેં તમને પહેલાં હજારો અડચણો બતાવી લગ્ન ન કરવાનું કહ્યું; પણ તમે તેથી નાહિંમત ન થતાં નિશ્ચય ટકાવી શક્યો, એ માટે તમારી જેટલી તારીફ કરીએ તેટલી ઓછીજ. આ ઉપરથી તમે સરળમાર્ગી, દૃઢનિશ્ચયી અને કર્તવ્યદક્ષ છો એ સ્પષ્ટ થયું છે.

વિકૃત૦—અમારા ગુણોની યાદીનું આ ટીપણું તમને કોણે આપ્યું ?

શંખે૦—એટલે ? સોમેશ્વર જેવા વાચાળ માણસને એકાદ વાત કહી એટલે તે આખા ગામમાં સપાટાબંધ પ્રસરી જાય એ તમે જાણતા નહોતા કે શું ? અહો, સોમેશ્વર તો સાદપાડુજ છે. બોલતી ચાલતી ધંટડીજ સમજી લેવી ! હશે, થયું તે થયું. હવે તેનું શું છે ? હવે તમે મિત્રમંડળી

સાથે સારી રીતે હળતા મળતા રહો, બોલો ચાલો ને આનંદથી બમનો લ્હાવો લ્યો. તમારે ત્યાં ગામમાંથી કેટલાક સારા સારા માણસો આવનાર છે. તેની સાથે વળી--

વિકૃત૦--( વચ્ચેજ ) ઓ બાપરે ! દરવાજો બંધ કરો પહેલાં દરવાજો ! બેચર્યા ! અરે બેચર્યા ! મુંગ્યા ! ધન્યા ! બધા હરામખોર મુઆ ક્યાં ? કામ હોય ત્યારે એક પણ ન મળે ને ખાવાને વખતે તો બધા તૈયાર ! મુંગ્યા ! (ચાકરો આવે છે ) ગધેડાઓ, મારા મોઢા સામું શું જોઇને ઉભા છો ? જાઓ, દરવાજો બંધ કરો પહેલાં, પછી બીજી વાત !

બેચર૦--બાશાબે હકમ કીધો સે કે બારણું વાસું સે તો માથુંજ ભાંગી નાખીશ. અમે હું કરીં ? જીવવું તો હોને સે કાકાશાબ ! બાશાબનાં માશી, ફૂઈ ને બીજાં ઘણાં મણીહ આવનારાં સે કેસે ઇમને મળવા. ઇમને કાંઈ બંધી કરાહે ? ( ચાકરો ચાલ્યા જાય છે. )

વિકૃત૦--અરે રામ ! ઘરની સાથે ઘરની વળીઓ પણ ફરી ગઈ ! શો ચમત્કાર ? મારૂં અન્ન ખાનાર મારા નોકર પણ મને આવો જવાબ દેવા લાગ્યા ! આ તો બાઈડી નહિ પણ શૂર્પણખા, હેડંબા કે ત્રાટિકાજ ! કેટલી ઉદ્ધતાઈ આ !

શંખે૦--એમનું કહેવું સાવ સાચું છે. કન્યાની ખરખબર રાખવા કોઈ જોઇએ કે નહિ ? ગામમાં ને ગામમાં છે એટલે પાંચપંદર દિવસ તેનાં પિયેરિયાંનો અવરજવર રહેજ. તે માટે કાંઈ બારણાં બંધ કરાય ?

વિકૃત૦--અહો પંડિતજી ! તમે અહીંથી પધારશો હવે ? તમે મારી પાછળ આદુ ને મરી આઇને કેમ લાગ્યા છો ? સોમેશ્વર કેવો લુચ્ચો માણસ !

શંખે૦--નીચ, હરામખોર !

વિકૃત૦--આ તે કાંઈ બાઈડી કહેવાય ? જીવતી જાગતી સાડસતીજ ! એ ભદ્રાનું નસંતાન જજો. ( લહેરચંદ અને તેની સાથે કેટલાંક માણસો આવે છે. )

લહેર૦--આમ આ તરફથી આવો.

વિકૃત૦--ઓય બાપરે ! આ તો દરિયાનાં મોઝાં ઉપર મોઝાં આવવા લાગ્યાં. જાણે ભરતીજ થઈ ! આ મોઢાં ફાડી ફાડીને શંખ ફુંકવા માંડશે એટલે આપણા કાનના પડદા તડાતડ તુટવા લાગશે. ધરતીકંપ થયા જેવું મને તો થવા લાગ્યું છે !

લહેર૦—વિકૃતબુદ્ધિજી, આપે લગ્ન કર્યાં તેથી અમને અત્યાનંદ થયો છે. હું આપના આ મીજબાનોની ઓળખાણ આપને કરાવું. આ...

વિકૃત૦—અરે રામ! આ શું તોફાન? મોં બંધ કરીને ગડદાપાટુનો મુંગો માર!

લહેર૦—આ જન્મશંકર આપનાં પત્નીના નજીકના સંબંધી છે એમ મિ. શંખેશ્વર કહે છે.

વિકૃત૦—(સ્વગત) થયું! થયું! એ રાંડના સંબંધીઓએ મારૂં ઘર બોળી દીધું! (જવા માંડે છે.)

શંખે૦—(તેનો હાથ ઝાલી) અહો વરરાજા! આમ કેમના ચાલ્યા? આ સૌ ગૃહસ્થો આપને મળવા આવેલા છે તેમને જરા આવકાર તો આપશો ને?

જન્મ૦—વિકૃતબુદ્ધિજી, આ પ્રમાણે છાની રીતે પરણવું ને પોતાના મિત્રોને પણ જાણવા ન દેવું એવો આપનો સંકલ્પ હતો કેમ? અમે આપનાં પત્નીના સંબંધી એટલે હવે આપના પણ સંબંધી થયા.

વિકૃત૦—(જરા એક બાજુએ જઈ ગભરાયા જેવો કાને હાથ દઈ ઊભો રહે છે ને બીજાઓ અંદર અંદર કુજબુજ કરે છે.) આ ચોરો આ પ્રમાણે અંદર અંદર કલબલ ક્યાં સુધી કર્યા કરશે?

શંખે૦—(બીજી તરફ) વિકૃતબુદ્ધિની ખોડ હવે તમે સારી રીતે સમજી ગયા હશો. તેને લગન બગનની આડીઅવળી વાતો પુછીને ખૂબ પજવવો. લહેરચંદજી, હું આપના મિત્રોને કરો જરા ઈસારો. હું મદદમાં છુંજ. અહીંથી તેને ખસવા દેવો નથી, સમજ્યા ને?

એક—અહો વરરાજાજી, ક્યાં ચાલ્યા અમને એકલા બેસાડીને!

શંખે૦—વાજીંત્રવાળાને બોલાવવા જતા હશે!

વિકૃત૦—(સ્વગત) આ યમદૂતો મને શાના છોડે હવે!

બીજો—હજી અહીં મીજબાનીની કાંઈ તૈયારી કેમ જણાતી નથી? વિકૃતબુદ્ધિજી, આમ પધારો. અમને કન્યાને તો બતાવશો ખરા ને? એક બીજાને કોળીઆ આપ્યા કે નહિ? શરમાશો નહિ, પરણે ત્યારે સૌને એમજ હોય.

શંખે૦—આ જન્મશંકર તમારી મોજડી જોવા માગે છે.

વિકૃત૦—જરી મો જોવું હોય તો જાય ઘેર. અહીં કોણે તેડાવ્યા હતા?

જન્મ૦—અહો મહેરબાન ! આમ મશ્કરીમાં વાત ઉડાવશો તે નહિ ચાલે હો. ગમે તેમ તોપણ તમે મોટા માણસ કહેવાઓ. તમારા જેવાને હાથી અમારા હક નહિ મળે તો ક્યાંથી મળશે ?

લહેર૦—નાચ, તમાસા, વાજીંત્ર વગેરે લગ્નમાં જે ખાસ જોઇએ તેને તમે છેકજ બાતલ કરો એ કાંઈ ઠીક કહેવાય?

વિકૃત૦—જુઓ—

જન્મ૦—જુઓ ને બુઓ રહેવા દો; અમે તે કાંઈ ચાલવા દેવાના નથી. વાજીંત્ર, નાચ, ગાયન, ચાહ, ટીફીન બધું જોઇશે.

લહેર૦—ગર્દભસુર ને છોકરા નીચે આવ્યા હશે કે આવતા હશે. તેમના ગાયનની ગમ્મત આપણે આ જ દીવાનખાનામાં રાખીશું એટલે થયું કે નહિ મિ. જન્મશંકર? વિકૃતબુદ્ધિજી રહ્યા એકલા એટલે કદાચ ભૂલી ગયા હશે, તેથી આપણે શું તેમનું ખોટું દેખાવા દઈશું કે ? તમે તો વળી તેમના હવે સંબંધી થયા !

જન્મ—બરાબર છે, એમજ હોય.

વિકૃત૦—અહો ગૃહસ્થો, મારી એક વાત જરા સાંભળશો પ્રથમ ? આ ઘરનો એક સ્વતંત્ર ઓરડો હું તમને આપું તેમાં ગાયન, વાજીંત્ર, નાચ, તમાસા–તમારે જે ગમે તે ધીંગામસ્તી સુખેથી કરો.

એક—ઘેર આવેલા ગૃહસ્થોને આમ કહેવું એ તેમનું અપમાન કરવા જેવું છે.

શંખ૦—વિકૃતબુદ્ધિજી, આ સદ્‌ગૃહસ્થો આપના લગ્નના આનંદમાં ભાગ લેવા આવ્યા છે તેમને તમે આ પ્રમાણે કહો એ તો બહુ ગેરવ્યાજબી કહેવાય. આમાં ત્રાહિત કોણ છે ? સૌ આપના સ્નેહી સંબંધીજ છે.

વિકૃત૦—આ આવ્યા ડાહ્યાભાઈ મને શિખામણ આપવા ! આ બામટા મારા લગ્ન સારૂ આવ્યાનું તમે કહો છો, પણ હું પુછું છું કે તેમને અહીં બોલાવ્યા છે કયા બાપે ? વગર બોલાવ્યે કોઈના ઘરમાં ઘુસવું, ધીંગામસ્તી કરવી ને વળી કહેવું કે અમારૂં સન્માન કરો; અમને આ જોઇએ ને અમને તે જોઇએ ! આ ક્યાંની સભ્યતાની રીત ? હું તમનેજ પુછું છું કે તમને અહીં વગર પૈસે પટલાઈ કુટવા કોણે બોલાવ્યા છે ? કેમ બોલતા નથી ? મોઢામાં જીભ તો બે વેંત જેટલી લાંબી છે ને ચૂપ કેમ થઈ ગયા ?

જન્મ૦—અહો વિકૃતબુદ્ધિજી! આ શું અસભ્યપણું? શાન્ત થાઓ જરા શાન્ત. (તબલાં, તંબુરો, સારંગી, વગેરે વાજીંત્રો લઇને ગવૈયા વગેરે આવે છે.) લ્યો ગવૈયા તો આ આવ્યા. (ગવૈયાને) આવો નાયક આમ આવો. અમે તમારીજ વાટ જોતા હતા. (બીજી તરફ) આ નવીન ગૃહસ્થ કોણ?

ગવૈયો—(મુસલમાન ગવૈયાને) આઇએ મિયાંસાબ. (બીજાઓને) આ અમૃતસરના પ્રસિદ્ધ ગવૈયા છે. તેમનું નામ સાપખાં. આખા હિન્દુસ્તાનમાં તેમની જોડ નથી. તે આજ સવારેજ અહીં આવ્યાની મને ખબર મળી, ત્યારે મનમાં થયું કે આજની મિજલસમાં તેમને પણ લાવવા. આપણે કહીશું તો સંભળાવશે એક બે ચીજ.

લહેર૦—ઘણું સારૂં કર્યું. તમે શરૂઆત તો કરો. તેમની ચીજ પણ સાંભળીશું. (તંબુરો, તબલાં વગેરે મેળવવા માંડે છે.)

વિકૃત૦—આણે તો બરાડા પાડવા ને એંડવાજું વગાડવાની કરી તૈયારી! ખરેખર આપણું તો મોતજ આવ્યું સમજવું. આ સાપખાં ને બાપખાંના રાગડા સાંભળવા કરતાં ગધેડાનું ભુંકવું સાંભળ્યું હોય તો શું ખોટું? (જવા માંડે છે.)

શંખે૦—આપ ક્યાં પધારો છો? દીવાનખાનાનાં બધાં બારણાં બહારથી બંધ કરેલાં છે.

વિકૃત૦—ઓય બાપરે! મારા બાપરે! (મોટેથી રડવા લાગે છે) મને મારી નાખ્યો! મારી નાખ્યો! મને કોઈ છોડાવોરે છોડાવો! (ગાયન શરૂ થાય છે.)

જન્મ૦—વાહ, કેવો કંઠ!

લહેર૦—શી લહેર?

વિકૃત૦—(કાને ધોતીઉં બાંધે છે ને બારણાંને ધક્કા મારે છે) કાન ફૂટી ગયા! ઓય ઓય! ફૂટી ગયારે! અરે બેચર્યા ક્યાં મુઓ? બારણું ઉઘાડ. કોઇને મારી દયા નથી આવતી! અહો ભેંસાસુરજી! તમારૂં ભુંકવું હવે બંધ કરશો?

શંખે૦—સાંભળો, સાંભળો. ખામોષ!

જન્મ૦—અચ્છા! બહોત અચ્છા! હં, ચલને દો.

લહેર૦—વાહજી વાહ ! ચાલવા દો ! ચાલવા દો ! અહો વિકૃત-બુદ્ધિજી, જરા ગરબડ ન કરો મહેરબાની કરીને. અમને તો આ અમૃત-રસ પીવા દેશો કે નહિ ? તમારે સાંભળવું ન હોય તો ન સાંભળશો. (વિકૃતબુદ્ધિ એક ખૂણામાં જઈ બેઉ કાન દબાવીને બેસી રહે છે.)

જન્મ૦—મિયાં સાપખાં, અબ આપ સુનાઓ એકાદી અચ્છી ચીજ.

વિકૃત૦—બામટાને એક પાડાના ગાંગરવાથી હજી સંતોષ થયો નથી લાગતો. આ ગાયનો બાઈ સાપખાં વળી કેવુંક ભાંભરે છે કોણ જાણે !

લહેર૦—એમનું છેલ્લું રાખો. આ છોકરાઓનું થવા દો પહેલાં. હં. ચલાવો 'શું નટવર વસંત.'

નાટકના છોકરા—જી, જેવી આજ્ઞા.

*શું નટવર વસંત થઈ થઈ નાચી રહ્યો !
નાચી રહ્યો જગ નચાવી રહ્યો !— શું૦

કોયલ મધુરી મુરલી બની છેટે નટવર કાન,
વિરહ ઘેલી ગોપી ઘણું તજી નીકળી અભિમાન;

રસીયા વિનાની બની બાળા એ બ્હાવરી,
વેણુ વસંત ચિત્ત વીંધી ગયો— શું૦

શીતળ સુખકર પવનની લ્હેર ઘુમે ચોપાસ,
જાણું રાધા કૃષ્ણજી રાસ રમે છે ખાસ;

વિધ વિધ પંખીના વેણુ મધુરી ધમકે રે
મહિં મહિં મેનાના નાદ ઝાંઝર ઝમકે રે

નવ પલ્લવ વાઘો ધરી પચરંગી શિર પાઘ
ફાગ લાગ સાંધી રમે મદનરાજ મહારાજ !

લ્હેરી લાલાથી રમે લલનાઓ લાડમાં
પ્રીતિ ગુલાલ લાલ છાઈ ગયો— શું૦

લહેર૦—વાહ વાહ ! હં ચલાવો બીજું એક એવુંજ.

છોકરા—

+અમે તો આજ તમારા, બે દિનના મેમાન,
સફલ કરો આ સહજ સમાગમ, સુખનું એજ નિદાન— અમે૦

---

* સ્વ. ડાહ્યાભાઈ ધોળશાજી. + સ્વ. કેશવલાલ હરિરામ.

આવ્યા જેમ જશું તે રીતે, સર્વે એમ સમાન;
પાછા કોઈ દિને નહિં મળીએ, ક્યાં કરશો સન્માન?- અમે૰

સાચવજો સંબંધ પરસ્પર, ધર્મે રાખી ધ્યાન;
સંપી સદ્‌ગુણ લેજો દેજો, દૂર કરી અભિમાન- અમે૰

લેશ નથી અમને અંતરમાં, માન અને અપમાન;
હોય કશી કડવાશ અમારી, તો પ્રિય કરજો પાન- અમે૰

કેશવ હરિયે કરૂણા કીધી, ન ભમો ભૂલી ભાન;
તત્ત્વે તાન રહે છે તેને થાય ન જરીએ જાન— અમે૰

**જન્મ૰**—વાહ, બહાર ઉડાવી દીધીને શું આ છોકરાઓએ પણ. અબ સાપખાં મિયાંજી, એક દો ચીજ હોના ચાહીયે.

**સાપખાં**—બહોત ખુબ. સુણીયે સાબ.

गुयासुमोरी बतियांरे कहो कोये जान ।
जावोरे जावोरे सुनायोरे ॥ ध्रु० ॥

बांदि एसी गायी नाची मन हरलिनो ।
नाहि नहि मनसब पायोरे ॥ १ ॥

रहे पाक दाम नगर नाच गाके ।
नाहि नाहि फबन दिखायो रे ॥ २ ॥

**લહેર૰**—વાહજી વાહ! વાહ વાહ!

**શંખે૰**—સાપખાંજીએ તો હદ વાળી દીધી. આવું ગાયન તો મેં મારા જન્મારામાં આજજ સાંભળ્યું. કેમ મિ. જન્મશંકર?

**જન્મ૰**—તદ્દન બરાબર છે.

**વિકૃત૰**—ભામટાઓ શાં વખાણ કરવા મંડયા છે? આવું તો કુંભારને ઘેર ગધેડાં રોજ ભુંક્યાં કરે છે.

**શંખે૰**—આ ગાયનરસ પીધા પછી બીજા કશાની અપેક્ષા રહી નહિ હોય, પણ જરા નાસ્તાને ન્યાય આપવા ઊઠવાની હું આપ સૌ મહેરબાનોને વિનંતિ કરૂં છું. સૌને સરખો ન્યાય આપવો જોઇએ. વિકૃતબુદ્ધિજી, જોયું કે આપના ભત્રીજાએ કેવી ઉત્તમ વ્યવસ્થા કરી છે? આપે ન કર્યું પણ આપની વતી કાંઈ તેને કર્યા વગર ચાલે?

વિકૃત૦—થયો ! સર્વસ્વ નાશ ! ઘરબાર લુંટાયાં ! કાન તો ફૂટીને કોડીયાં થઈ ગયાં. હવે હું અહીં વધારે વાર રહીશ તો જીવની પણ આશા મુકવી પડશે. ( બારણું ઉઘડતાંની સાથે દોડતો નાસી જાય છે. )

શંખ૦—સૌ સાહેબો પધારો અંદરના ઓરડામાં નાસ્તા માટે. હું જરા વરરાજા રીસાયા છે તેમને સમજાવી આવું છું. હરખ જમણને રોજ રીસાવાનો વરનો ફરજ છે ! ( સર્વે જાય છે. )

બીજો અંક સમાપ્ત

# અંક ૩ જો.

## પ્રવેશ ૧ લો.

( સ્થળ-રસ્તો. શંખેશ્વર અને ગંગારામ પ્રવેશ કરે છે. )

**શંખે૦**—કેમ ગંગારામ ઠીક ચાલે છે ને ?

**ગંગા૦**—જે છે તે બધું ઠીકજ છે, પણ આ જમપુરીમાંથી મને ક્યારે છોડાવશો હવે ? હું તો કંટાળી ગયો ! અકળામણ આવે છે !

**શંખે૦**—અરે, એકજ દિવસમાં એટલો તે શું અકળાઈ ગયો ?

**ગંગા૦**—એ તો ખરૂં જ છે તો ! કહે છે ને કે પરદુઃખ શીતળ ! મારી જીભ અને મોઢું ચામડાનું છે તેથીજ ટક્યું છે. તમે મને કહ્યા પ્રમાણે કાલ સાંજથી તે આ ઘડી સુધી મારી જીભને એક પળની પણ વિશ્રાન્તિ કેવી હોય તેની ખબર નથી. વિકૃતબુદ્ધિ આગળ એવો તો સપાટો ચલાવ્યો છે કે તેને 'મા મને કોઠીમાંથી કાઢ' ના જેવું થયું છે. એ બિચારો ભાસ પડછાયે પણ ઉભો રહેતો નથી. આજનો આખો દિવસ તો તેણે ચોથા માળના ખૂણાની એક ઓરડીમાં જ બેસીને કાઢ્યો છે. ખાવું-પીવું, બેસવુંઉઠવું, સુવું વગેરે બધું ત્યાંજ. આ બંદાએ પણ તેની પીઠ છોડી નથી. અત્યાર સુધી મેં તમારૂં કામ એવી સરસ રીતે બજાવ્યું છે કે બસ. પણ હવે જલદી છોડાવો તો મોટી મહેરબાની !

**શંખે૦**—આમ છેક બાયલા જેવું શું બોલે છે ? તને છોડવવાની જ તજવીજ ચાલે છે; પણ એક બે દિવસ દમ ખાવો પડશે. એક બે દિવસમાં અમારૂં કારસ્થાન ફતેહમંદ નીવડ્યું એટલે પછી તું છુટોજ છે એમ સમજી લેવું. જશવંતરાય પાસેથી તને એક સારૂં ઘર અપાવીશ અને તારા નિભાવ માટે સારો બંદોબસ્ત કરાવીશ. એટલે તારે તો જન્મારાની પંચાત મટી.

**ગંગા૦**—એ મનોરાજ્ય તો બધું ઠીક છે; પણ એ પ્રમાણે બધું બેસતું આવે ત્યારે ખરૂં ને ?

**શંખે૦**—બધું બેસતું આવશે જ. એમાં વળી શંકા શી ? ધીમે ધીમે બધું થાય. ઉતાવળે આંબા પાકતા હશે કે ?

ગંગા૦—એ ડોસલો નીચે આવે તો ફજેતી થાય, માટે હું તો જાઉં છું તમારી નોકરી ઉપર! (જાય છે)

શંખે૦—( સ્વગત ) હાશ! અહીં સુધી તો બરાબર ઉતર્યું. હવે આગળ શું કરવું? વિકૃતબુદ્ધિ જરા નરમ થયો જણાય છે તો ખરો. એકજ દિવસમાં તેના વર્તનમાં કેટલો બધો ફેર પડી ગયો! જશવંતરાય વિષે આજ સુધી તેના મનમાં જે સંશય હતો તે નીકળી ગયો છે, ને હવે ઉલટો તેનીજ તે સલાહ પુછે છે. કરે શું? નાક દાબ્યા વગર મોઢું ન ઉઘડે એમ કહેવાય છે તે આનુંજ નામ. જ્યાં આખું જગત્ ઉલટું થયું ત્યાં પછી ભત્રીજા વગર તેને બીજું રહ્યું કોણ? પરણ્યાને પુરો એક દિવસ પણ થયો નથી એટલામાં તો બિચારો છુટાછેડા કરવા તૈયાર થયો છે! સાંભળ્યું કે એ સંબંધી સલાહ લેવા તેણે એક વકીલને બોલાવ્યો પણ હતો. પણ તેનું પરિણામ શું આવ્યું તે હજી જણાયું નહિ. આ જશવંતરાય અહીંજ આવતો જણાય છે. તે જાણતો હશે બધું. (જશવંતરાય આવે છે તેને) કેમ જશવંત, કહે છે કે તારા કાકા સવારે વકીલ સાથે ઘણીવાર સુધી સલાહમસલત કરતા હતા? વકીલે શી સલાહ આપી એ કાંઈ જાણ્યું કે? ગંગારામ હમણાં મારી પાસે આવ્યો હતો, પણ તેને પુછવાનું હું ભૂલીજ ગયો.

જશ૦—વકીલ સલાહ આપે ને તે મારા કાકાના કાન સાંભળે ત્યારે તો પછી કહેવુંજ શું!

શંખે૦—એમ કેમ?

જશ૦—બોલ્યા વગર મુંગા મુંગા કાંઈ સલાહ અપાય છે? તેમાં વળી આગળ મારા કાકા સાહેબ! વકીલના ઉલટાસુલટા સવાલ, કાયદાની કલમો, આધાર અને કોર્ટોના ઠરાવોના દાખલા વગેરે સંબંધી વકીલની વાચાળ જીભ વીજળીક ટ્રામની પેઠે ચાલવા માંડે ત્યારે કાકા સાહેબનું માથું ફરી ગયા વગર રહે? ગંગારામે ખૂબ પકવેલું ને વળી ઓછામાં પુરૂં મળ્યા વકીલ. તેમણે વકીલને કહ્યું કે, વકીલ સાહેબ, તમે અહીં આવ્યા તેની મહેનત અને મને સલાહ આપી તે બદલ પચાસ રૂપીઆ લ્યો અને મહેરબાની કરીને ઘેર પધારો.

શંખે૦—પછી વકીલે શું કહ્યું?

જશ૦—કહે શું? તેણે રૂપીઆ ગજવામાં નાખ્યા ને ઉઠીને ચાલતા થયા. મફતના પચાસ રૂપીઆ મળ્યા તેમાં તેમનું શું ગયું?

**શંખે૦**—ઠીક; પણ હવે આગળ શું કરવાનું તેં ધાર્યું છે?

**જશો૦**—તે હવે મારા કબજામાં આવવા લાગ્યો છે. મારી સલાહ વગર એક ડગલું પણ ભરતો નથી. મેં પણ એવું સમજાવ્યું છે કે કાંઈ પુછવું જ નહિ! મેં તેને કહ્યું કે લગ્ન કરવાની બાબતમાં મને પહેલાં પુછ્યું હોત તો આવો પ્રસંગ કદી આવત નહિ સોમેશ્વર ઉપર તો મેં ગાળોનો વરસાદજ વરસાવ્યો. એ બધું સાંભળી ડોસો છેકજ ગળગળો થઈ ગયો, ને ગમે તેમ કરી આ જાળમાંથી મને છુટો કરવા વિનવવા લાગ્યો છે.

**શંખે૦**—એ ઘણુંજ ઉત્તમ થયું છે. એની નાથ હવે આપણા હાથમાં આવી છે, એટલે તેને પાંશરો કરવામાં વાંધો નહિ આવે. મને લાગે છે કે આપણે હવે બહુ તાણી ન ઝાલવું; નહિ તો વળી કદાચ તુટી જાય. માટે તેને થાબડ થાબડ ભાણાં કરી સંભાળવો. હવે આગળ શું કરવું ધાર્યું છે?

**જશો૦**—મેં તેને એમ કહ્યું છે કે વકીલ અને કોર્ટના ફંદમાં ન પડતાં મિતભાષી ને શાન્ત પ્રકૃતિવાળા એવા બે વિદ્વાન્ શાસ્ત્રીઓને બોલાવી તેમને શાસ્ત્રાર્થ પૂછો અને તે જેમ કહે તેમ કરો. તેને શાસ્ત્ર ઉપર વિશ્વાસ છે એટલે શાસ્ત્રીઓ જે કહેશે તે માન્ય કરશે.

**શંખે૦**—પણ શાસ્ત્રી તરીકે કોને બોલાવશું? સોમેશ્વર તો હવે ઉપયોગમાં આવે તેમ નથી.

**જશો૦**—મારૂં કહેવું એમ છે કે આમેને આમે સોમેશ્વર ઉપર તે ગુસ્સે થયો છે, એટલે તેને જ કાશીનો એક વિદ્વાન્ શાસ્ત્રી બનાવીએ. તે ના હા કરે તો તેને રેચ દેવો કે તેં વિકૃતબુદ્ધિને છેતર્યો છે માટે તારા ઉપર વિશ્વાસઘાતની ફોજદારીમાં ફરીઆદ કરીએ છીએ. નહિ તો મુંગે મોઢે થા કબૂલ! તેને બોકડા જેવી ધોળી દાઢી બાંધીને બનાવી દેવો કાશીનો શાસ્ત્રી! મને ખાત્રી છે કે તે એવો સરસ વેષ ભજવશે કે કહેવાની વાત નહિ. આ એક શાસ્ત્રીની તો વ્યવસ્થા થઈ, પણ બીજો ક્યાંથી લાવવો?

**શંખે૦**—એને શું કરવા છે? એકજ હોય તો?

**જશો૦**—અંહં, બે જોઇએ. બે વગર વિવાદ શી રીતે થાય?

**શંખે૦**—તને બતાવું કે એક લાયક ઇસમ? તેનું જરા મોઢું મીઠું કરવું જોઇશે. એમ થયું એટલે તે પણ બીજો સોમેશ્વરજ સમજી લેવો તારે.

**જશો૦**—કોણ એ કહે જોઇએ?

**શંખે૦**—પેલી ધીકાંટાની નિશાળનો મગન મહેતો. એ છે વાચાળ ને

વળી ખરૂં ખોટું સંસ્કૃત બરડે તેવો. તેને બનાવવો બીજો શાસ્ત્રી. તેને હું કબૂલ કરાવીશ; તું સોમેશ્વરને સમજાવી દે એટલે બસ.

જશા૦—ઠીક છે. એ બન્નેને ખાસ કહેવાનું કે શાસ્ત્રમાંના આધાર ઉપર આધાર કાઢીને ખૂબ વિવાદ કરી ડોસાને ત્રાહી ત્રાહી પોકરાવવો. એ જેમ જેમ વધારે ત્રાસશે તેમ તેમ આપણી મુઠીમાં વધારે સપડાશે. એક વખત તે પુરેપુરો પેચમાં આવ્યો એટલે પછી શું કરવું એ મેં નક્કી કરી રાખ્યું છે. તેનાં ઘરબાર, ખેતરપાદર, માલમત્તા વગેરે બધું લખાવી લઈ તેને છેક ભીખારી બનાવી દેવો છે. વેર એવું તો લેવું છે કે તે પણ જીવતા સુધી યાદ કરે! કેમ, ખરૂં ને?

શંખે—પણ એ થશે શી રીતે?

જશા૦—હું તેને ચોખ્ખું કહી દેવાનો કે તમારા મરણ પછી તમારી તમામ ઇસ્ટેટ અને જીવતાં દરમહિને હજાર રૂપીઆ મને આપવાનો દસ્તાવેજ કરી આપશો તોજ હું તમને આ જાળમાંથી છોડાવીશ; નહિ તો તમે જાણો ને તમારૂં કરમ જાણે! તને ખરૂં કહું કે? આપણા ત્રાસથી તે એટલો તો ત્રાસી ગયો છે કે કદાચ ચિત્તભ્રમ થઈ જાય, એટલું જ નહિ, પણ વખતે જીવ પણ કાઢી નાખે, એવી પણ મને બીક લાગે છે. આથી મને લાગે છે કે હું જેમ કહીશ તેમ વગર વાંધે તે તુરત કરી આપશે.

શંખે૦—શાબાસ! આજ સુધી હું મને પોતાનેજ હોંશિયાર અને વિચારશીલ સમજતો હતો; પણ તુ તો મારા કરતાંએ સવા વેંત વધી ગયો યાર! ઠીક, ત્યારે હું જાઉં હવે મગનમહેતા પાસે? તેનું મોઢું મીઠું કરાવ્યા વગર આપણું કામ નહિ થાય એ તું સમજ્યો છે ને? તું જા સોમેશ્વર પાસે.

જશા૦—મને લાગે છે કે એક વખત એ બન્નેને ભેગા કરી કેમ કેમ કરવું એ બધું પહેલાં બરાબર સમજાવી દેવું જોઇએ.

શંખે૦—હા, હા, બરાબર છે. તેમજ કરવું. હું મગનમહેતાને હમણાંજ પકડી લાવું છું. તુ પણ સોમેશ્વરને સાથે લઇનેજ આવ. આપણે આ મહાદેવમાં જ મળવું. સોમેશ્વર હજાર ઘરનો ભૂત છે, આવું છું આવું છું કરતાં કલાકના કલાક કાઢી નાખશે, માટે તુ તાકીદ રાખજે આવા કામમાં બેદરકારી રાખવી કામની નહિ.

જશા૦—ઠીક છે. ( બન્ને જાય છે. )

———:0:———

## પ્રવેશ ૨ જો.

( સ્થળ—નિશાળ. છોકરા બેઠા બેઠા મસ્તી કરતા હોય એવા દેખાવનો પડદો ઊઘડે છે. )

**નારાયણ**—આજની ભૂગોળ તો બહુ અઘરી છે હો. ગોખ ગોખ કરૂં છું પણ સાળું યાદજ રહેતું નથી. (ગોખવા માંડે છે.) એ જીલ્લાનું ક્ષેત્રફળ ૧,૬૦૯ ચોરસમૈલ તથા વસ્તી ૭,૭૧,૫૮૯ માણસની છે. ૧,૬૦૯ ચોરસ મૈલ–૧,૬૦૯ ચોરસમૈલ–૧,૬૦૯ ચોરસમૈલ તથા–તથા–તથા માણસની વસ્તી ૭,૭૧,૫૮૯–૭,૭૧,૫૮૯–૭,૭૧,૫૮૯ માણસની છે–છે–છે–છે. દેશ ચપટો–આપણા મેતાના નાક જેવો લખ્યો હોત તોપણ ચાલત; કારણ તેમનું નાક પણ ચપટું જ છે!

**લક્ષ્મણ**—અરે! મેતાજીની મસ્કરી કરે છે કે?

**નારા૦**—હું ક્યાં કરૂં છું? પેલો વિનુ કરતો હતો; તેણેજ મને કહ્યું.

**હરી૦**—અને ત્યારે વ્યાકરણ શું સહેલું છે? (ગોખે છે) સવિસ્તર વિચાર મારા મોટા વ્યાકરણમાં જુઓ–સવિસ્તર વિચાર–સવિસ્તર વિચાર મારા મોટા વ્યાકરણમાં જુઓ–જુઓ–જુઓ!

**નારા૦**—આજ દાખલા આપ્યા છે કે?

**લક્ષ્મણ**—**અ બ ક**નો દાખલો આપ્યોજ છે તો!

**નારા૦**—હા-હા. બિચારા **અ બ ક**નું કામ કોઈ દિવસ પૂરૂં થવાનું નહિ! તેનું કામ ને આપણને વિનાકારણ ત્રાસ! તેમાંનો **અ** એકલો માંદો પડે છે ત્યારે ત્રણે સાથે માંદા પડતા હોય તો કેવી મજા? તેમના કામ અને દિવસનો હિસાબ ગણવાની નકામી માથાકુટ તો કરવી ન પડે!

**લક્ષ્મણ**—અરે, મેતાજી આવ્યા મેતાજી. ચુપ! ( મહેતાજી આવે છે ને બધા છોકરા ચુપ થઈ જાય છે. )

**મહેતાજી**—કેમરે નાથ્યા, ફી લાવ્યો કે? કેટલામી તારીખ થઈ?

**નાથા**—મને ખબર નથી. બાએ કહ્યું છે કે અમાસને દાડે આપીશ.

**મહેતાજી**—વારૂ, મેં તમને ઘોડા ઉપર નિબંધ લખી લાવવાનું કહ્યું હતું તે લખી લાવ્યા છો કે?

**સર્વ**—ના સાહેબ.

**મહેતાજી**—નાથ્યા, તું કેમ લખી ન લાવ્યો ?

**નાથો**—અમારે ઘેર ઘોડોજ નથી એટલે હું તે ઉપર નિબંધ કેવી રીતે લખી લાવું સાહેબ ?

**મહેતાજી**—અરે મૂર્ખા ! ઘેર ઘોડો ન હોય તો રહ્યો, પણ તેં ઘોડો કોઈ ઠેકાણે જોયો હતો કે નહિ ? ગધેડો જ છે ! તેનું વર્ણન, રંગ, રૂપ, રહેવાનું ઠેકાણું, ઉત્પત્તિસ્થાન, ખોરાક વગેરે લખી લાવવાનું હતું, તેમાં વળી ઘેર ઘોડો હોવાનીજ શી જરૂર હતી ? (નારાયણને) નારાયણ, તું કેમ નથી લખી લાવ્યો ?

**નારા૦**—આવો મૂર્ખતાભરેલો નિબંધ લખી લાવવાનું તમે કહ્યું તેથી મારા બાપાજી તમારી ઉપર બહુ ગુસ્સે થયા છે. એ નિબંધના પ્રતાપમાં તો મારા હાથે પગે હળદર ભરવી પડી !

**મહેતાજી**—એટલે ?

**નારા૦**—તમે ઘોડા ઉપર નિબંધ લખી લાવવાનું કહેલું તે માટે કલમ, ખડીઓ, કાગળ, વગેરે લખવાનાં સર્વે સાધન લઈ હું અમારી તેજણ ઘોડી ઉપર એક વાર બેઠો તો ખરો. એક લાઇન લખી ન લખી એટલામાં તો એને શી લહેર આવી કોણ જાણે ! તેણે એકાએક જોરથી પોતાની ડોક હલાવી ને પાછળથી પગ પછાડયા. તેની સાથે જ આ સ્વારી પણ એકદમ નીચે ઉતરી પડી ને પૃથ્વી માતાને ઉંધે મોઢે દંડવત્ કર્યા ! સારૂં થયું કે થોડામાં બચી ગયો, નહિ તો જીવ ઉપરજ આવત !

**મહેતાજી**—નારાયણ, તું તો ખરેખરોજ ગધેડો જણાય છે. ઘોડા ઉપર નિબંધ લખી લાવવાનું કહ્યું એટલે ઘોડા ઉપર ચઢીને લખવાનો હોતો હશે કે ? મૂર્ખશિરોમણિ ! આવા અકલ વગરના છોકરા આગળ હસવું કે રડવું ?

( એક ચાકર જેવો માણસ આવે છે. )

**ચાકર**—મેતાશાબ, વિનુભાઈ ઘેર આવી કાઠી હારૂ કજીઓ કરે સે ને કયું માનતાજ નથી તેથી શેઠાણીએ કેવરાવ્યું સે કે મેતાને બાળવા કાઠાની કમઠાળ ૧ લી તારીખે આપશું. મેતાને બાળવાને લાકડાંએ કેટલાં બધાં જુએ સે ? વારે વારે લેવા મોકલશો તો વિનુભાઇને ઉઠાડી લઈ બીજી નિહાળે મોકલવા પડશે. મારી ભેગો એક સોકરાને મોકલી વિનુભાઈ-

ને તેડાવી લ્યો તો હારૂં. (મહેતાજી એક છોકરાને સાથે મોકલી તેને વિદાય કરે છે.)

**લક્ષ્મણ**—સાહેબ, મારે એક દાખલો પુછવો છે. પુછું ?

**મહેતાજી**—પુછ જોઇએ.

**લક્ષ્મણ**—એક કામ **અ** ૧૦ દિવસમાં કરે છે, **બ** એજ કામ ૧૫ દિવસમાં કરે છે. બન્નેએ ૮ દિવસ કામ કર્યા પછી **અ** માંદો પડયો તો તેને દવા શું આપવી ?

**મહેતાજી**—( સંતાપીને ) ઉભો રહે તનેજ દવા આપું છું પહેલાં એકવાર. નાથા, પેલી સોટી લાવ જોઇએ. ચૌદમું રતન બતાવ્યા વગર તું ઠેકાણે નહિ આવે ! ચાલ, હાથ ધર, નહિ તો પેલી ઘોડી ઉપર ઉંધે માથે લટકાવું છું. હરામખોર !

**લક્ષ્મણ**—( રોવા જેવું મોઢું કરીને ) ફરી એમ નહિ કરૂં સાહેબ ! ઉં ઉં ઉં ! કાલ મને એક જણે આ દાખલો પુછયો હતો તે ન આવડયો તેથી તમને પુછયો. ઉં ઉં ઉં ! હવે કોઈ દિવસ આવું નહિ કરૂં સાહેબ ! ઉં ઉં ઉં !

**મહેતાજી**—કેવો લુચ્ચો છે ! મારતાં પહેલાંજ કાંગારોળ કરવા મંડયો છે; પણ તે કાંઈ નહિ ચાલે. મહેતાજીની મસ્કરી કરવાથી કેમ થાય છે તે તને સારી પેઠે સમજાવવું જોઇએ. ચાલ, હાથ ધર ધરે છે કે નહિ ?

**લક્ષ્મણ**—કાલે મારી બાએ તમને જમવા–

**મહેતાજી**—( વચ્ચેજ ) ઠીક, ઠીક. જા તારી જગાએ બેસ. તારી બાનું શું કહેતો હતો ?

**લક્ષ્મણ**—કાલ મારી બાએ તમને જમવા બોલાવવાનો વિચાર કર્યો હતો, પણ પછી કહ્યું કે વળી જોઈશું આગળ ઉપર કોઈ દિવસ.

**મહેતાજી**—(સ્વગત) કેવો લુચ્ચો છે ? શિક્ષા ખૂબીથી ચુકાવી !

**લક્ષ્મણ**—મહેતાજી સાહેબ, કાલની કવિતા લેવાની છે.

**નાથો**—( બાજુએ જોઈ ) મેતાજી ભૂલી ગયા હતા, ને તને વચ્ચે ડહાપણ કરવાનું કોણે કહ્યું હતું ?

**મહેતાજી**—કેમરે નાથા, શું વાત કરે છે ? કવિતા મોઢે કરી નથી લાગતી કેમ ? બોલ તુંજ પહેલાં બોલ:

**નાથો**—હજી પુરી મોઢે થઈ નથી.

**મહેતાજી**—જેટલી આવડે તેટલી બોલ.

**નાથો**—મોઢે બોલતાં નથી આવડતી.

**મહેતાજી**—મોઢે કેમ ન કરી ?

**નાથો**—મારા મોટા ભાઇએ મોઢે કરવાની ના કહી હતી.

**મહેતાજી**—ગધેડા, જૂઠું બોલે છે ? ભાઈ એમ શા માટે કહે ? પુછાવું તારા ભાઇને ?

**નાથો**—ખુશીથી પુછો. નિશાળે આવતી વખતે હું કવિતા કરવા બેઠો ત્યારે તેણે કહ્યું કે કવિતા મોઢે કરવાનો આ વખત છે કે ? નિશાળને મોડું થાય છે; જા જલદી.

**મહેતાજી**—એનો અર્થ કવિતા કરવાની ના કહી એવો કરવાનો કેમ ? નારાયણ, તું બોલ જોઇએ.

**નારા૦**—મારા બાપાએ કહ્યું કે અર્થ સમજ્યા વગર કવિતા મોઢે કરવી નહિ.

**મહેતાજી**—કવિતા અર્થ ન સમજાય એવી અઘરી છે કે શું ?

**નારા૦**—પણ બાપાએ મને કહ્યું કે તારો અર્થ ખોટો છે.

**મહેતાજી**—તેં શો અર્થ કર્યો ?

**નારા૦**—" શુભ લઇએ સહુએ સમજી, ન રહે લેશ કચાશ. " આ પ્રમાણે મારા પાડોશી વિનાયકની સોનેરી ટોપી લેવી એ શુભ એટલે સારૂં-ફાયદાકારક સમજીને તે સર્વના દેખતાં મેં લઇ લીધી, તેથી તેના ભાઈએ મને માર્યો ને હું રોતો રોતો મારા બાપા પાસે ગયો, ત્યાં તેણે પણ કહ્યું કે તારો અર્થ ખોટો છે. તેથીજ તેમણે અર્થ સમજ્યા વગર કવિતા મોઢે કરવાની ના કહી.

**મહેતાજી**—મૂર્ખા, એનો અર્થ સારૂં સમજીને લોકોની ચીજો લેવી એવો થાય કે ? સારા ગુણ લેવામાં જરાએ કચાશ રાખવી નહિ, એવો ખરો અર્થ પડતો મુકીને અર્થનો અનર્થ કરે તો શું માસ્તર માથું ફોડે કે મરે ? હું નહોતો જાણતો કે તું આવો વિચિત્ર અર્થ કરનારો ભારે વિદ્વાન થયો હશ !

( શંખેશ્વર આવે છે. )

**શંખે૦**—માસ્તર સાહેબ, સલામ.

**મહે૦**—( જરા માથું નમાવી ) કેમ, શું કામ છે ?

**શંખે૦**—તમારી પાસે જરા ખાનગી કામ છે. બહુ જરૂરનું છે.

**મહેતાજી**—હું છોકરાઓને ભણાવું છું એ તમે જુઓજ છો. હું લોકોનો પગાર ખાઉં છું તે બદલ તેમને મારે યોગ્ય બદલો આપવોજ જોઇએ; અને એ મારૂં કર્તવ્ય છે. **स्वाध्याय प्रवचनाभ्यां मा प्रमदः** એવું શ્રુતિવચન છે. ખાનગી કામ માટે પવિત્ર શિક્ષણનો વખત લેવો એ મને રાસ્ત લાગતું નથી. સાંજે ઘેર આવશો તો તમારા ખાનગી કામનો વિચાર કરીશું. અત્યારે તો મને બીલકુલ અવકાશ નથી એ તમે જુઓ છો.

**શંખે૦**—એ તો બધું સમજ્યો, પણ તમારા ફાયદાની વાત છે. ( પાસે જઈ કાનમાં ધીમે ધીમે કાંઈક કહે છે. )

**મહેતાજી**—ત્યારે એમ કહોને! ઠીક છે. શિક્ષણનું કામ પવિત્ર છે, તથાપિ અડચણમાં પડેલા માણસને મદદ કરવાનું કામ તેના કરતાં પણ વધારે પવિત્ર છે. કહ્યુંજ છે કે **परोपकाराय सतां विभूतयः।** મારા લાભ માટે હું આ કામ છોડીને આવત નહિ, પણ તમે કહો છો કે તમારે બહુ જરૂરનું કામ છે, માટેજ ક્ષણભર સ્વકર્તવ્ય પરાઙ્‌મુખ થાઉં છું.

**શંખે૦**—આપની પરહિતતત્પરતા પ્રસિદ્ધ જ છે! ચાલો ત્યારે.

**મહેતાજી**—છોકરાઓ, તમે આજ ઘેરથી બરાબર લેસન કરીને નથી લાવ્યા માટે તમને લેસન કરવા સારૂ આજ રજા આપવામાં આવે છે. સમજ્યા કે ? મારે કામ છે માટે નહિ; પણ લેસન બરાબર કરવાનું તમારાથી બને તે સારૂજ. કાલે કહેલો ઘોડા ઉપર નિબંધ લખી લાવવાનો ને સાથે ગધેડા ઉપર પણ લખી લાવવો. સમજ્યા ? ભૂલી ગયા તો આજની પેઠે માફ નહિ થાય. લક્ષ્મણ, આજ રજા શા માટે આપી એમ ઘેર પુછે તો શું કહીશ ?

**લક્ષ્મણ**—હું કહીશ કે મેતાજી પાસે કોઈ આવ્યું હતું, ને તેમના ફાયદાનું કાંઈક જરૂરનું કામ હતું માટે તે પોતાને ઘેર ગયા ને અમને રજા આપી.

**મહેતાજી**—હે ગધેડા! ( છોકરા કુદતા નાશી જાય છે. )

**શંખે૦**—ચાલો, હવે મોડું ન કરો. ( બન્ને જાય છે. )

## પ્રવેશ ૩ જો.

( **સ્થળ**-વિકૃતબુદ્ધિનું ઘર. વિકૃતબુદ્ધિ અને જશવંતરાય વાતો કરતા આવે છે. )

**વિકૃત૦**—મેં જ્યારે તેને હા પાડી ત્યારે મારા ગાલ ઉપર તમાચો મારનાર કોઈ નહોતું.

**જશ૦**—શાની હા અને કોને ?

**વિકૃત૦**—પેલા લુચ્ચાના સરદાર સોમલાને આ વિવાહની !

**જશ૦**—કાકા, જે વાત બની ગઈ તે વિષે હવે પશ્ચાત્તાપ કરવાથી ફળ શું ? મારી ઉપર તમે થોડોકે વિશ્વાસ રાખ્યો હોત ને મને એ સંબંધી સહેજ પણ પૂછ્યું હોત તો આજ આવો પ્રસંગ આવત કે ? તમે સોમેશ્વર જેવા ગપીદાસ ને પઇ માટે નીભાડે આગ મૂકે એવા સ્વાર્થી માણસના વિશ્વાસે રહી છાનુંમાનું બધું કર્યું એ મોટી ભૂલ કરી. હશે. ભાવી કાંઇ મિથ્યા થાય છે ?

**વિકૃત૦**—ભૂલ થવી ન જોઇએ પણ થઇ ખરી. આ ભૂલ માટે તું જે કહે તે પ્રાયશ્ચિત કરવા હું કબૂલ છું. ગમે તે ભોગે પણ આ ત્રાસમાંથી છુટું તો ગંગા નાહ્યો સમજીશ. વનવગડામાં જઇ તપ કરૂં કે વેરાગી થઇ કાશી રામેશ્વર ફરતો ફરૂં અથવા સંન્યાસી થઈ કોઇ મઠમાં બેશી જાઉં, એવું મને થઇ ગયું છે. એ કરકશાની દોઢ વેંતની જીભડીએ તો મને એવો કાયર કાયર કરી દીધો છે કે કુવોહવાડો કરીને કે ઝેરબેર ખાઇને મરી છુટું એ જીવવા કરતાં ઘણુંજ ઉત્તમ એમ લાગે છે !

**જશ૦**—હં ! હં ! હં ! કાકા, આમ શું બોલો છો ? પરણ્યાને પુરો એક દિવસે થયો નથી એટલામાં જીવ ઉપર આટલા બધા ઉદ્ગાર થઇ ગયા ? જરા ધીરજ રાખો; હિંમત રાખો. 'દુઃખનું ઓસડ દહાડા' કહેવાય છે.

**વિકૃત૦**—એક દિવસ શું ને બે દિવસ શું ! મારી ખાત્રી થઈજ ગઈ છે કે હમેશાં આમજ ચાલવાનું. 'પુત્રનાં લક્ષણ પારણામાંથી ને વહુનાં લક્ષણ બારણામાંથીજ' જણાઈ આવે. આગળ શું થવાનું તે પણ હું સ્પષ્ટ સમજી

ગયો છું. ગડબડાટ, બડબડાટ અને મારી છાતીએ ધડધડાટ એ તો મને પ્હેરામણીમાંજ મળ્યાં છે !

**શંખે૦**—( શંખ વગાડતો એકદમ પ્રવેશ કરીને ) આ બધું મેં તમને પહેલેથીજ કહ્યું હતું, પણ તે વખતે ક્યાંથી ગળે ઉતરે ? 'શંકનું કહ્યું ભીખારી ન માને' તેમ મારૂં ગરીબનું કહ્યું તે વખતે ન માન્યું તો આજ આ દશા આવી.

**વિકૃત૦**—શંખેશ્વર, હવે એ પાછલી વાત તાજી કરી મને 'દાઝ્યા ઉપર ડામ' ન દેશો. તે વખતે તમારૂં કહેવું ન માનતાં હું મારા હઠનેજ વળગી રહ્યો એ મારી મૂર્ખાઇ હતી, એમ મને હવે સમજાયું.

**લહેર૦**—(એકદમ પ્રવેશ કરીને) વિકૃતબુદ્ધિજી, આપના મ્હોં ઉપર આજ કાંઇ ઠીક જણાતું નથી. ઘણા દિવસના માંદા માણસ જેવો આપનો ચહેરો નિસ્તેજ દેખાય છે. આપને કાંઇ થતું કારવતું તો નથી ને ?

**વિકૃત૦**—અરે રામ ! આ શી ઉદ્ધતાઇ ? આ બે જણ અહીં હતા તે પુરા નહોતા કે વળી તમે પધાર્યા ?

**લહેર૦**—એમ નહિ, પણ હું આપનો મિત્ર છું તેથી મને આપના વિષે ઘણી કાળજી રહે છે. બીજું કાંઇ નથી. મેં સાંભળ્યું કે આપનું મગજ જરા ખશી ગયું છે એટલે તરત વૈદ્યને બોલાવી લાવવા માણસને મોકલી હું અહીં દોડી આવ્યો. ( જશવંતરાયને ) મિ. જશવંતરાય, સોમેશ્વર મહારાજ નથી કે ? તેમને બોલાવવા કોઇને મોકલો તો તમારા કાકા સાહેબની જન્મોત્રી જોવરાવીએ. જ્યોતિષમાં એ બહુ હોંશિયાર કહેવાય છે કેમ મિ. શંખેશ્વર ?

**શંખે૦**—એમાં શું કહેવું ? આખી 'મુહૂર્ત ચિંતામણિ' તેને મોઢે છે. વિકૃતબુદ્ધિજીના લગ્નનું મુહૂર્ત જોવામાં તેને પંચાંગ બંચાંગ કશાની જરૂર નહોતી પડી. કેમ વિકૃતબુદ્ધિજી ખરૂં ને ?

**વિકૃત૦**—શો ચમત્કાર ! જે આવે છે તે મારો મિત્ર ને હિતસ્વી ! અર્થાત્ આ જગતમાં હવે મારૂં શત્રુ કોઈ રહ્યુંજ નથી ! ( લહેરચંદને ) દોસ્ત, તમે આવ્યા તે તો જાણે ઠીક પણ વૈદ્યને શું કરવા બોલાવવા મોકલ્યો ? ને વળી પેલા સોમલાને શું અહીં પૂજવો છે ? તમારે કામ હોય તો તમારે ઘેર બોલાવજો. મારે તો એ હરામખોરનું મોઢુંએ નથી જોવું.

**લહેર૦**—હું ખરૂંજ કહું છું. આપનો ચહેરો કાવરો બાવરો દેખાય છે, એ ચિત્તભ્રમની નિશાની છે. લોકવાયકા છેકજ ખોટી ન હોય. 'પંચ બોલે તે પ્રમાણ' એ કહેવત કાંઈ ખોટી છે?

**વિકૃત૦**—શું? મારામાં ગાંડપણ? શંખેશ્વર, ગાંડપણનાં ચિહ્ન મારા મોઢા ઉપર તમને જણાય છે?

**શંખે૦**—હા, તદ્દન સ્પષ્ટ જણાય છે. જુઓ, તમારી આંખોની કીકીઓ આમતેમ આમતેમ ફેરી ફર્યા કરે છે! એક મિનિટ પણ સ્થિર રહેતી નથી. કપાળ ઉપર તો જાણે આંટીઓની જાળીજ બંધાઈ ગઇ છે!

**લહેર૦**—એમના સામું જોતાં બહુ દયા આવે છે યાર!

**વિકૃત૦**—ઓ પ્રભુ! આ લુચ્ચાઓએ બોલબોલ કરી મને ખરેખરો ગાંડો બનાવવાનો પ્રપંચ રચ્યો જણાય છે!

**શંખે૦**—લહેરચંદજી, વૈદ્ય ક્યારે આવશે? ઉપાય જલદી થાય તો સારૂં; નહિ તો દરદ વધી ગયા પછી ટીકી લાગવી મુશ્કેલ થઈ પડશે!

**વિકૃત૦**—મને ઝેરબેર આપવાનો ઘાટ ઘડયો છે કે શું? હું મરૂં એટલે તમારે તો ખળુંજ પાકે! 'પારકે પૈસે પરમાનંદ.' મારા પૈસા ઉપર મનમાનતી મજા માણો! પણ હું તમને સાફ કહું છું કે મારૂં મગજ બરાબર સાબુત છે; મને કોઈ પણ પ્રકારનો વિકારબિકાર થયો નથી. મારી પ્રકૃતિ સર્વ રીતે સારી છે. (વૈદ્ય આવે છે.)

**શંખે૦**—વૈદ્યરાજ, વિકૃતબુદ્ધિના ચહેરા ઉપરથી તેમને કાંઇક વિલક્ષણ રોગ થયાનું આપને નથી લાગતું? એ શો રોગ છે તે બરાબર નિદાન કરીને કહો.

**વિકૃત૦**—પણ તમે આ માંડયું છે શું?

**વૈદ્ય**—વાગ્ભટમાં આ રોગને 'રાજ્યક્ષ્મા' કહ્યો છે. સુશ્રુતમાં આજ રોગને 'જ્વરાંતર્ગત પરિણામશૂલ' એવું નામ આપેલું છે. ચરકકાર આનેજ 'અંતર્ગલ'ની સંજ્ઞા આપે છે.

**લહેર૦**—આવો રોગ શાથી થાય?

**વૈદ્ય**—"**शैत्यंहियत्सामक्रातिर्जलस्य.**" અર્થાત્ જલ એટલે પાણીના યોગથી પ્રકૃતિને શૈત્ય આવે એટલે આવો રોગ ઉદ્ભવે.

**શંખે૦**—તેઓ પરણ્યાં તે માટે આખો દિવસ શોક કર્યા કરે છે, અને

વિનાકારણ દુઃખી થાય છે, એ બધું આ રોગને લીધેજ થાય છે, એમ તમારૂં કહેવું છે ને ?

**વૈદ્ય**—હું અમસ્તોજ શા માટે કહું ? વૈદ્યકશાસ્ત્રેજ તેનો ખુલાસો કરેલો છે. '**रोगशोकपरीतापबंधनव्यसनानिचं**' ! આ રોગથી શોક થાય, તાપ થાય; અને વળી કહી રાખું છું કે આગળ જતાં રોગી વ્યસનોથી બંધાઇ જવાનો ! નિઘંટમાં આ વિકારનું 'સ્મૃતિવિભ્રમ' એવું નામાભિધાન છે. '**संमोहात् स्मृतिविभ्रमः**' । વૈદ્યકતરંગિણીમાં—

**વિકૃત૦**—બસ કરો, બસ કરો. તમે તો વૈદ્યક ઉપર એક વ્યાખ્યાનજ આપવા લાગ્યા !

**લહેર૦**—વૈદ્યરાજ, એ તો બધાં રોગનાં નામ થયાં, પણ તે ઉપર ઉપાય શા શા કહેલા છે ?

**વૈદ્ય**—તે કાંઇ પૂછવું નહિ. પણ તમે જ્યારે પૂછયું ત્યારે કહું છું. '**यस्यज्ञान दयासिंधो रोगाधस्यानघागुणाः**' વૈદ્યક શાસ્ત્ર ઉપર ભાસ્કરાચાર્યનો નલચંપૂ નામે અત્યંત પ્રાચીન અને સુપ્રસિદ્ધ ગ્રન્થ છે, તેમાંનો આ શ્લોક છે. તેનો અર્થ એવો છે કે, એ રોગના અનેક ગુણ ઉર્ફે ચિન્હ છે. '**यस्यज्ञान दयासिंधो**'—જેનું જ્ઞાન થતાંની સાથે જોનારના મનમાં દયાનો સિંધુ એટલે પૂર આવે છે. આ માટેનું ઓસડ ગ્રન્થકાર કહે છે કે, '**सेव्यताम् अक्षयोधिराः**'—**अक्षयो** એટલે જેને ક્ષયરોગ ન હોય તેણે, **धीराः** એટલે ધીર મનુષ્યે, **सेव्यताम्** એટલે સેવન કરવું. આ રોગ એક વખત લાગુ પડયા પછી એટલો દુસાધ્ય છે કે–વૈદ્યરાજ આગળ કહે છે–'**सश्रियें चामृतायच**'—ઓસડ લીધું હોય તો '**सश्रिये**' એટલે તેને શ્રેય અર્થાત યશ મળે, અથવા '**मृतायचं**'— રોગી જરૂર મરણ પામે. આ બે સિવાય ત્રીજી વાત બનેજ નહિ ! અમારા પ્રાચીન ઋષિ આગળ લટપટ બીલકુલ ન મળે. તેમના સિદ્ધાંત હમેશાં અબાધિત જ હોવાના !

**વિકૃત૦**—મને અહીંથી જવા દેશો એકવારનો ? (જવા માંડે છે.)

**શંખે૦**—(વિકૃતબુદ્ધિનો હાથ ઝાલીને) ક્યાં ચાલ્યા ? આવા પ્રખર વિદ્વાન વૈદ્યરાજને બોલાવ્યા છે તે અમારા માટે કે શું ? તમારા રોગનું બરાબર નિદાન કરી રામબાણ ઓસડ ખોળી કાઢવું જોઇએ ને ?

**વિકૃત૦**—મારો રોગ હું જાણું છું ને તે માટેનો રામબાણ ઉપાય પણ મારા જાણવામાંજ છે, મને ઓસડ આપવા કરતાં પેલી શંખણીને થોડું અફીણ બફીણ આપો એટલે તેને જરા ઉંઘ આવે ને લવારો કરતી જીભડી બંધ પડે.

**શંખે૦**—અહોહો ! તમે હજી કાંઈજ નથી જાણતા એમ જણાય છે. અહો કાકા સાહેબ, આપનાં કુલોદ્ધારક પત્ની ગંગાબાઇ તો ઉંઘમાં દસ ગણો લવારો કરે છે !

**વિકૃત૦**—ઓ બાપરે !

**શંખે૦**—અને વળી તેનાં નસકોરાં એવાં તો જોરથી વાગે છે કે જાણે નાનું સરખું પાડુંજ ગાંગરવા લાગ્યું !

**વિકૃત૦**—ઓ પ્રભુ ! શિવ ! શિવ ! હું આ ત્રાસમાંથી ક્યારે છુટીશ ? જશવંત, કયાં કયાં કારણોથી છુટાછેડા થઇ શકે તે તું જાણે છે કે ?

**જશ૦**—ના કાકા.

**શંખે૦**—એ માહિતી જોઇતી હોય તો કોઇ શાસ્ત્રીને પૂછો.

**વિકૃત૦**—એ માહિતી મેળવ્યા વગર હવે મને એક ક્ષણ પણ ચેન નહિ પડે. જશવંત, બાપુ ભલો થઇ તું મને આ કામમાં મદદ કર. ચાલ મારી સાથે. આપણે તેજ માટે જઇએ. ( બન્ને જાય છે. )

**લહેર૦**—બિચારાને તમે બહુ સતાવ્યો છે યાર ! તેને જરા વાર વિશ્રાન્તિ તો લેવા દો ! આથી તો બિચારો ખરેખરોજ ગાંડો થઇ જશે.

**શંખે૦**—તેને વળી વિશ્રાન્તિ કેવી ! એ કદી નહિ બને. અમારો સંકેત પાર પડતા સુધી તેની પાછળ અમારૂં આ લચાંડ લાગુ રહેવાનુંજ. ગંગારામને કહી રાખ્યું છે કે આના બે આનાની સાકર ખાવી, પણ જીભ ને મોઢું એક સરખાં ચાલતાં રાખવાં. હવે તે અમારા પંજામાંથી ચસકે એવી ફીકર રહી નથી અમે તેની નાથ સજ્જડ પકડી છે. નાક દાબ્યા વગર મોઢું ન ઉઘડે, ભાઈસાહેબ ! એ તો ઠીક. પણ આજ વૈદે પોતાનું કામ ઉત્તમ રીતે બજાવ્યું હો. આપ જેવા મિત્ર મદદ કરવા તૈયાર હોય ત્યાં શું બાકી રહે ?

**લહેર૦**—પોતાના મિત્રને મદદ કરવી એ દરેકનું કર્તવ્યજ છે. મેં કાંઈ ખાસ વધારે કર્યું છે એમ નથી, વળી તમને મદદ કરવામાં મારા મનમાં એક ગુઢ હેતુ છે તે કહું કે ? આ કામ પાર પડે એટલે મિ. જશવંતરાય તરફથી એક સરસ મિજબાની લેવી છે.

**શંખે૦**—(સ્વગત) મારા બેટાની મિજબાની આવી! (પ્રકાશ) મિજબાનીની શી હાય હાય બળી છે? એક નહિ પણ ચાર ભેગી. ઠીક, ચાલો જઇએ હવે.

**લહેર૦**—નારે ના, એ તો મેં ધાર્યું છે કે મ્હૈસુરનો તમ્મણ્ણાપ્પા નામનો એક પ્રસિદ્ધ બીન વગાડનાર થોડા દિવસમાં અહિં આવવાનો છે, તેને એ મિજલસમાં બોલાવીશું. ભારે મજા પડશે, બીજું કાંઇ નહિ.

(બન્ને જાય છે.)

## પ્રવેશ ૪ થો.

(**સ્થળ**—વિકૃતબુદ્ધિનું દીવાનખાનું. કાશીના શાસ્ત્રીને વેષે સોમેશ્વર પ્રવેશ કરે છે.)

**સોમે૦**—(દાઢી ઉપર હાથ ફેરવતો) કેટલી લાંબી આ દાઢી? મને લાગે છે કે મારા માથા ઉપર આ ગામઠી પાઘડીનું ચક્કરડું છે એટલે ઠીક છે, નહિ તો આ દાઢીના ભારથી હું વાંકોજ વળી ગયો હોત! મારો બેટો શંખેશ્વર પણ જબરો યુક્તિબાજ! દાઢી અને શાલપાઘડીની કેવી યુક્તિ શોધી કહાડી છે! અત્યારે મને સોમેશ્વર કોઇ કહેશે? હમણાં તો આપણે કાશીના પ્રસિદ્ધ શાસ્ત્રી—પંડિત શાસ્ત્રરત્નાકર, વિદ્વન્મુકુટમણિ સરસ્વતિ કંઠાભરણ વાચસ્પતિ—બન્યા છીએ! જેવા તેવા સાધારણ શાસ્ત્રીબુવા નથી! (શંખેશ્વર અને મગન મહેતો આવે છે.)

**શંખે૦**—શાસ્ત્રી મહારાજ ને માસ્તર સાહેબ! તમારે પોતપોતાનું કામ ઠરાવ્યા પ્રમાણે એવી કુશળતાથી બજાવવું કે બસ. તમારો બન્નેનો પહેરવેશ ને ડોળ એવો બદલાઇ ગયો છે કે તમે પોતે પણ દર્પણમાં જુઓ તો તમને ઘડીભર ન ઓળખો. વિવાદ કરતાં કાંઇ ભૂલ કે ગરબડ થઇ જાય તો જરા પણ ન અચકાતાં તમારે માણેકચોકના કાપડીયાની પેઠે મોટેથી ગળું ચાલતુંજ રાખવું. કરપલ્લવી કરવાનું ને શાસ્ત્રની ભાષા ભૂલતા નહિ. શરૂઆતમાં ચહેરો ગંભીર રાખવો; છેવટે મારામારી ઉપર આવ્યાનો ડોળ કરવો પડે તો તે પણ કરવો. વાદ ચાલતી વખતે ડોસો ગરબડ સરબડ કરશે તો હું છુંજ; તેની તમારે બીલકુલ ફીકર રાખવી નહિ. તમારાં નવીન ધારણ કરેલાં નામ ભૂલશો નહિ. જોઇએ તો મનમાં ગોખી રાખો

થોડીવાર. જશવંતરાય વિકૃતબુદ્ધિને તેડીને હવે આવતોજ હશે. ( પડદા તરફ જોઈ. ) આ આવ્યા બેઉ. ગંભીર થઈને બેસો. ( વિકૃતબુદ્ધિ અને જશવંતરાય આવે છે. )

**વિકૃત૦**—આજ કે એ શાસ્ત્રીઓ ?

**શંખે૦**—હા. તેમને નમસ્કાર કરો.

**વિકૃત૦**—શું ? નમસ્કાર કરૂં ? હું એવા નમસ્કાર બમસ્કારમાં નકામો વખત કાઢું તેવો નથી, સમજ્યા કે ? કોઈ માણસ આવે તેને 'આવો-પધારો-બેસો-બિરાજો-સારૂં કર્યું' એવા લુખા અને બતાવવાના વિવેકનો પ્રચાર જે ડાહ્યાઓએ કર્યો હોય તેજ ભલે વિવેકી ગણાય. આપણે અન્તઃકરણથી જેને ધિક્કારતા કે તુચ્છકારતા હોઇએ તે માણસ આપણે ઘેર આવે તો તેને પણ 'આપના પધારવાથી હું બહુ ખુશી થયો,' એવું એવું કહેવાનું દાંભિકપણું ને જૂઠાણું શીખવનારો આ રિવાજ શા માટે જોઇએ? જૂઠાણાનું શિક્ષણ આપનારા આ રિવાજને આપણે તો સદંતર બાજુએજ મૂકવાના. આપણે ભારે દુઃખમાં કે ચિંતામાં હોઇએ ને રસ્તામાં કોઈ ઓળખીતો માણસ મળે તો હસીને દાંત બતાવવાજ જોઇએ ! આ હસતી-દંતી પદ્ધતિ મને તો જુલમી ને જંગલી લાગે છે. લાગ મળે તો જેનું કાટલું કરવાના ઘાટ મનમાં ઘડાતા હોય તે માણસને મોઢેથી 'મિત્ર' તરિકે ઓળખાવવો, વગેરે પાશ્ચાત્ય પદ્ધતિ શું પ્રામાણિક છે?

**શંખે૦**—તમારૂં કહેવું રાસ્ત છે. હશે. હવે આપણે આપણા કામની-જ શરૂઆત કરીએ. ( સોમેશ્વરને બતાવી ) આ કાશીના મહા વિદ્વાન્ શાસ્ત્રી; તેમનું નામ પંડિત શાસ્ત્રરત્નાકર વિદ્વન્મુકુટમણિ સરસ્વતી કંઠાભરણ વાચસ્પતિ છે.

**વિકૃત૦**—કાશીના શાસ્ત્રીનું નામ પણ કાશીનુંજ જણાય છે ! એમનું આખું નામ આડું લખ્યું હોય તો કાશીથી રામેશ્વર સુધી પહોંચે તેવું જબરૂં છે ! આ બીજા શાસ્ત્રી કયાંના છે? તેમને મેં કયાંક જોયા હોય એવો ભાસ થાય છે.

**સોમે૦**—( સ્વગત ) મને ભય હતો કે મારો બેટો ઓળખશે; પણ સારૂં થયું કે ન ઓળખ્યો.

**શંખે૦**—એ પહેલાં એક વખત અહીં પધાર્યા હતા. થોડાંક વર્ષ ઉપર ઘાંચીનો કેસ થયો હતો તે આપના જાણવામાં હશેજ. એક ઘાંચીએ

છેતરીને એક બ્રાહ્મણને પોતાના હાથની રસોઈ જમાડી. તેથી અહીંની ચોરાશી ન્યાતે એ બ્રાહ્મણને ચોરાશી બહાર મૂકી ઘાંચીનો ભારે દંડ કર્યો હતો. ઘાંચી દંડ ન આપતાં પોતાના બચાવમાં કહેતો હતો કે, હું હમેશાં જે પાણી ભેળવેલું દૂધ સર્વે બ્રાહ્મણોને આપું છું તેજ પાણીવડે રાંધેલી રસોઈ જમવાને હરકત શી? દૂધનાં ચોપડાં કે પુરી કરવી હોય ત્યારે અર્ધોઅર્ધ પાણી ભેળવેલું એ જંઇનું શેરવાળું દૂધ ખપે ને તેજ પાણીથી રાંધેલી રસોઈ ન ખપે એ ક્યાંનો ન્યાય? આ તકરાર ઠેઠ રાજરાજેશ્વર મહારાજ સુધી ગઈ. તેમણે બન્ને બાજુનું સાંભળી લઈ, નિર્ણય કરવા માટે આ શાસ્ત્રીમહારાજને મોકલ્યા હતા. તે પ્રસંગે તેમને આપે જોયા હશે. તેઓ કુરૂક્ષેત્રની પાઠશાળાના મુખ્ય ગુરૂ છે. તેમનું નામ અભિમાનાનંદ શર્મા છે. તેમને શાસ્ત્રપારંગતતા બદલ હમણાંજ 'ધર્મશાસ્ત્ર સહસ્ત્રરશ્મિ'ની ઐચ્છિક પદવી મળી છે.

**વિકૃત૦**—ઠીક.

**શંખે૦**—શાસ્ત્રીજી, જે કાર્ય વિષનો શાસ્ત્રાર્થ પૂછવા આપને બોલાવ્યા છે તેની સવિસ્તર હકીકત મેં આપને પહેલાં જણાવીજ છે, એટલે તેનું પિષ્ટપેષણ કરવાની કશી આવશ્યકતા હું ધારતો નથી. જે ગૃહસ્થને આપની સલાહ લેવાની છે તે આ વિકૃતબુદ્ધિજી પોતે. માટે હવે કરો શરૂઆત.

**બીજા શાસ્ત્રી**—શાસ્ત્રીજી, આપ થયા કાશીના પંડિત એટલે શાસ્ત્રજ્ઞમાં આપની પ્રથમ પંક્તિ ગણાય, માટે આપજ શ્રીહરિનું સ્મરણ કરીને કરો શરૂઆત.

**પહેલા શાસ્ત્રી**—ના, ના! શાસ્ત્રજ્ઞમાં મને પ્રથમ પંક્તિ આપી આપ જે અર્થે મારી સ્તુતિ કરો છો તે અર્થે જે છે તે શાસ્ત્ર પ્રમાણે મારાથી આરંભ નજ કરી શકાય. કારણ શ્રુતિનું વાક્ય છે કે, "**अनारंभो हि कार्याणां प्रथमं बुद्धिलक्षणम्।**" માટે જે છે તે આપજ આરંભ કરો.

**બી૦ શા૦**—શાસ્ત્રમાં એમ કહેલું હોય તોપણ પ્રથમ પંક્તિનું માન હમેશાં શ્રી કાશીક્ષેત્રનેજ આપવાનો પરિપાઠ અનાદિ છે, એ પ્રમાણે આપેજ આરંભ કરવો ઘટે છે. કહ્યુંજ છે કે "**शास्त्राद्रूढिर्बलीयसी।**"

**વિકૃત૦**—શાસ્ત્રી મહારાજો, માત્ર શરૂઆત માટેજ આમ વાદે ચડશો નહિ. આપને જે કાંઈ ખુલાસો આપવાનો હોય તે બહુ ટુંકામાં ને જલદી આપો. આપના શબ્દચ્છલ, વિતંડવાદ અને શાસ્ત્રનાં વચનોની મારામારી મારે સાંભળવાં નથી. મારા બાપે મને નાનપણથી એવું શીખવ્યું છે કે

માણસે પોતાની બુદ્ધિ અને વખત હમેશાં મહત્વના કામમાંજ ખર્ચવાં; શુષ્ક વાદ અને બડબડાટનો આશ્રય કદી કરવો નહિ. ટૂંકામાં કહું તો મનુષ્યની વૃત્તિ શાન્ત અને ગંભીર જોઇએ, અને સ્વભાવ ગડબડીઓ કે બડબડીઓ ન જોઇએ. તેથીજ મારા સ્વભાવને મેં છેક શાન્ત કરી દીધો છે, ને એટલાજ માટે હું કથા, વાર્તા, સભા, વ્યાખ્યાન, કચેરી કે દેવાલયની સામું પણ જોતો નથી. એ હું સમજતો નથી કે મને ગમતાં નથી એમ નથી; પરંતુ વાચાળ કથાભટ, રાગડા તાણનાર પુરાણી, બડબડીઆ વકીલ, એવાની ઉપર મને અત્યંત તુચ્છકાર આવ્યો છે. હું તેમના પડછાયે પણ ઉભો રહેતો નથી. તેમ છતાં કમનસીબે અને મારી મૂર્ખતાથી જે ધખધખારો અને ગડબડાટ મને બીલકુલ ગમતાં નથી તેમાંજ હું હમણાં ઘેરાઈ ગયો છું. એ સંબંધી સર્વ સાચી હકીકત આપે જાણીજ છે. આ ત્રાસમાંથી છુટવાનો કાંઈક શાસ્ત્રવિહિત ઉપાય પુછવા સારૂજ આપને અહીં પધરવાની તસ્દી આપી છે. કાલનો આખો દિવસ ને રાત મારા કેવા હલહવાલ થયા છે તેની કલ્પના પણ આપને નહિ થાય; તે તો હું જ જાણું છું. મારૂં આ ઘર જાણે શુક્રવારનો બજાર ભરાયો હોય કે ગેલા વાઘરીની નાત મળી હોય એવું થઈ ગયું છે. જાણે હું મુંબઈની શાકમાર્કીટમાં, મીલમાં કે કારખાનામાં રહેતો હોઉં એમ મને લાગે છે. શાન્તિનું નામ ન મળે!

શંખે૦—(કાશીના શાસ્ત્રીને) શાસ્ત્રીબુવા, આપજ કરો શ્રીગણેશાયનમઃ.

પ૦ શા૦—બહુ સારૂં.

બી૦ શા૦—એ જ યોગ્ય.

પ૦ શા૦—તમારો પ્રશ્ન એ છે કે, જે છે તે 'ઘટસ્ફોટ' કરવા માટે શાસ્ત્રમાં કયાં કયાં કારણો કહ્યાં છે. ત્યારે જે છે તે પહેલાં 'ઘટસ્ફોટ' શબ્દનો અર્થ અને તેની વ્યાપ્તિ એ લક્ષમાં લેવાં જોઇએ. **ઘટ** એટલે જે છે તે કુંભ. કારણ—

વિકૃત૦—શાસ્ત્રીબુવા, મહેરબાની કરીને વિનાકારણ શબ્દોને છણી છોતરાં કાઢશો નહિ. મુખ્ય મુદ્દા ઉપરજ બોલો.

પ૦ શા૦—વારૂ. અમારે શું? જે છે તે માનવધર્મશાસ્ત્ર પ્રમાણે અથવા ધર્મસિંધુ પ્રમાણે જોઇએ તો ઘટસ્ફોટ માટેનાં કારણો બહુ જ થોડાં છે. કહ્યું છે કે, "**घटस्फोटो हि नारीणां क्रियते पुरुषकुंजरैः।**" એટલે જે છે તે પુરુષે સ્ત્રીનો ઘટસ્ફોટ કરવો, તેનાં કારણ—

વિકૃત૦—અહો, સંસ્કૃત શ્લોકનો અર્થ સમજાયો, તેનો વળી ગુજરાતીમાં વિવિધજ્ઞાનવિસ્તાર શા માટે કરો છો ?

બી૦ શા૦—એટલો અર્થ સ્પષ્ટ કરવાની આવશ્યકતા તો શાસ્ત્રાર્થમાં છેજ. તે વગર અર્થાપત્તિ એટલે અર્થ સમજવાની મુશ્કેલી આવી પડે.

વિકૃત—હું !

શંખે૦—વિકૃતબુદ્ધિજી, એમનો વાદ ચાલવા દો. તમે જરા એમને બોલવાની છુટી આપો. એમ નહિ કરો તો પછી ખરો નિર્ણય શી રીતે થઈ શકશે ? હં, શાસ્ત્રીજી, ચાલવા દ્યો આપનાં કારણ.

પ૦ શા૦—ઠીક છે. જે છે તે કારણો જોઇએ તો "अनृतं साहसं माया." अनृतम्—

બી૦ શા૦—अनृतम् એટલે ખોટું. પ્રથમ એક કન્યા બતાવી બીજીને પરણાવે તે. અથવા સાચું ખોટું સમજાવવાથી જુદીજ કન્યા સાથે વિવાહ થાય તે.

પ૦ શા૦—साहसम्

બી૦ શા૦—सा એટલે તે, અને हसम् એટલે હસનારી, અર્થાત્ તે બહુ હસનારી હોય.

પ૦ શા૦—माया

બી૦ શા૦—मायाનો અર્થ અહીં એવો લેવાનો છે કે કન્યાની પોતાના પતિ ઉપર માયા એટલે પ્રીતિ ન હોય પણ પિયેરીયાં ઉપર હોય.

વિકૃત૦—આ બધાં કારણ શાસ્ત્રવિહિત છે કે ? પણ મહેરબાની કરીને તમે બન્ને સાથે બોલશો નહિ. એકેક બોલતા જાઓ તો ઠીક.

પ૦ શા૦—જે છે તે "कारणेभ्यो हि एतेभ्यो घटस्फोटो विधियते।"

બી૦ શા૦—તદ્દન બરાબર છે.

પ૦ શા૦—વ્યવહારમયૂખના કહેવા પ્રમાણે જે છે તે જોઇએ તો શૂદ્ર સ્ત્રી અથવા દાસી સાથે વિવાહ થયો હોય તો જે છે તે પતિ તે દાસીનો ઘટસ્ફોટ કરી શકે છે.

બી૦ શા૦—આપનું આ કહેવું તદ્દન ભૂલભરેલું છે, કારણ તેમ

હોય તો પતિના ઘેર દાસીએ રહેવું, એવી સમ્મતિ શાસ્ત્ર કેમ આપે ? વામનસ્મૃતિમાં "पतिकुले तव दास्यमपि क्षमम्" એવું ચોખ્ખું વચન છે. વાંધો માત્ર એટલોજ છે કે આ પ્રાંતમાં વ્યવહારમયૂખ મનુ જેટલો પ્રમાણગ્રન્થ મનાતો નથી.

વિકૃત૦—(સ્વગત) આ વાદ તો સળગી ઉઠયો ને ભડકો થયો!

પ૦ શા૦—વ્યવહારમયૂખને ઘડીભર કોરાણે રાખીએ તોપણ જે છે તે વિજ્ઞાનેશ્વર, યાજ્ઞવલ્કય, પારાશર, ભવભૂતિ, શૂદ્રક, એ સ્મૃતિકારોને તો આપ પ્રમાણ માનો છો કે નહિ ? નીલકંઠે જે છે તે પોતાના ષટ્દર્શન ચિંતનિકામાં ઘટસ્ફોટ સાત કારણોથી થઈ શકે એમ સ્પષ્ટ કહેલું છે. તે જે છે તે ઘડઘડીત કહે છે કે, सुरापी व्याधिता धूर्ता वंध्याऽर्थघ्न्यप्रियंवदा । स्त्रीप्रसूश्चाधिवेत्तव्या पुरुषद्वेषिणी तथा ॥ अधिवेदनं नाम भार्यांतरकरणम् ।—

બી૦ શા૦—અહો, પણ એ બધાં કારણો કલિવર્જ્ય છે. આ વચન કલિમાં બીલકુલ લાગુ પડતું નથી.

વિકૃત૦—(સ્વગત) મને લાગે છે કે પહેલાં તો આ બન્નેને કલિની અસર થઈ છે ને તે મંથરા પેઠે એમના શરીરમાં સંચાર કરવા લાગ્યો છે! (પ્રકાશ) શાસ્ત્રીબુવા, તમારૂં આ બધું મને તો ફોતરાં ખાંડવા જેવું લાગે છે. તમારા વાદમાં રસની નિષ્પત્તિ તો બીલકુલ થતી નથી.

શંખે૦—વિકૃતબુદ્ધિજી, તેમને જરા વાદ ચાલવા દો. તે વગર ખરો શાસ્ત્રાર્થ શી રીતે જણાશે ? કહ્યું છે કે "वादे वादे जायते तत्त्वबोधः ।"

પ૦ શા૦—આપ કહો છો તે પ્રમાણે એ બાબતો જે છે તે કલિવર્જ્યમાં આવતી નથી. એ વચન નીચે મલ્લિનાથે સ્પષ્ટ ટીકા લખી છે કે "न चैवं घटस्फोट विधिः कलौ व्यर्थ इतिवाच्यम् ।"

વિકૃત૦—શાસ્ત્રીજી, એ મુદ્દા માટે આ પ્રમાણે લડશો નહિ. તેને પડતો મુકો.

પ૦ શા૦—ઠીક છે, આગળ ચાલો. જે છે તે "समान कुलगोत्राणां विवाहो नैव युज्यते । कृतश्चैव कलौ अस्मिन् घटस्फोटेनवार्यते ॥" એટલે સ્ત્રી અને પુરુષ, સમજાયું કે ? સ્ત્રી અને પુરુષ એકજ

ગોત્રમાંનાં અથવા કુટુંબમાંનાં હોય તો જે છે તે વિવાહ ખુશીથી ફોક કરાય.

શંખે૦—વિકૃતબુદ્ધિજી, તમે પતિપત્ની સગોત્ર, સપિંડ, વગેરે કાંઈ છો ?

વિકૃત૦—અમે સગોત્ર નથી,સપિંડ નથી,હસ્પિંડ નથી કે સસ્પિંડ પણ નથી.

પ૦ શા૦—આ વચન ઉપર કુમારિલભટ્ટે જે છે તે એક ચતુઃસૂત્રી કરેલી છે. તેમાં તેમણે કહ્યું છે કે, પતિપત્ની પરણતાં પહેલાં મનનાં માનેલાં ભાઈ બહેન હોય તોપણ જે છે તે તે લગ્ન ફોક કરવાને યોગ્ય છે.

બી૦ શા૦—આપનું આ કહેવું છેકજ ભૂલભરેલું છે. કારણ, એમ જોવા જઇએ તો તો આ જગતમાં આપણે બધાં ભાઈ બહેન છીએ. કહ્યું છે કે "उदार चरितानां तु वसुधैव कुटुम्बकम्" ।

વિકૃત૦—અહો, આ તમારૂં પુરૂં થશે ક્યારે? આ તો હનુમાનજીની પૂંછડી પેઠે લાંબું ને લાંબું જ થતું જાય છે.

શંખે૦—વાદની ખરેખરી શરૂઆતજ હવે થઈ છે. હં, ચાલવા દો આગળ. વિકૃતબુદ્ધિજી, જરા દમ તો ખાઓ. તમારે હમેશાં ઉતાવળજ. પરણતાંએ ઉતાવળ ને તે ફોક કરતાંએ ઉતાવળ ! એ શું ?

પ૦ શા૦—બીજું એક કારણ જે છે તે એવું છે કે ઇચ્છા વિરુદ્ધ -બળજોરીથી લગ્ન થયાં હોય તો—

વિકૃત૦—નારે ના, એવું બીલકુલ નથી. મેં મારી ખુશીથી લગ્ન કર્યાં છે !

પ૦ શા૦—પહેલાં બીજી કોઈ કન્યા સાથે જે છે તે વાગ્નિશ્ચય થયો હોય તો—

વિકૃત૦—એમ પણ નથી. (સ્વગત) આમનાં આ કારણોમાં તો એકે બેસતું આવે એમ નથી લાગતું.

પ૦ શા૦—ઠીક તે રહ્યું. બીજું-"नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ । पंचस्वापत्सुनारीणां पतिरन्यो विधीयते" ॥ આ પાંચ કારણથી જે છે તે પહેલા પતિને છોડી બીજા પુરુષ સાથે પરણવાનો સ્ત્રીને શાસ્ત્રે અધિકાર આપ્યો છે.

બી૦ શા૦—આ સ્થળે આપ **पति** શબ્દનો અર્થ છેકજ વિચિત્ર કરો છો. આમાં **पति** એટલે વર સમજવાનો નથી. "पतिस्तु पालको

ज्ञेयः" એવું હલધરે વાર્તિકમાં કહેલું છે. પતિ એટલે સ્ત્રીનું પાલન કરનાર, રક્ષણ કરનાર, એટલુંજ. "पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने" વગેરે સ્મૃતિવચનો ઉપરથી મારોજ અર્થ સાચો ઠરે છે.

પ૦ શા૦—જો છે તે "नष्टे मृते प्रव्राजिते"માંનો આગળ પાછળનો સંદર્ભ વગેરે કાંઈ ધ્યાનમાં લેશો કે નહિ? કે માત્ર पति શબ્દના અર્થ માટેજ જો છે તે અમસ્તો વિતંડવાદ કરશો? સંદર્ભ ઉપરથી पति એટલે વર એવોજ અર્થ સ્પષ્ટ જણાય છે.

શંખે૦—(બીજી તરફ જોઈ) વાદ રંગમાં આવ્યો ખરો!

વિકૃત૦—(સ્વગત) હવે આ કયારે પતશે કોણ જાણે! જાણે સામસામા આખલા લડવા મંડયા!

બી૦ શા૦—હું આપને બીજું પ્રમાણ આપું છું. હુ એમ પૂછું છું કે રૂદ્રમાં શંકરને "स्तेनानां पतये नमः" એમ કહેલું છે, ત્યાં શંકર સ્તેનોના એટલે ચોરોના વર હતા, એમ આપનું કહેવું છે?

પ૦ શા૦—ત્યારે જો છે તે 'स्तेनानां पतिः' એટલે શંકર ધાડપાડુઓના પાલક, આગેવાન એમ આપ કહેશો કે શું? એ અર્થ તદ્દન મૂર્ખતા ભરેલો છે.

બી૦ શા૦—મૂર્ખ કોને કહો છો? તમારો અર્થ શત મૂર્ખતાભરેલો છે!

(એક બીજા મારામારી ઉપર આવે છે.)

વિકૃત૦—આ તો છેવટે મારામારી ઉપર આવ્યા! આમની લડાઇમાં વચ્ચે મારી ખરાબી થવાની. અહો શાસ્ત્રીજી, હું જરા અંદર જઈ આવું છું. તમે વાદ પુરો કરી નિર્ણય ઉપર આવો એટલામાં તો હું આ આવ્યો.

શંખે૦—વાહ! તમે અહીં ન હો તો પછી બીજાનું શું કામ છે? શાસ્ત્રાર્થ અમારે થોડોજ જોઇએ છે!

વિકૃત૦—આમણે શાસ્ત્રાર્થને પડતો મુકી શસ્ત્ર ધારણ કર્યાં ત્યારે મારે અહીં રહીને શું કરવું?

બી૦ શા૦—ઠીક, તમારો અર્થ ક્ષણભર માન્ય રાખીએ તો શું ઠરે છે?

પ૦ શા૦— 'नष्टे मृते' એનું એકાદું કારણ જો છે તે વિકૃત-બુદ્ધિને લાગુ પડે તો તેમની સ્ત્રી બીજો પતિ કરવાને અધિકારી થાય

વિકૃત—કંઈક બેસતું આવે એવું લાગે તો છે.

બી૦ શા૦—વારૂ.

શંખે૦—ત્યારે આ નિર્ણય થયો કબૂલ ?

બી૦ શા૦—હા. શાસ્ત્રીબુવાનું કહેતું છેક નિરાધાર નથી. મેં માત્ર બીજી બાજુ આગળ ધરી હતી. બાકી 'પતિ' નો અર્થ વર પણ થાય છે. વિકૃતબુદ્ધિજી, બોલો ત્યારે તમે હવે સંન્યાસ લ્યો છો કે ધર્માન્તર કરો છો ?

વિકૃત૦—સંન્યાસ લઇને શું કરૂં ? સંન્યાસ લેવા કરતાં ધર્માન્તર કરવું શું ખોટું ? હું મુસલમાન થાઉં છું. શાસ્ત્રીબુવા, તમારીજ દાઢી મને આપો ને એટલે હમણાંજ બની જાઉં દાઢીદીક્ષિત !

પ૦ શા૦—( સ્વગત ) મારા બેટાએ મારી બનાવટી દાઢી કેવી ઓળખી કાઢી ?

શંખે૦—પણ તમે નામ શું રાખશો ?

વિકૃત૦—જે ગમે તે. 'હુસેનભટ' રહેશે તોયે શું ?

શંખે૦—ધર્માન્તર કર્યા બદલ સરકારી દફતરમાં નોંધાવવું પડશે. આજના કાયદા પ્રમાણે રજીસ્ટર્ડ કરાવ્યા વગરનું બધું ખોટું ઠરે છે.

વિકૃત૦—તેમાં શું હરકત છે ? આપણે કચેરીમાં નોંધાવી દઇએ.

શંખે૦—ઠીક ચાલો ત્યારે. શાસ્ત્રીજી, આપ હમણાં પધારો. અમે કચેરીમાં જઈ આવીએ. ( સર્વે જાય છે. )

## પ્રવેશ ૫ મો.

( સ્થળ—વિકૃતબુદ્ધિનું ઘર. પાત્રો–જશવંતરાય, લહેરચંદ, જન્મશંકર ને ગંગારામ. )

જશ૦—તમારી બધાની મદદ છે તોજ મારૂં આ કામ પાર પડશે. મારી ઉપર તમારો સૌનો ઘણોજ ઉપકાર થયો છે.

જન્મ૦—ભાઈ, જો માનો તો, ખરો ઉપકાર તો શંખેશ્વરનો અને આ ગંગારામનો તમારે માનવાનો છે. એ બે ન હોય તો તમારૂં આ કામ ફતેહ થાય નહિ.

જશ૦—તમારૂં કહેવું બરાબર છે; પણ કહ્યું છે જ કે 'ઝાઝા હાથ રળિયામણા.'

ગંગા૦—(પડદા સામું જોઇ) શંખેશ્વર ને વિકૃતબુદ્ધિ આ આવ્યા ! હું અંદર જાઉં છું.

જશ૦—જન્મશંકર, ડોસાને આવતાંવેંત એવો ઉધડો લેવો કે નરમઘેંશ જ થઇ જાય. ( ગંગારામ જાય છે. ) શંખેશ્વર તેને કચેરીમાં લઈ ગયો હતો એટલે સારી પેઠે નરમ તો થયો હશેજ ! ( વિકૃતબુદ્ધિ તથા શંખેશ્વર પ્રવેશ કરે છે. )

જન્મ૦—( ક્રોધાયમાન ચહેરો કરી ) અહો વિકૃતબુદ્ધિજી, તમે આ શી ધાંધલ કરવા માંડી છે ? કાલ પરણ્યા ને આજ છુટાછેડાની તૈયારી ? આ માણસની રીત કહેવાય ? કોળી વાઘરી જેવી નાતરીયા નાતમાં પણ આવું કોઈ કરતું નથી. ખરેખર, નામ પ્રમાણે તમારી બુદ્ધિજ ફરી ગઈ લાગે છે. પરણ્યાતા શું કરવા ? ઝખ મારવા ? તે વખતે અક્કલ ઘરેણે મુકીતી કે શું ? ( સોમેશ્વર કાશીના શાસ્ત્રીના વેશમાં પ્રવેશ કરે છે. તેની તરફ જોઈ ) અને તમે 'નવરા નખ્ખોદીઆ' જેવા કોણ છો ? તમારામાં માણસાઈનો અંશ છે કે નહિ ? જો હોય તો તમારે ધણીધણીઆણી વચ્ચે વૈમનસ્ય કરાવવાના દુષ્ટ કામમાં જરા પણ મદદ કરવી ન જોઇએ. ધર્માધર્મનો વિચાર ન કરતાં માત્ર પૈસાના દાસ થઈ ગરીબનાં ગળાં કાપશો તો પરમેશ્વરને જવાબ આપવો ભારે થઇ પડશે. આ ડોસલાએ ગરીબ બિચારી છોકરીનો ભવ બગાડવાનો ઘાટ ઘડયો છે, ને એ ઘોર પાપના કામમાં તમે મદદ કરો છો કેમ ? ધિક્કાર છે તમને ને તમારા જીવતરને !

વિકૃત૦—અરે ! આ કડકડતી વીજળી કયાંથી તુટી પડી વળી ?

લહેર૦—જુઓ છો શું મિ. જન્મશંકર ? ધક્કા મારીને કાઢો આ લુચ્ચાઓને ઘરની બહાર ! વિકૃતબુદ્ધિનું તો મગજ ચસકી ગયું છે. તેને મોકલી આપો દિલ્લી દરવાજે ગાંડાની ઇસ્પિતાલમાં !

શંખે૦—બોલાવો પોલીસને !

જન્મ૦—પહેલાં તો આ વરરાજાનેજ પકડાવો. પરણતાં બહુ સારૂં લાગતુંતું કેમ ?

વિકૃત૦—થયું ! નશીબ ચારે તરફથી ફરી વળ્યું ! બેચર્યા, અરે બેચર્યા !

જશ૦—ગૃહસ્થો, જરા મારી ખાતર શાન્ત થાઓ.

લહેર૦—વારૂ, મિ. જશવંતરાય શું કહે છે તે સાંભળો.

શંખે૦—વિકૃતબુદ્ધિજી, જે હોય તે તમેજ ટુંકામાં કહી દોને એટલે પતી જાય.

વિકૃત૦—હું શું કહું મારૂં કપાળ? મારા આ ભત્રીજાને પાયમાલ કરવાના ઇરાદાથી, ખરેખર મને ગમતું ન હોવા છતાં, વિવાહના વરઘોડામાં પડી મેં આ કર્કશા વ્હોરી—

જન્મ૦—હં, મોઢું સંભાળીને બોલો. વધારે ઓછું બોલશો તો ભારે થઈ પડશે. કર્કશા કોને કહો છો? તેની પરીક્ષા કરી ત્યારે તમારી બુદ્ધિ ગામ ગઇતી કે શું?

લહેર૦—પોતાની મૂર્ખતા માટે બીજા ઉપર આળ મૂકતાં તમને શરમે નથી આવતી?

શંખે૦—સાંભળો, સાંભળો. તેમને આગળ બોલવા તો દો.

વિકૃત૦—પણ હવે હું તે માટે પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગવા તૈયાર છું. શાસ્ત્રીઓએ એવો શાસ્ત્રાર્થ કાઢયો છે કે હું ધર્માન્તર કરૂં તો મારી સ્ત્રીને બીજે પરણવાની બાધ રહે નહિ એમ થવાથી હું સંકટમાંથી છુટું છું ને તેને તલભાર પણ નુકસાન નથી. 'એક પંથે બે કામ' પાર પડે છે.

જન્મ૦—તમે મુસલમાન કે ખ્રિસ્તી થશો તોપણ ગંગાને શી હરકત છે? તે પણ તમારી સાથે મુસલમાન કે ખ્રિસ્તી થશે. તમે એઠા તેનાથી નાતરૂં કરાય? તમારી સાથે અમારૂં પણ કૂળ બોળાવવું ધાર્યું છે કે શું?

વિકૃત—અરે! આ શું નીકળ્યું ઈદંતૃતીયં! અહો શાસ્ત્રીબુવા, તે મને નથી છોડતી તેનું શું? શાસ્ત્રમાંથી બીજો કાંઇ માર્ગ નીકળે છે?

શંખે૦—કેમ શાસ્ત્રીજી, સ્ત્રી સમત્તિ ન આપે તો ઘટસ્ફોટ યથાવિધિ થાય કે? રજીસ્ટારના કાયદાશાસ્ત્ર પ્રમાણે તો બન્નેની સમત્તિ જોઇએ, અને તેટલા માટે ગંગારામને–અરે ભૂલ્યો, સાળી હાડકા વગરની જીભ કાંઈ ઝાલી રહે છે?–ગંગાને સાથે તેડી લાવવાનું તેમણે કહ્યું છે. તમારૂં શું કહે છે?

વિકૃત૦—(સ્વગત) હવે આપણું કાંઇ ચાલે તેમ લાગતું નથી!

નશીબ એ ડગલાં આગળનું આગળ જ રહે છે. ( પ્રકાશ ) મારી સાથે તે બિચારીનેય શું કામ વટલાવો છો ?

જન્મ૦—તમે વટલાઓ તો ગંગા પણ વટલાય તેમાં શું નવાઈ ? સ્ત્રી પતિની છાયારૂપ ગણાય છે. પતિનો ધર્મ તે સ્ત્રીનો ધર્મ. આપણા શાસ્ત્રકારો પણ એમજ કહી ગયા છે. કેમ શાસ્ત્રી બોલતા નથી ? જીભ ઘેર મુકીને તો આવ્યા નથી ને ?

વિકૃત૦—(સ્વગત) હવે શું કરવું ? આ તો ખરેખરીજ પંચાત થઇ પડી ! (પ્રકાશ) જશવંતરાય, આ સૌને તું જરા સમજાવે તો ઠીક.

જશ૦—( સૌને ) મહેરબાની કરીને તમે સૌ હમણાં થોડીવાર બહાર જાઓ. આ બધી બાબતનો સમાધાનકારક નિર્ણય હું મારા કાકાની સલાહ પ્રમાણે કરીને તમને જણાવું છું. મારી ખાતર ઘડીભર તમે બહાર જાઓ, અને મને તેમની સાથે એકાંતમાં વાત કરવા દો.

જન્મ૦—તમારી ખાતર અમે થોડીવાર બહાર એસીએ છીએ. પરંતુ નિકાલ જલદી થવો જોઇએ. તેમ નહિ થાય તો પોલીસને બોલાવીએ એટલીજ વાર છે ! ( સૌ બહાર જાય છે. )

જશ૦—કાકા !—

વિકૃત૦—હવે મારી સાથે કોઇ એક અક્ષર પણ બોલશો નહિ. મને સ્વસ્થ મરવા દો એટલે બસ !

જશ૦—કાકા, આમ શું વિલક્ષણ બોલો છો ? આટલા દિવસ તમે મારા વિષે ગમે તે ખરાબ ધારતા ને બોલતા હતા, પણ મારો તમારી ઉપર કેટલો પ્રેમ છે તે હમણાંજ તમને જણાશે. તમને સતાવવાના ઇરાદાથી હું આ બોલતો નથી, પણ આ ઘડીએજ પેલી બહુ બોલકણી બાઈડીના જાચમાંથી તમને છોડાવું તો ?

વિકૃત૦—તે કેવી રીતે બને ?

જશ૦—તે ગમે તેમ, પણ હું આ ઘડીથીજ તમને તે ત્રાસમાંથી સદંતર છુટા કરાવું તો મને શું આપશો ?

વિકૃત૦—તું જે માગે તે.

જશ૦—પણ, તમારો મારી ઉપર પૂર્ણ પ્રેમ રહેશે ?

વિકૃત૦—અરે પ્રેમ શું ? આ વખતે તું જોઇએ તે માગ. મારી બધી દોલત તારીજ છે. તું માલીક ને હું તારો નોકર. પછી કાંઈ ?

જશ૦—કાકા, કાકા, એમ ના બોલો. એવું કાંઈ હિસ્તું થાય ? કેટલાક દિવસ થયાં મેં એક દસ્તાવેજ લખાવી રાખ્યો છે ને તેમાં સહી કરવાનું પણ કેટલીક વાર તમને કહ્યું હતું. તે ઉપર સહી કરી આપો એટલે બસ.

વિકૃત—લાવ ક્યાં છે તે દસ્તાવેજ ? હમણાંજ સહી કરી આપું છું. તું માત્ર પુરતો વિચાર કરજે.

શંખે૦—(સ્વગત) મારે શો વિચાર કરવાનો છે ? વિચાર કરીનેજ લખાવ્યો છે. (પ્રકાશ) કાકા, હું તો તમારા પગની રજ છું. ( દસ્તાવેજ ખિસામાંથી કાઢી આગળ ધરે છે ) આ લ્યો. (સ્વગત) વાંચ્યા વગરજ સહી કરે તો સારૂં. વાંચશે તો તો સહી નહિજ કરે.

વિકૃત૦—( સહી કરીને ) લે આ સહી કરી. જોઈએ તો લાવ કોરા કાગળ ઉપર બીજી સહી કરી આપું, એટલો હું કંટાળી ગયો છું.

જશ૦—(દસ્તાવેજ ખિસામાં મુકતાં સ્વગત ) આપણું કામ તો પાર પડ્યું. ( ઈસારો કરી ગંગારામને બોલાવે છે. ) કાકા, જુઓ હવે તમારો છુટકો કરાવું છું. આ મારો મિત્ર ગંગારામ. એ સ્ત્રી નથી પણ તમારા મારા જેવો પુરૂષજ છે. તમારી ખો ભૂલાવવા અને આ દસ્તાવેજ ઉપર સહી કરાવી બધી મીલ્કતનો માલીક થવા સારૂ જ આ યુક્તિ અમે રચી હતી. ગંગારામે પોતાનું કામ કેવું સરસ બજાવ્યું છે એ તમને કહેવાની જરૂર છેજ નહિ. જુઓ, અમારા આ નાટકમાંનાં પાત્રો એક પછી એક આવવા લાગ્યાં. ( સોમેશ્વર આવે છે. ) આ દાઢીવાળા કાશીના શાસ્ત્રીને ઓળખ્યાં ? એ આપના વિશ્વાસુ સોમેશ્વર ભટ્ટ ! મારા મિત્ર શંખેશ્વરને તો તમે સારી રીતે ઓળખોજ છો. ( શંખેશ્વર આવે છે. ) હવે તમે ફાવે ત્યાં જાઓ ને ફાવે તેમ કરો, તમને કોઈ ત્રાસ નહિ આપે.

વિકૃત૦—હવે મારૂં શું રહ્યું છે ? સર્વસ્વ લુંટાયો ! પૈસા ગયા, ઘર ગયું, બાર ગયું, આબરૂ ગઈ–બધું ગયું ! હવે મારે મોઢું શી રીતે બતાવવું ? હવે તો આ ગામ છોડી સાધુ વેરાગી થઈ ક્યાંક જંગલમાં જતા રહેવું. મારા વિક્ષિપ્તપણાનું ફળ મને બરાબર મળ્યું ! કહેવાય છે કે ‘ દાનત તેવી બરકત ’, ‘ ખોદે તેજ પડે. ’ ( જાય છે. )

સોમે૦—જશવંતરાય, અમારૂં ઈનામ આપશો કે અમને પણ વિકૃતબુદ્ધિના જેવુંજ પાણીચું પકડાવવું છે ?

જશ૦—એમ શું બોલો છો? તમારે જોઈએ તે માગી લ્યો. બેચરજી! અર બેચરજી!

બેચર૦—જી! જી!

જશ૦—હું બોલીશ નહિ, જે તે નિશાની વડે જવાબ દે. ઘડીક વારમાં ભુલી ગયો કે? હવે હું કેવો દેખાઉં છું?

શંખે૦—બરાબર ચસકેલ!

જશ૦—ભાઈ, મશ્કરીની વાત જવા દઈ હું કહું તે સાંભળ. આ ગંગારામનો હું અત્યંત આભારી છું. આપણા આ પ્રપંચ નાટકમાં જેમણે જેમણે ભાગ લીધો છે તે સર્વને તેમની યોગ્યતા અને કામગિરી પ્રમાણે ઇનામ આપી ખુશી કરવાનું કામ હું તને સોંપું છું. બેચરજી, લહેરચંદ, જન્મશંકર, મગન મેતો વગેરે બહાર બેઠા છે તેમને બોલાવ. શંખેશ્વર, સોમેશ્વર શાસ્ત્રીની પાઘડી ભૂલીશ નહિ. લહેરચંદ લાલાની સહેલાણી સમાજની મિજબાની, આઇસ્ક્રિમપાર્ટી ને ગાયનનો જલસો—એ પણ થવુંજ જોઇએ! પણ પહેલાં જે જગત્પાલક પ્રભુએ આપણો આ પ્રયોગ પાર પાડવાની આપણને શક્તિ અને બુદ્ધિ આપી તેની પ્રાર્થના કરીએ.

સૌ૦—(સાથે)—

શરણાગતને નિભાવો, પ્રભુ સર્વ દોષ સમાવો!
કૃતિયો ન લક્ષમાં લાવો, પ્રભુ સર્વ દોષ સમાવો.
જગદીશ્વર જગબંધ દયાળા, દુઃખ સંકટથી બચાવો૦— પ્રભુ.
દુષ્ટ વિકારોતણી જાળોમાં, વિભુ નવ અમને ફસાવો૦— પ્રભુ.
સદા સદાચરણમાં અમારી, વૃત્તિ વિશેષ રખાવો૦— પ્રભુ.
અવલંબન આધાર તમારો, સદ્ધર્મ કર્મ કરાવો૦— પ્રભુ.
પ્રતિપાલન પ્રભુ નિત્ય કરો છો, તે ઉપકાર સ્મરાવો૦— પ્રભુ.
કૃપાધના કર ગ્રહીને અમારો, કિલ્વિશ સર્વ હઠાવો.— પ્રભુ.
ભક્તિથકી ભગવંત અમારૂં, ચિત્ત કદી ન ડગાવો૦— પ્રભુ.
ક્ષમા કરી અપરાધ અમારા, ઉત્તમ માર્ગે ચઢાવો૦— પ્રભુ.*

**સમાપ્ત.**

* પ. વા. ભોળાનાથ સારાભાઈ.